સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૪ વર્ષ

દૈનિક મુંબઈ સમાચાર

તરોતાજા પૂર્તિ મંગળવાર, ૫ મે ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69

■ Issue 105 ■ વિક્રમ સંવત ૨૦૮૨ ■ વૈશાખ વદ - ૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR

■ www.bombaysamachar.com ■ 5 May 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20

# બંગાળમાં રામરાજ્ય





▸▸ બંગાળીઓએ તૃણને મૂલમાંથી ઉખેડીને કમળ ખીલવ્યું

▸▸ પ. બંગાળમાં હિંસા-અરાજકતાના રાવણરાજનો અંત

▸▸ આસામમાં એનડીએ ફરી સત્તા પર

▸▸ તમિળનાડુમાં મોટો અપસૅટ

▸▸ સુપરસ્ટાર થલપતિ વિજય દક્ષિણનો કેજરીવાલ બન્યો

▸▸ દ્રવિડ રાજકારણનું વર્ચસ્વ તૂટ્યું, ટીવીકેની સરકાર બનશે

▸▸ કેરલમમાં યુડીએફએ એલડીએફને હરાવ્યું

▸▸ પુડુચેરીમાં પણ એનડીએનો જ દબદબો

કોલકાતાઃ ભાજપે દેશની સ્વતંત્રતા બાદ પશ્ચિમ બંગાળમાં સૌપ્રથમ વાર સત્તા કબજે કરી છે. આસામમાં ભાજપના નેતૃત્વ હેઠળની એનડીએ ફરી સત્તા પર આવી છે. તમિળનાડુમાં અભિનેતામાંથી રાજકારણી બનેલા વિજય અને તેમના પક્ષ 'તમિળગા વેટ્રી કળગમ' (ટીવીકે)એ તમિળનાડુ વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય વિજય મેળવ્યો છે. તેમણે તમિળનાડુમાં પાંચ દાયકાથી ચાલતા બે દ્રવિડ પક્ષના વર્ચસ્વને તોડ્યું હતું. કેરલમમાં કૉંગ્રેસના નેતૃત્વ હેઠળના યુનાઇટેડ ડેમોક્રેટિક ફ્રંટ (યુડીએફ)નો વિજય થયો હતો અને તેણે પિનારાયી વિજયનના નેતૃત્વ હેઠળના લેફ્ટ ડેમોક્રેટિક ફ્રંટ (એલડીએફ)ના દાયકાથી ચાલતા શાસનનો અંત આણ્યો હતો. પુડુચેરીમાં પણ એનડીએનો દબદબો રહ્યો હતો, પરંતુ દ્રમુક, ભાજપ અને ટીવીકે પણ થોડી બેઠકો જીતવામાં સફળ થયા હતા. જોકે સૌથી મોટો આચકો તમિળનાડુમાં હતો જ્યાં પહેલી વાર જ ચૂંટણી લડી રહેલા વિજયે દાયકા પહેલા અરવિંદ કેજરીવાલે કરેલા પરાક્રમ જેવું પરાક્રમ કરીને પહેલી વારમાં જ ચૂંટણી લડીને રાજ્ય જીતી લીધું હતું

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળમાં ભાજપના ભવ્ય વિજયની ખુશી સોશ્યલ મીડિયા 'એક્સ' પર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં કમળ ખીલ્યું છે. પશ્ચિમ બંગાળ વિધાનસભાની ૨૦૨૬ની ચૂંટણી સદાય યાદ રહેશે. કેન્દ્રમાંના ભાજપના સુશાસનનો આ રાજ્યમાં વિજય થયો છે. હું બંગાળના દરેક (જુઓ પાનું ૨) ▸▸

## મમતા ચૂંટણી હાર્યાં, સ્ટાલિન પણ પછડાયા

કોલકાતાઃ પશ્ચિમ બંગાળની ભવાનીપુર વિધાનસભા બેઠક પર રાજકીય ઇતિહાસનો સૌથી મોટો ઊલટફેર જોવા મળ્યો છે. રાજ્યના મુખ્ય પ્રધાન મમતા બેનરજીને આ બેઠક પર હારનો સામનો કરવો પડ્યો છે. ભાજપના ઉમેદવાર સુવેન્દુ અધિકારીએ તેમને ૧૫૧૦૫થી વધુ મતોના અંતરથી પરાજય આપ્યો છે. મતગણતરી દરમિયાન અંતિમ રાઉન્ડ સુધીમાં સુવેન્દુ અધિકારીએ પોતાની પકડ મજબૂત કરી લીધી હતી. ભવાનીપુર બેઠક પર કુલ ૨૦ રાઉન્ડની મતગણતરી પૂર્ણ થયા બાદ સત્તાવાર આંકડાઓ સામે આવ્યા છે. ભાજપના સુવેન્દુ અધિકારીને કુલ ૭૩૯૧૭ મત મળ્યા છે, જ્યારે મમતાના ફાળે ૫૮૮૧૨ મત આવ્યા છે.

બીજી તરફ, તમિળનાડુના મુખ્ય પ્રધાન એમ. કે. સ્ટાલિન તેમના કોલાથુર મતવિસ્તારમાંથી ચૂંટણી હારી ગયા છે. તેઓ તમિળનાડુના વિધાનસભા ચૂંટણી હારનારા ચોથા મુખ્ય પ્રધાન છે. સ્ટાલિન ટીવીકેના ઉમેદવાર વી. એસ. બાબુ સામે ચૂંટણી હારી ગયા છે. વી. એસ. બાબુ એક સમયે ડીએમકે પ્રમુખના નજીકના સહયોગી હતા. તેમણે ડીએમકેના ઉત્તર ચેન્નઇ જિલ્લા સચિવ તરીકે સેવા આપી હતી. તેઓ વર્ષ ૨૦૦૬માં પુરાસાવલકમ મતવિસ્તારમાંથી વિધાનસભા માટે ચૂંટાઇ આવ્યા હતા.

## ગંગોત્રીથી ગંગાસાગર સુધી કમળ જ કમળઃ મોદી

નવી દિલ્હીઃ પશ્ચિમ બંગાળમાં જનતાની શક્તિ અને ભાજપના સુચારુ વહીવટનો વિજય થયો છે, એમ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કહ્યું હતું.

પશ્ચિમ બંગાળમાં પક્ષને મળેલા ઐતિહાસિક વિજય બાદ મોદીએ કહ્યું હતું કે કમળ હવે ગંગોત્રીથી લઈને ગંગાસાગર સુધી ખીલ્યું છે.

મોદીએ તમામ પક્ષને બદલો લેવા નહીં, પરંતુ પરિવર્તન માટે કામ કરવા અને રાજ્યનું ભાવિ ભય પર વિજય મેળવે તેની ખાતરી કરવા જણાવ્યું છે.

પશ્ચિમ બંગાળ, આસામ અને પુડુચેરી વિધાનસભાની ચૂંટણીમાં પક્ષને મળેલા વિજય બાદ પક્ષના વડામથકે કાર્યકર્તાઓને સંબોધન કરતાં તેમણે કહ્યું હતું કે અનેક રીતે આ વિશેષ દિવસ છે અને તે દેશના ઉજ્જવળ ભવિષ્યની (જુઓ પાનું ૨) ▸▸

## બંગાળમાં સીએમ કોણ બનશે?

કોલકાતાઃ પશ્ચિમ બંગાળમાં ભાજપે સરકાર રચવા માટે બહુમતી મેળવી લીધી છે, પરંતુ હવે સવાલ એ છે કે રાજ્યમાં મુખ્ય પ્રધાન કોને બનાવાશે? આ હોદ્દા માટેની સ્પર્ધામાં ભાજપના શુભેન્દુ અધિકારી, દિલીપ ઘોષ, સમીક ભટ્ટાચાર્ય, અગ્નિમિત્રા પૉલ અને રૂપા ગાંગુલી છે.

ભાજપે પશ્ચિમ બંગાળની ચૂંટણીપ્રચાર વખતે કોઇ પણ નેતાને પોતાના ભાવિ મુખ્ય પ્રધાન તરીકે આગળ નહોતો કર્યો.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે રાજ્યના લોકોને આશ્વાસન આપ્યું હતું કે રાજ્યનો નવો મુખ્ય પ્રધાન મૂળ બંગાળનો એટલે કે બંગાળી જ હશે.

રાજ્યની ચૂંટણીના પ્રચારમાં મોદીએ પક્ષની બધી શક્તિ લગાવી દીધી હતી. મોદીએ જ રાજ્યમાં ૨૦થી વધારે ચૂંટણીસભાને સંબોધી હતી. મોદી ચૂંટણીપ્રચાર વખતે બંગાળી (જુઓ પાનું ૨) ▸▸

## 'નોટો'નું નથી કોઇ લેવાલ

નવી દિલ્હીઃ ચૂંટણી પંચના આંકડા અનુસાર પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીના પરિણામો દર્શાવે છે કે 'નોટા-ઉપરમાંથી એકેય નહીં' વિકલ્પને ફરી એકવાર મતદારો તરફથી ખાસ સમર્થન મળ્યું નથી. આસામને બાદ કરતાં નોટા વિકલ્પ ૧ ટકાના આંકને પણ પાર કરી શક્યો નથી.

આસામમાં ૧.૨૯ ટકા મતદારોએ ઇવીએમ પર નોટા બટન દબાવ્યું હતું. ત્યારબાદ પશ્ચિમ બંગાળમાં ૦.૮૧ ટકા મતદારોએ આ વિકલ્પને પસંદ કર્યો હતો. પુડુચેરી ત્રીજા ક્રમે રહ્યું હતું, જ્યાં ૦.૭૩ ટકા મતદારોએ આ વિકલ્પનો ઉપયોગ કર્યો હતો. કેરળમાં ૦.૫૮ ટકા મતદારોએ નોટા બટન દબાવ્યું હતું. ત્યારબાદ તમિલનાડુમાં ૦.૪૧ ટકા મતદારોએ આ વિકલ્પ પસંદ કર્યો હતો.

ચૂંટણી પંચ દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર વર્ષ ૨૦૧૩માં લોન્ચ થયા પછી ઇવીએમમાં નોટા વિકલ્પનો ટકાવારી હિસ્સો ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં સૌથી ઓછો રહ્યો છે. આ વિકલ્પને સૌપ્રથમ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં લાગુ કરવામાં આવ્યો હતો. ઇલેક્ટ્રોનિક વોટિંગ મશીનો પર નોટા વિકલ્પનું એક ખાસ નિશાન હોય છે. એક બેલેટ પેપર પર કાળા રંગનું ક્રોસ બનેલું હોય છે. સપ્ટેમ્બર ૨૦૧૩માં સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ચૂંટણી પંચ દ્વારા ઇવીએમના વોટિંગ પેનલ પર નોટા બટનને છેલ્લા વિકલ્પ તરીકે ઉમેરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે આસામ, પુડુચેરી, તમિળનાડુ, કેરળ અને પશ્ચિમ બંગાળમાં નવી સરકારોની પસંદગી માટે એપ્રિલમાં અલગ-અલગ તારીખે મતદાન થયું હતું. જ્યારે મતગણતરી સોમવારના રોજ થઇ હતી.

## મમતાનાં પતનનાં આ રહ્યાં પાંચ કારણ

### ૧. સનાતની લહેરઃ

આ ચૂંટણીમાં હિન્દુ મતદારોએ ખુલીને ભાજપને મત આપ્યા હતા. ભાજપ શરૂઆતથી જ કહેતો આવ્યો હતો કે સનાતનની રક્ષા માટે હિન્દુ મતદારોએ એકજૂથ થઈને મમતા વિરુદ્ધ મતદાન કરવું પડશે. ભાજપે મમતાની ટીએમસી સરકારને 'હિન્દુ વિરોધી' તરીકે રજૂ કરી અને રાજ્યની હિન્દુ વસ્તીને એવો વિશ્વાસ અપાવવામાં સફળ રહી કે તેમના હિત માત્ર ભાજપ સાથે જ સુરક્ષિત છે. બંગાળમાં ૨૫-૩૦% મુસ્લિમ મતદારો છે, ભાજપે બાકીની વસ્તીનું મજબૂત ધ્રુવીકરણ કર્યું અને તેમના મતો વિભાજિત થવા દીધા નહીં. અન્ય રાજ્યોમાં નોકરી કે મજૂરી કરતા બંગાળના હિન્દુ મતદારોને પણ ભાજપ એ સમજાવવામાં સફળ રહ્યો કે આ ચૂંટણીમાં તેમની ભાગીદારી કેમ (જુઓ પાનું ૨) ▸▸

| પશ્ચિમ બંગાળ (કુલ બેઠકઃ ૨૯૩) |
| --- |
| જીત/આગળ |
| ભાજપ ૨૦૮ |
| તૃણમૂલ ૭૯ |
| કૉંગ્રેસ ૨ |
| ડાબેરી ૨ |
| અન્ય ૨ |

| પુડુચેરી (કુલ બેઠકઃ 30) |
| --- |
| જીત /આગળ |
| ભાજપ+૧૮ |
| કૉંગ્રેસ+૬ |
| અન્ય ૬ |

| કેરલમ (કુલ બેઠકઃ ૧૪૦) |
| --- |
| જીત /આગળ |
| યુડીએફ ૯૯ |
| એલડીએફ ૩૫ |
| ભાજપ ૩ |
| અન્ય ૩ |

| આસામ (કુલ બેઠકઃ ૧૨૬) |
| --- |
| જીત/આગળ |
| ભાજપ ૧૦૨ |
| કૉંગ્રેસ ૨૧ |
| અન્ય ૩ |

| તમિળનાડુ (કુલ બેઠકઃ ૨૩૪) |
| --- |
| જીત/આગળઃ |
| ટીવીકે ૧૦૭ |
| દ્રમુક ૭૪ |
| અન્ના દ્રમુક ૫૩ |

## ટોચના દસ વિજેતા અને પરાજિત

નવી દિલ્હીઃ રાજ્યોની વિધાનસભાની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાંના ટોચના દસ વિજેતા અને પરાજિત નેતાઓની યાદી નીચે મુજબ છેઃ

(૧) વિજયઃ

વિજય અને તેમનો પક્ષ 'તમિલગા વેટ્રી કળગમ' (ટીવીકે)એ તમિળનાડુ વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય વિજય મેળવ્યો છે. તેમણે રાજ્યમાં પાંચ દાયકાથી ચાલતા બે દ્રવિડ પક્ષના વર્ચસ્વને તોડ્યું હતું.

(૨) વડા પ્રધાન મોદી અને અમિત શાહઃ (જુઓ પાનું ૨) ▸▸

## વિજયનો ટીવીકેઃ રાજકીય સ્ટાર્ટ-અપમાંથી યુનિકોર્ન

નવી દિલ્હીઃ એક્ટરમાંથી રાજકારણી બનેલા વિજયના પક્ષ તમિલગા વેત્રી કઝગમ (ટીવીકે) તમિળનાડુમાં સરકાર રચવા ઉજ્જવળ તક ધરાવે છે. આ પક્ષે વિધાનસભાની ચૂંટણીમાં જાજરમાન કારકિર્દી શરૂ કરી છે. એક રાજકીય સ્ટાર્ટઅપ તત્કાળ યુનિકોર્ન (મોટી સફળતા) બન્યું છે. આ પક્ષ આમ આદમી પાર્ટી (આપ), અસોમ ગણ પરિષદ (એજીપી) અને તેલુગુ દેસમ પાર્ટી (ટીડીપી)ના પગલે ચાલ્યો છે. અને ચૂંટણીના પહેલા જ પ્રયાસમાં ભવ્ય સફળતા મેળવી છે. આપે ૨૦૧૩ની ચૂંટણીમાં કૉંગ્રેસના ટેકાથી સરકાર રચી હતી. એજીપીએ આસામ ચળવળ બાદ પક્ષની રચના (જુઓ પાનું ૨) ▸▸

## મમતા, સ્ટાલિનના પરાજયથી ઈન્ડિયા બ્લોકને મોટો ફટકો

નવી દિલ્હીઃ પ્રાદેશિક મહારથી મમતા બેનર્જી તેમની હોમપીચ પશ્ચિમ બંગાળ અને એમ. કે. સ્ટાલિન તમિળનાડુમાં પરાજિત થતા વિરોધ પક્ષના જોડાણ ઈન્ડિયા બ્લોકને મોટો ફટકો પડ્યો છે. કેરળમાં કૉંગ્રેસની આગેવાની હેઠળના યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (યુડીએફ)ના વિજય કૉંગ્રેસ માટે એક માત્ર રૂપાળી કોર હતી. આ ચૂંટણીના પરિણામોની ઈન્ડિયા જોડાણ પર માઠી અસર પડશે. પ્રાદેશિક મહારથીઓની હાર અને ભાજપનો અશ્વમેધ ચાલુ રહેતા ઉત્તર પ્રદેશ અને બીજા રાજ્યની ચૂંટણીના આગામી રાઉન્ડમાં એની અસર પડશે.

પશ્ચિમ બંગાળના પરિણામે તૃણમૂલ કૉંગ્રેસ માટે નહીં, પરંતુ વિરોધ પક્ષના જોડાણને જંગી નુકસાન કર્યું છે. વિરોધ પક્ષો તેમનો પક્ષ અને તેના કાર્યકર્તાને જાળવી રાખવામાં સંઘર્ષ કરી રહી છે. થોડા દિવસ પહેલાં ઈન્ડિયા બ્લોકના સભ્ય આમ આદમી પાર્ટી (આપ)એ રાજ્યસભાના સાત સભ્યો ગુમાવ્યા હતા. મમતા અને સ્ટાલિનના પરાજયને લીધે ભાજપવિરોધી જોડાણ માટે મોટો પડકાર ઊભો થયો છે. બંગાળ અને તમિળનાડુ ગુમાવાથી નવું જોમ મેળવનાર ભાજપ સામે વિરોધ પક્ષોએ સંગઠિત થવું પડશે. વિરોધ પક્ષના નેતાઓ કહે છે કે અમારે અમારી રણનીતિ બદલવી પડશે. આ પછડાટને લીધે એવા સવાલો ઊભા થયા છે કે બંધારણના ૧૩૧મા સુધારાનો વિરોધ વિપક્ષોને ભારે પડ્યો હતો કે કેમ. વિરોધ પક્ષોનું કહેવું હતું કે ભાજપ ૩૩ ટકા મહિલા અનામતના આધારે નવું સીમાંકન લાદવા માગે છે.

પશ્ચિમ બંગાળના ભાજપના નેતાઓ કહે છે કે મહિલા અનામત ખરડાનો વિરોધ વિરોધ પક્ષોને ભારે પડ્યો. કૉંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને ડીએમકેએ પણ આ ખરડાનો વિરોધ કર્યો હતો. મહારાષ્ટ્ર, દિલ્હી, હરિયાણા અને બિહારના ધબડકા બાદ કૉંગ્રેસે કેરલમ જીતીને આશ્વાસન મેળવ્યું હતું. કૉંગ્રેસ દક્ષિણના ત્રણ રાજ્ય કર્ણાટક, તેલંગણા અને હવે કેરળમાં સત્તા પર આવી છે. કૉંગ્રેસ હિમાચલ પ્રદેશમાં પણ સત્તા પર છે જ્યાં આ વર્ષના અંતમાં ચૂંટણી થવાની છે. (એજન્સી)

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બંગાળમાં ભાજપની જીત બહુ મોટી, વિજયનો વિજય આશ્ચર્યજનક

**પશ્ચિમ** બંગાળ, આસામ, તમિળનાડુ, કેરળ અને પુડુચેરી એ પાંચ રાજ્યોની ચૂંટણીનાં પરિણામોથી ભાજપમાં હરખની હેલી આવી ગઈ છે જ્યારે વિપક્ષી છાવણીમાં ઘોર નિરાશા છે. પાંચમાંથી ત્રણ રાજ્યોમાં ભાજપનો હરખાવા જેવો દેખાવ છે ને તેમાં પણ બંગાળમાં તો ૧૫ વર્ષથી જામી પડેલાં મમતા બેનરજીને પછાડીને ભાજપે જીત મેળવી છે તેથી ભાજપને ખુશ થવાનો પૂરો અધિકાર છે. બંગાળની ચૂંટણીને ભાજપે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવ્યો હતો. બંગાળની જીતે ભાજપની માત્ર આબરૂ જ નથી સાચવી પણ ભાજપ ચૂંટણીઓમાં ધારે એ કરી બતાવે છે એ પણ સાબિત કર્યું છે.

વરસોથી ભાજપનું સપનું પશ્ચિમ બંગાળમાં સત્તા કબજે કરીને મમતા બેનરજીને ઘરભેગાં કરવાનું હતું અને ત્રીજા પ્રયત્ને ભાજપ સફળ થયો છે. બંગાળ વિધાનસભાની ૨૯૩ બેઠકોમાંથી ૧૯૧ એટલે કે લગભગ બે તૃતીયાંશ બેઠકો જીતીને સપાટો બોલાવી દીધો છે અને તૃણમૂલ કૉંગ્રેસના ૧૫ વર્ષના શાસનનો અંત આણ્યો છે. આસામમાં અપેક્ષા પ્રમાણે ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવીને સતત ત્રીજી વાર સત્તા કબજે કરી છે તેથી ભાજપ ખુશ છે જ્યારે તમિળનાડુમાં ભાજપનો સાથી એઆઈએડીએમકે બીજા નંબરે આવ્યો અને પુડુચેરીમાં ભાજપના સાથી ઓલ ઈન્ડિયા કૉંગ્રેસની ફરી સરકાર રચાશે તેથી ભાજપ ખુશ છે.

પાંચ રાજ્યોની ચૂંટણીમાં ભાજપ વિરોધના મશાલચી એવા બે ધુરંધર મમતા બેનરજી અને એમ.કે. સ્ટાલિનની ભાવિનો ફેંસલો થઈ ગયો છે ને બંને ઘરભેગાં થઈ ગયાં છે. મમતાને ભાજપે ઘરભેગાં કર્યાં જ્યારે તમિળનાડુમાં તાજા તાજા રાજકારણી બનેલા ફિલ્મ અભિનેતા વિજયે ભાજપનું કામ કરી નાંખ્યું છે. વિજય ભાજપનો વિરોધી છે તેથી તેની જીતથી ભાજપને સીધો કોઈ ફાયદો નથી. ઊલટાનું સત્તાની લાલચમાં એઆઈએડીએમકે ભાજપને તરછોડીને વિજયની પંગતમાં બેસી જાય એવો ખતરો છે પણ એ બધી પછીની વાત છે. અત્યારે તો ભાજપ સામે સતત ઝેર ઓકતા સ્ટાલિનનું બોર્ડ પતી ગયું તેથી ભાજપ હરખાઈ રહ્યો છે. તમિલનાડુમાં વિજયની ભવ્ય જીત આશ્ચર્યનજનક છે ને તેની વાત પછી કરીશું પણ પહેલાં બંગાળમાં ભાજપે મેળવેલી ભવ્ય જીતની વાત કરી લઈએ.

પશ્ચિમ બંગાળમાં ભાજપની જીત બહુ મોટી છે કેમ કે મમતા બેનરજીની ગુંડાગીરી ને ઝનૂન સામે ટકવું સરળ નથી. કૉંગ્રેસ અને ડાબેરીઓ તો બહુ પહેલાં જ મમતા સામેના જંગમાં સાફ થઈ ચૂક્યા છે પણ ભાજપે હથિયાર હેઠાં મૂકવાના બદલે જંગ ચાલુ રાખ્યો. ભાજપ છેલ્લાં ૧૦ વર્ષથી મમતાને પછાડવા મથતો હતો. ૨૦૧૬ અને ૨૦૨૧ની ચૂંટણીમાં પણ ભાજપે પૂરી તાકાત લગાવી દીધી હતી. મમતાની તૃણમૂલ કૉંગ્રેસના ટોચના નેતાઓને તોડીને ભાજપમાં લઈ આવવાથી માંડીને ઉગ્ર હિંદુત્વ સુધીનાં બધાં હથિયાર ભાજપે અજમાવી દીધેલાં પણ મમતાને પછાડવામાં સફળ નહોતાં થયાં.

આ વખતે ભાજપે ગીયર બદલીને લોકોને સીધો ફાયદો કરાવવા પર ભાર મૂક્યો. લોકો સુધી આ વાત પહોંચાડવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી તથા કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ બંનેએ બંગાળમાં ધામા નાંખી દીધા હતા.ભાજપે આ વખતે ગીયર બદલી નાંખ્યો અને હિંદુત્વ સહિતના મુદ્દાઓને કોરાણે મૂકીને બીજાં રાજ્યોમાં અક્સિર સાબિત થયેલી મહિલાઓના ખાતામાં સીધા મહિને ૩૦૦૦ રૂપિયા જમા કરાવવાની સ્કીમને જ મહત્ત્વ આપ્યું. મમતા બેનરજીની સરકાર લોકોને સીધો ફાયદો આપે છે એવી તમામ સ્કીમોનો તોડ કાઢીને ભાજપે ચૂંટણી ઢંઢેરામાં મૂકી દીધી. મમતા બેનરજીની તૃણમૂલ કૉંગ્રેસ ગુંડાગીરી કરીને જીતે નહીં એ માટેનો પાકો બંદોબસ્ત પણ ભાજપે કરી નાંખેલો ને તેનું ફળ ભાજપને મળ્યું છે.

બંગાળની હાર સાથે મમતા બેનરજીના રાજકીય ભવિષ્ય સામે સવાલ ઊભો થઈ ગયો છે. સાવ નંખાઈ ગયેલાં મમતા અત્યારે ૭૧ વર્ષનાં છે ને ભાજપની આક્રમકતા સામે ટક્કર લેવાનું તેમનું ગજું હવે લાગતું નથી એ જોતાં મમતાની રાજકીય કારકિર્દીનો સંકેલો થઈ જાય એવી પૂરી શક્યતા છે. તૃણમૂલ કૉંગ્રેસ પાસે બીજી જોરદાર નેતાગીરી નથી એ જોતાં ધીરે ધીરે તૃણમૂલ જ નામશેષ થઈ જાય એવો પણ પૂરો ખતરો છે.

બંગાળમાં શું થશે તેની ખબર પડશે જ પણ બંગાળ જેટલી જ ચર્ચા અત્યારે તમિળનાડુનાં પરિણામોની છે કેમ કે તમિળનાડુમાં ફિલ્મ સ્ટારમાંથી રાજકારણી બનેલા વિજયની પાર્ટીને આવી ભવ્ય સફળતા મળશે એવી કોઈને આશા નહોતી. એક્ઝિટ પોલ પણ વિજયના ભવ્ય વિજયની આગાહી નહોતા કરતા ને વિજય બહુ બહુ તો કિંગ મેકર બની શકે એવી વાતો કરતાં હતાં એ જોતાં તમિળનાડુનાં પરિણામ લોકો માટે આંચકાજનક છે. વધારે આંચકાજનક વાત એ છે કે, સત્તાધારી ડીએમકે છેક ત્રીજા સ્થાને આવી ગઈ છે જ્યારે ભાજપ સાથે જોડાણ કરીને લડનારી એઆઈએડીએમકે બીજા સ્થાને આવી છે. જયલલિતાની વિદાય પછી અંદરોઅંદર લડી રહેલા એઆઈએડીએમકેને આવી સફળતા મળશે એવી પણ કોઈને કલ્પના નહોતી.

વિજયની પાર્ટીને સ્પષ્ટ બહુમતી માટે જરૂરી બેઠકો નથી મળી પણ બહુમતીથી બહુ દૂર પણ નથી. વિજયની પાર્ટીનો પનો પાંચેક બેઠકો માટે ટૂંકો પડ્યો છે ને એટલા ધારાસભ્યો તો ગમે ત્યાંથી મળી શકે. તમિળનાડુમાં ડીએમકે અને એઆઈએડીએમકેની સાથે રહીને લડનારા ઉચકૂચિયા પક્ષોમાંથી પીએમકે જેવા પક્ષો વિજયની પંગતમાં બેસી શકે. કૉંગ્રેસે ચાર બેઠકો જીતી છે ને કૉંગ્રેસ પણ વિજય સાથે જઈ શકે એ જોતાં વિજય મુખ્યમંત્રી બનશે તેમાં શંકા નથી. વિજયે બે વર્ષ પહેલાં જ રાજકીય પક્ષ રચેલો. પ્રચાર દરમિયાન રેલીમાં થયેલી ધક્કામુકીના કારણે લોકોનાં મોત નિપજવા સહિતની ઘટનાઓ બની ને વિજય લોકોની વચ્ચે રહેવાના બદલે ભાગી ગયો એવું પણ થયું છતાં તમિળ પ્રજાએ વિજયમાં વિશ્વાસ મૂક્યો છે એ મોટી વાત છે. સ્ટાલિને તમિળનાડુની પ્રજામાં હિંદી ભાષા વિરોધી ઉન્માદ ઊભો કરેલો ને તેના દીકરા ઉદયનિધીએ સનાતન ધર્મ વિરોધી બકવાસ કરેલો. સ્ટાલિન તથા તેના દીકરા ઉદયનિધીને ઘરભેગા કરીને તમિળ પ્રજાએ આકરો પાઠ ભણાવ્યો છે.

દેશનાં બાકીનાં ત્રણ રાજ્યોમાં અપેક્ષા પ્રમાણેનાં પરિણામ આવ્યા છે. આસામમાં ભાજપે સતત ત્રીજી વાર જીતીને સત્તા હાંસલ કરી છેને કૉંગ્રેસનાં સૂપડાં સાફ કરી નાખ્યાં છે. ભાજપે સતત ૧૦ વર્ષના શાસન પછી લગભગ બે તૃતિયાંશ બહુમતી મેળવી છે એ મોટી વાત છે. બીજે બધે ધોવાઈ ગયેલી કૉંગ્રેસે કેરળમાં આબરૂ સાચવી છે. કૉંગ્રેસના નેતૃત્વ હેઠળના યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (યુડીએફ)એ ડાબેરી મોરચાને પછાડીને પિનારાયી વિજયનના ૧૦ વર્ષનાં શાસનનો અંત આણ્યો તેમાં કોંગ્રેસની તાકાત કરતાં વધારે ફાળો ડાબેરીઓની નબળાઈનો છે. નાનકડા પુડુચેરીમાં ભાજપ અને તેના સાથી ઓલ ઈન્ડિયા એન.આર. કૉંગ્રેસે સત્તા જાળવી છે અને કૉંગ્રેસની સત્તા કબજે કરવાની આશા પર પાણી ફરી વળ્યું છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર ગ્રીષ્મ ઋતુ, મંગળવાર, તા. ૫–૫–૨૦૨૬, સંકષ્ટી અંગારકી ચતુર્થી,

- ભારતીય દિનાંક ૧૫, માહે વૈશાખ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, વૈશાખ વદ –૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે વૈશાખ, તિથિ વદ–૪
- પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૪મો દીન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૬મો મેહેર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૭મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૯મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- નક્ષત્ર જયેષ્ઠા બપોરે ક. ૧૨–૫૪ સુધી, પછી મૂળ
- ચંદ્ર વૃશ્ચિકમાં બપોરે ક. ૧૨–૫૪ સુધી, પછી ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય), ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૦, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૭, સ્ટા. ટા.
- –ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–
- ભરતી : બપોરે ક. ૧૪ઌ૧૩, મધ્યરાત્રિ પછી ક. ૦૧–૪૬ (તા. ૬)
- ઓટઃ સવારે ક. ૦૭–૧૯, રાત્રે ક. ૨૦–૦૯
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, વૈશાખ કૃષ્ણ – ચતુર્થી. સંકષ્ટી અંગારકી ચતુર્થી, ચંદ્રોદય રાત્રે ક. ૨૨–૧૯, ચતુર્થી વૃદ્ધિ તિથિ છે. વિંછુડો સમાપ્તિ બપોરે ક. ૧૨–૫૪, ભદ્રા સમાપ્તિ મધ્યરાત્રિ પછી ક. ૨૯–૨૫ (તા. ૬).
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત–પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, સંકષ્ટ ચતુર્થી નિત્ય વ્રત–ઉપવાસ, વિશેષરૂપે શ્રી ગણેશપૂજા, ચંદ્રોદય સમયે ચંદ્રદેવતાનું દર્શન અને પૂજન, શ્રી ગણેશને ચુરમાના લાડુનું નૈવેદ્ય અર્પણ, ચંદ્રોદય પછી એકટાણાંનું ભોજન, બ્રહ્મલીન હરિહર પંડિત મહેસાણાવાળા રચિત રિદ્ધિસિદ્ધિદાયક શ્રી ગણેશ યંત્ર પ્રતિષ્ઠા પૂજા, અભિષેક.
- આચમનઃ મંગળ–ગુરુ ચતુષ્કોણ છેલ્લે પાટલે બેસનારા.
- ખગોળ જ્યોતિષઃ મંગળ–ગુરુ ચતુષ્કોણ
- ગ્રહગોચરઃ સૂર્ય–મેષ, મંગળ–મીન, માર્ગી બુધ–મેષ, માર્ગી ગુરુ–મિથુન, શુક્ર–વૃષભ, માર્ગી શનિ–મીન રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર. ■

પહેલા પાનાનું ચાલુ

### ગંગોત્રીથી ગંગાસાગર

આગાહી કરે છે. દેશની મહાન લોકશાહી, સુચારુ વહીવટ, કાર્યકુશળતાના પ્રદર્શન, સ્થિરતા તેમ જ એક ભારત, શ્રેષ્ઠ ભારત, સાહસ અને શ્રેષ્ઠતા માટે આ વિશ્વાસનો દિવસ છે, એમ તેમણે કહ્યું હતું. આસામમાં પક્ષને મળેલા વિજય અંગે બોલતાં તેમણે કહ્યું હતું કે રાજ્યમાં એનડીએને મળેલો વિજય શાસક પક્ષના વિકાસના કાર્યક્રમને જનતાનો સંપૂર્ણ ટેકો હોવાનું દર્શાવે છે.

આસામે ભાજપ અને એનડીએને ફરી આશીર્વાદ આપ્યા હોવાનું તેમણે કહ્યું હતું. સોશ્યલ મીડિયા પરની શ્રેણીબદ્ધ પૉસ્ટમાં મોદીએ લખ્યું હતું કે પશ્ચિમ બંગાળની જનતાએ ભાજપને ભવ્ય વિજય અપાવ્યો છે. જનતાની ઈચ્છાઓ અને અપેક્ષાઓને પરિપૂર્ણ કરવા ભાજપ શક્ય બધું જ કરશે એવી બાંયધરી તેમણે આપી હતી. પશ્ચિમ બંગાળમાં કમળ ખીલ્યું છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે વર્ષ ૨૦૨૬ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીને કાયમ માટે યાદ રાખવામાં આવશે કેમ કે જનતાની શક્તિ અને ભાજપના સુચારુ વહીવટનો વિજય થયો છે. પશ્ચિમ બંગાળના તમામ લોકોને હું નમન કરું છું, એમ તેમણે કહ્યું હતું.

પક્ષના અગણિત કાર્યકર્તાઓની પેઢી દરપેઢીએ કરેલા સખત પ્રયાસ અને સંઘર્ષ વિના પશ્ચિમ બંગાળમાં પક્ષનો વિક્રમજનક વિજય શક્ય ન બન્યો હોત એમ જણાવી મોદીએ આ તમામ લોકોનો આભાર માન્યો હતો.

પશ્ચિમ બંગાળમાં અમે તમામ વર્ગના લોકોને ગૌરવ અને તક પૂરી પાડે તેવી સરકાર પૂરી પાડીશું. એનડીએને વધુ એક વિજય આપવા બદલ મોદીએ પુડુચેરીના લોકોનો પણ આભાર માન્યો હતો. કેરળમાં ભાજપ–એનડીએને મત આપનાર તમામ મતદાતાઓનો પણ તેમણે આભાર માન્યો હતો. રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં એનડીએને ટેકો આપનાર તમિળનાડુના મતદાતાઓને પણ મોદીએ આભાર માન્યો હતો. (એજન્સી) ■

### બંગાળમાં સીએમ

રંગમાં રંગાઇ ગયા હતા. તેમણે રસ્તા પરની એક નાની દુકાનમાંથી રૂપિયા દસની 'ઝાલમુડી' (રાયનું તેલ નાખેલી ભેળ) ખાધી હતી અને હુગલી નદીમાં લાકડાની નાની હોડીમાં બેસીને કુદરતી સૌંદર્યના ફોટા પણ પાડ્યા હતા. બંગાળની જનતાએ 'બ્રાંડ મોદી' પર વિશ્વાસ રાખીને ભાજપની તરફેણમાં ભારે મતદાન કર્યું હતું.

શુભેન્દુ અધિકારી મુખ્ય પ્રધાનપદ માટે અગ્રણી દાવેદાર છે. મમતા બેનરજીના એક સમયના નજીકના સાથી શુભેન્દુએ ૨૦૨૧માં નંદીગ્રામ ખાતેથી મમતાને હરાવ્યા હતા, પરંતુ 'નારદ સ્ટિંગ ઑપરેશન'માં તેમનું નામ સંડોવાયું છે અને તે તેમના માટે મોટું વિઘ્ન સર્જી શકે છે. દિલીપ ઘોષે ભાજપને રાજ્યમાં મુખ્ય વિપક્ષ બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.

સમીક ભટ્ટાચાર્ય રાજ્યમાંના ભાજપના એકમના અધ્યક્ષ છે અને બધાને સાથે રાખીને આગળ વધવામાં માનનારા નેતા ગણાય છે. અગ્નિમિત્રા પૉલ મૂળ ફૅશન ડિઝાઇનર છે. તેમણે આ ચૂંટણીમાં દક્ષિણ આસનસોલની બેઠક જાળવી રાખી હતી. મહિલા મુખ્ય પ્રધાન તરીકે તેઓ આગળ પડતા દાવેદાર છે. રૂપા ગાંગુલી રાજ્યસભાનાં ભૂતપૂર્વ સાંસદ હતા. તેઓ સોનારપુર દક્ષિણના વિધાનસભ્ય બન્યા છે. તેમની લોકપ્રિયતાને ધ્યાનમાં રાખીને ભાજપ તેમને મુખ્ય પ્રધાન બનાવવા વિચારી શકે છે. ■

### બંગાળમાં રામરાજ્ય

મતદારનો આભારી છું. અમે પશ્ચિમ બંગાળના લોકોના સ્વપ્નને સાકાર કરવા બનતા પ્રયાસ કરીશું.

ભાજપે પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં સરકાર રચવા માટે જરૂરી બેઠકો કરતાં ઘણી વધુ બેઠકો જીતીને મમતા બેનરજીના નેતૃત્વ હેઠળના તૃણમૂલ કૉંગ્રેસના ૧૫ વર્ષના શાસનનો અંત આણીને ઇતિહાસ સર્જ્યો હતો. પશ્ચિમ બંગાળના ઓછામાં ઓછા ૨૦ પ્રધાન ચૂંટણીમાં હારી ગયા હતા.

ભાજપે રાજ્યમાંની કાલીમ્પોંગ, દાજીર્લિંગ, મોન્ટેશ્વર, ભાટર, મદિનીપુર, આસાનસોલ દક્ષિણની બેઠક પર વહેલો વિજય મેળવ્યો હતો.

પશ્ચિમ બંગાળ, આસામ, તમિળનાડુ, કેરલમ અને પુડુચેરી વિધાનસભાની ચૂંટણીની મતગણતરી સોમવારે સવારે શરૂ થઇ હતી અને તેના પરિણામ પર સૌની મીટ હતી.

પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણી ભારે બહુમતીથી જીતીને ભાજપે ઇતિહાસ રચ્યો છે અને મમતા બેનરજીના નેતૃત્વ હેઠળની તૃણમૂલ કૉંગ્રેસે ૧૫ વર્ષે સત્તા ગુમાવી છે.

પશ્ચિમ બંગાળમાંના ભાજપના ભવ્ય વિજયમાં અને મમતા બેનરજીનાં નેતૃત્વ હેઠળ રાજ્યમાં તૃણમૂલ કૉંગ્રેસ દ્વારા ૧૫ વર્ષથી ચલાવાતા શાસનનો અંત આણવામાં સુવેન્દુ અધિકારીએ આગળ પડતી ભૂમિકા ભજવી હતી. પશ્ચિમ બંગાળ વિધાનસભાની ૨૯૪ બેઠકમાંથી ૨૯૩ બેઠકની મતગણતરી સોમવારે ૭૭ કેન્દ્ર ખાતે સઘન સુરક્ષા હેઠળ કરાઇ હતી.

પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં ફાલ્ટાની બેઠકના અનેક મતદાન કેન્દ્ર ખાતે ગેરરીતિ આચરવામાં આવી હોવાનું કારણ આપીને ચૂંટણી પંચે ત્યાંની ચૂંટણી રદ કરી હતી. હવે આ બેઠક માટે ૨૧ મેએ મતદાન થશે અને તેની મતગણતરી ૨૪ મેએ થશે તેમ જ ૨૪ મેએ જ પરિણામ જાહેર થશે.

પશ્ચિમ બંગાળમાં બે તબક્કામાં યોજાયેલી ચૂંટણીનું મતદાન ૨૯ એપ્રિલે પૂરું થયું હતું અને તેમાં ૯૨.૪૭ ટકા મતદાન થયું હતું, જે દેશની સ્વતંત્રતા પછીનું સૌથી વધુ હતું.

આમ છતાં, દક્ષિણ ૨૪ પરગણાના ૧૫ મતદાન કેન્દ્ર ખાતે ફેરમતદાન યોજાયું હતું અને તેમાં આશરે ૮૭ ટકા મતદાન થયું હતું.

મતગણતરી વખતે કેન્દ્રના અર્ધલશ્કરી દળના અંદાજે અઢી લાખ કર્મચારીએ ફરજ બજાવી હતી.

અગાઉ, પશ્ચિમ બંગાળમાં મતદાર–યાદી સુધારણા પ્રક્રિયા દરમિયાન અંદાજે ૯૦ લાખ મતદારના નામ મતદાર–યાદીમાંથી કાઢી નખાયાં હતાં.

ભાજપે પશ્ચિમ બંગાળની ચૂંટણીના પ્રચારમાં આરજી કાર કેસ, બાંગ્લાદેશીઓની રાજ્યમાંની ઘૂસણખોરી, મમતા બેનરજીના તૃણમૂલ કૉંગ્રેસની કહેવાતી 'ગુંડાગીરી' જેવા વિવિધ મુદ્દા ઉઠાવ્યા હતા.

પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કૉંગ્રેસ દ્વારા ૧૫ વર્ષથી ચલાવાતા શાસનનો અંત આણવામાં સુવેન્દુ અધિકારીએ આગળ પડતી ભૂમિકા ભજવી હતી.

આસામ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના નેતૃત્વ હેઠળની એનડીએએ ફરી સત્તા કબજે કરી છે.

આસામ વિધાનસભાની ૧૨૬ બેઠકમાંથી શાસક એનડીએએ સરકાર રચવા માટે જરૂરી બહુમતી મેળવીને ત્રીજી મુદત માટે રાજ્યમાં સત્તા કબજે કરી છે.

ભાજપ અને તેના સાથી પક્ષો – બોડોલૅન્ડ પીપલ્સ ફ્રંટ અને આસામ ગણ પરિષદે આસામની ચૂંટણીમાં ઘણો સારો દેખાવ કર્યો હતો. આસામમાં નવ એપ્રિલે વિધાનસભાની ચૂંટણીનું મતદાન થયું હતું. હેમંતા વિશ્વ શર્માના પ્રધાનમંડળમાંના અનેક નેતા – પીયૂષ હઝારીકા, રણોજ પેગુ, અજંતા નેઓગ અને અતુલ બોરાનો ભવ્ય વિજય થયો હતો.

કેરલમમાં કૉંગ્રેસના નેતૃત્વ હેઠળના યુનાઇટેડ ડેમોક્રેટિક ફ્રંટ (યુડીએફ)ના વિજયમાં વીડી સતીશન અને રાહુલ ગાંધીએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી, પરંતુ કેરલમમાં મુસલમાન અને ખ્રિસ્તી મતદારોએ કૉંગ્રેસની તરફેણમાં મોટા પાયે મતદાન કર્યું હોવાનું કહેવાય છે અને તેથી શાસક પક્ષ હાર્યો હતો.

તમિળનાડુમાં એમકે સ્ટાલિનના નેતૃત્વ હેઠળના દ્રમુકના શાસનનો અંત આવ્યો છે. તમિળનાડુમાં વર્ષોથી દ્રમુક અને ઓલ ઇન્ડિયા અન્ના દ્રમુકનો પ્રભાવ રહ્યો હતો, પરંતુ આ ચૂંટણીમાં વિજયના ટીવીકેનો ભવ્ય વિજય થયો છે.

આસામમાં ગૌરવ ગોગોઇ ભાજપ અને હિમંતા વિશ્વ શર્માના પડકાર બનવામાં નિષ્ફળ ગયા હતા. તેઓ જોર્હાટમાં ભાજપના હિતેન્દ્રનાથ ગોસ્વામી સામે હારી ગયા હતા. ઇપીએસ તરીકે જાણીતા એડ્ડાપડ્ડી કે. પલાનીસ્વામી તમિળનાડુમાં પોતાના પક્ષ ઓલ ઇન્ડિયા અન્ના દ્રમુકને સત્તા પર લાવવામાં કે સારી એવી બેઠક જિતાડવામાં નિષ્ફળ ગયા હતા. ઇપીએસનો રાજ્યની ચૂંટણીમાં ભાજપ સાથે યુતિ કરવાનો વ્યૂહ પણ કારગત નહોતો નિવડ્યો. (એજન્સી) ■

### ટોચના દસ વિજેતા

વિવિધ રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહનો સારો એવો પ્રભાવ જોવા મળ્યો હતો. પશ્ચિમ બંગાળમાં ભાજપે સત્તા કબજે કરીને ઇતિહાસ રચ્યો હતો. તમિળનાડુમાં પણ તેમના પક્ષે સારો દેખાવ કરીને દક્ષિણ ભારતમાં પણ સારી સફળતા મેળવી હતી.

(૩) હિમંતા વિશ્વ શર્માઃ

આસામમાં સત્તા ટકાવી રાખીને હિમંતા વિશ્વ શર્માએ પણ પોતાનો પ્રભાવ સાબિત કર્યો હતો. જાલુકબારીમાં તેમણે મતના મોટા તફાવતથી વિજય મેળવ્યો હતો. તેમણે રાજ્યમાં કૉંગ્રેસના નેતૃત્વ હેઠળની રાજકીય યુતિને ફાવવા નહોતી દીધી.

(૪) વીડી સતીશન અને રાહુલ ગાંધીઃ

કેરલમમાં કૉંગ્રેસના નેતૃત્વ હેઠળના યુનાઇટેડ ડેમોક્રેટિક ફ્રંટ (યુડીએફ)ના વિજયમાં વીડી સતીશન અને રાહુલ ગાંધીએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેઓની યુતિએ પિનારાયી વિજયનના નેતૃત્વ હેઠળના લેફ્ટ ડેમોક્રેટિક ફ્રંટ (એલડીએફ)ના દાયકાથી ચાલતા શાસનનો અંત આણ્યો હતો.

(૫) સુવેન્દુ અધિકારીઃ

પશ્ચિમ બંગાળમાંના ભાજપના ભવ્ય વિજયમાં અને મમતા બેનરજીનાં નેતૃત્વ હેઠળ રાજ્યમાં તૃણમૂલ કૉંગ્રેસ દ્વારા ૧૫ વર્ષથી ચલાવાતા શાસનનો અંત આણવામાં સુવેન્દુ અધિકારીએ આગળ પડતી ભૂમિકા ભજવી હતી. તેમણે વિપક્ષના નેતા તરીકે રાજ્યમાંના આરજી કાર કેસ જેવા વિવિધ મુદ્દા ઉઠાવ્યા હતા.

પરાજિતઃ

(૬) એમકે સ્ટાલિનઃ

તમિળનાડુમાં એમકે સ્ટાલિનના નેતૃત્વ હેઠળના દ્રમુકના શાસનનો અંત આવ્યો છે. તમિળનાડુમાં વર્ષોથી દ્રમુક અને ઓલ ઇન્ડિયા અન્ના દ્રમુકનો પ્રભાવ રહ્યો હતો, પરંતુ આ ચૂંટણીમાં વિજયના ટીવીકેનો ભવ્ય વિજય થયો છે.

(૭) મમતા બેનરજીઃ

ભાજપે પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીના તૃણમૂલ કૉંગ્રેસના ૧૫ વર્ષથી ચાલતા શાસનનો આ ચૂંટણીમાં અંત આણ્યો હતો અને તેમણે મુખ્ય પ્રધાનની ખુરશી ગુમાવી હતી. મમતાએ પોતાની બેઠક જાળવી રાખી હોવા છતાં તૃણમૂલ કૉંગ્રેસનો મોટો પરાજય થયો છે.

(૮) પિનારાયી વિજયનઃ

કેરલમમાં પિનારાયી વિજયન અને તેમના લેફ્ટ ડેમોક્રેટિક ફ્રંટ (એલડીએફ)એ સત્તા ગુમાવી છે. કૉંગ્રેસના નેતૃત્વ હેઠળના યુડીએફએ તેમની પાસેથી સત્તા આંચકી લીધી છે.

(૯) ગૌરવ ગોગોઇઃ

આસામમાં ગૌરવ ગોગોઇ ભાજપ અને હિમંતા વિશ્વ શર્માના પડકાર બનવામાં નિષ્ફળ ગયા હતા. તેઓ જોર્હાટમાં ભાજપના હિતેન્દ્રનાથ ગોસ્વામી સામે હારી ગયા હતા.

(૧૦) એડ્ડાપડ્ડી કે. પલાનીસ્વામીઃ

ઇપીએસ તરીકે જાણીતા એડ્ડાપડ્ડી કે. પલાનીસ્વામી તમિળનાડુમાં પોતાના પક્ષ ઓલ ઇન્ડિયા અન્ના દ્રમુકને સત્તા પર લાવવામાં કે સારી એવી બેઠક જિતાડવામાં નિષ્ફળ ગયા હતા. ઇપીએસનો રાજ્યની ચૂંટણીમાં ભાજપ સાથે યુતિ કરવાનો વ્યૂહ પણ કારગત નહોતો નિવડ્યો. (પીટીઆઇ) ■

### વિજયનો ટીવીકે

પછી તરત જ આસામમાં અપક્ષ સભ્યોના ટેકાથી સરકાર રચી હતી. ટીડીપીએ તેની રચનાના એક વર્ષ બાદ ૧૯૮૩માં આંધ્ર પ્રદેશમાં ૨૦૧ બેઠક જીતીને જંગી બહુમતી મેળવી હતી.

જોકે દરેક નવો રાજકીય પક્ષ સફળ રહ્યો નથી. ગયા વર્ષે જન સૂરજ વિફળ રહ્યો હતો. બીજા પણ એવા પક્ષો છે જેમણે રાજકીય ઊહાપોહ તો કર્યો હતો, પરંતુ ગજું કાઢ્યું નહોતું. આવો દાખલો એક્ટરમાંથી રાજકારણી બનેલા કમલહાસનના પક્ષ મક્કલ નીધી મૈઈમનો છે. તેને ૨૦૨૧માં તમિળનાડુ વિધાનસભાની ચૂંટણીમાં શૂન્ય બેઠક મેળવી હતી. ટીવીકેએ શરૂઆતથી જ તરખાટ મચાવ્યો હતો. દક્ષિણમાં ફિલ્મ સ્ટાર હંમેશાં રાજકારણમાં સારો દેખાવ કરતા હોય છે.

ટીવીકેએ તમિળનાડુમાં રાજકીય ભૂકંપ સર્જ્યો છે. આ પક્ષે ડીએમકે અને એઆઈડીએમકેને પરાજિત કર્યા છે. ટીવીકે બહુમતીના જાદુઈ આંકડાની નજીક છે. જોકે ભારતમાં અનેક રાજકીય પક્ષોનો જન્મ થાય છે અને પછી તરત જ તે અદૃશ્ય થઈ જાય છે. (એજન્સી) ■

### મમતાનાં પતનનાં

જરૂરી છે. મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઘરે પરત ફર્યા અને ભાજપની તરફેણમાં મતદાન કર્યું. મમતા બેનજીર્ને આનો અંદાજ હતો, તેથી તેમણે આચારસંહિતાના ઉલ્લંઘનનો આરોપ લગાવતા દાવો કર્યો હતો કે ભાજપે પ્રવાસી મજૂરોને પાછા લાવવા માટે ઘણી વિશેષ ટ્રેનો ચલાવી છે.

#### ૨. કાયદો અને વ્યવસ્થા

આર.જી. કર મેડિકલ કોલેજ અને દુર્ગાપુર ગેંગરેપ જેવી ઘટનાઓએ રાજ્યની કાયદો અને વ્યવસ્થા પર ગંભીર સવાલો ઉભા કર્યા હતા. આ ઉપરાંત, મમતા બેનજીર્ની છોકરીઓને રાત્રે બહાર ન નીકળવાની સલાહ પણ લોકોને પસંદ પડી નહીં. આ નિવેદનથી એવો સંદેશ ગયો કે એક મહિલા મુખ્યપ્રધાન મહિલાઓની સુરક્ષાને લઈને ગંભીર નથી. આર.જી. કર મેડિકલ કોલેજનો મામલો ૨૦૨૪નો હતો, અને સામાન્ય રીતે સમય જતાં ઘટનાની તીવ્રતા ઓછી થતી જાય છે, પરંતુ ન તો ભાજપે આવું થવા દીધું, ન તો મમતા સરકારે કાયદો વ્યવસ્થા સુધારીને તેને એક અપવાદ સાબિત કરવાની કોશિશ કરી. ૨૦૨૫માં દુર્ગાપુરમાં ખઇઇજ વિદ્યાર્થિની પર થયેલા કથિત ગેંગરેપે કાયદો વ્યવસ્થાને ફરી મોટો મુદ્દો બનાવી દીધો. બીજી તરફ, ભાજપે આર.જી. કર પીડિતાની માતા રત્ના દેબનાથને પાનીહાટી બેઠક પરથી ઉમેદવાર બનાવીને એ દર્શાવ્યું કે તેઓ આવા મુદ્દાઓ પર કેટલા ગંભીર અને સંવેદનશીલ છે.

#### ૩. આંતરિક કલહઃ

તૃણમૂલ કોંગ્રેસમાં આંતરિક કલહ પણ મમતા બેનરજીની હારનું એક મુખ્ય કારણ છે. ટીએમસી ઘણી હદ સુધી બે ભાગમાં વહેંચાઈ ગઈ હતી. એક તરફ મહુઆ મોઇત્રા અને અભિષેક બેનરજી જેવા નેતાઓ હતા, જેઓ મમતાના અત્યંત ખાસ છે. બીજી તરફ એવા નેતાઓનું જૂથ એકઠું થયું જેમને પાર્ટીમાં અપેક્ષિત સન્માન મળ્યું ન હતું. આ કારણે ચૂંટણી કાર્યોમાં જે એકજૂથતા દેખાવી જોઈતી હતી તે જોવા મળી નહીં અને પાર્ટીએ તેનું નુકસાન ભોગવવું પડ્યું. સાંસદ કલ્યાણ બેનજીર્ના મામલે પાર્ટીમાં કલહ વધુ ઘેરો બનાવ્યો હતો. કલ્યાણે લોકસભામાં પાર્ટીના ચીફ વ્હીપ પદ પરથી રાજીનામું આપવું પડ્યું હતું, કારણ કે મહુઆ મોઇત્રા અને તેમની વચ્ચે તકરાર હતી અને મમતાનું વલણ મોઇત્રા તરફ હતું.

#### ૪. વિઝન વગરનો ચૂંટણી પ્રચારઃ

મમતા સતત ૧૫ વર્ષ સત્તામાં રહ્યા, તેથી મતદારોમાં સરકાર વિરોધી લહેર ઉભી થવી સ્વાભાવિક હતી. આવી સ્થિતિમાં મમતાએ મતદારોને એ સમજાવવાનું હતું કે તેમનું ચોથી વાર સત્તામાં આવવું કેમ જરૂરી છે, પરંતુ તેઓ તેમાં નિષ્ફળ રહ્યા. મમતા પાસે કોઈ નક્કર મુદ્દા નહોતા, જ્યારે બીજી તરફ ભાજપે મહિલા સન્માન, સુરક્ષા, ધર્મ અને બાંગ્લાદેશી ઘૂસણખોરોને બહાર કાઢવાના નામે વોટ માગ્યા હતા.

#### ૫. ૩૦૦૦ રૂપિયાની લહાણીઃ

મમતાની હારમાં ભાજપની લોકલોભામણી જાહેરાતો પણ મુખ્ય રહી હતી. ભાજપે મહિલાઓને દર મહિને આર્થિક સહાય આપવાનું એલાન કર્યું હતું. દર મહિને ૩૦૦૦ રૂપિયાની જાહેરાતે બંગાળની મહિલા મતદારોને ભાજપ તરફ આકર્ષી હતી. ■

## ડાબેરીઓનો દેશમાંથી સફાયોઃ હવે એકેય રાજ્યમાં તેમની સરકાર નથી

નવી દિલ્હીઃ તમિળનાડુ, કેરળ, પશ્ચિમ બંગાળ, આસામ અને પુડુચેરીમાં વિધાનસભા ચૂંટણીનાં પરિણામો જાહેર થઈ રહ્યા છે. કેરળમાં ચોંકાવનારા પરિણામો સામે આવ્યા છે. કેરળમાં ડાબેરીઓની હારના સંકેત મળી રહ્યા છે. વલણમાં યુડીએફ એ બહુમતનો આંકડો પાર કરી લીધો છે. આઝાદી બાદ દેશના એક પણ રાજ્યમાં ડાબેરી સરકાર બચી નથી.

અત્યાર સુધી દેશમાં કેરળ જ એકમાત્ર એવું રાજ્ય હતું, જ્યાં ડાબેરીઓનું શાસન હતું. પરંતુ હવે ત્યાંથી પણ સરકાર વિદાય થઈ રહી હોય તેમ લાગે છે. આ પહેલા ત્રિપુરા અને બંગાળમાંથી ડાબેરીઓ સાફ થઈ ચુક્યા છે. કેરળ ઉપરાંત પશ્ચિમ બંગાળ અને ત્રિપુરામાં પણ અગાઉ ડાબેરી સરકાર રહી ચૂકી છે, પરંતુ આ બંને સ્થળોએ પણ ડાબેરીઓનો સફાયો થઈ ગયો છે.

વર્ષ ૨૦૧૧માં પશ્ચિમ બંગાળમાં ડાબેરી સરકાર એકવાર સત્તામાંથી બહાર થઈ, ત્યારબાદ ફરી ક્યારેય વાપસી કરી શકી નથી. તેવી જ રીતે ત્રિપુરામાં પણ વર્ષ ૨૦૧૮માં જનતાએ ડાબેરી સરકારને સત્તાની બહારનો રસ્તો બતાવી દીધો હતો. હવે કેરળમાં પણ ડાબેરી સરકાર પડતી હોય તેવું જણાય છે. કેરળમાં યુડીએફની જીત સાથે જ આખા દેશમાંથી ડાબેરીઓનો સફાયો થઈ જશે. તેનો અર્થ એ છે કે દેશના કોઈપણ રાજ્યમાં ડાબેરીઓની સરકાર બચશે નહીં. ■

## બંગાળની ચૂંટણીમાં બોલર અશોક ડિંડાનો જલવો

કોલકાતાઃ ક્રિકેટ બાદ રાજકારણમાં પણ બોલર અશોક ડિંડાએ તરખાટ મચાવ્યો છે. સોમવારના પરિણામ બાદ સાબિત થયું છે કે રાજકારણ હોય કે ક્રિકેટ અશોકે બધામાં પોતાની છાપ છોડી છે. ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ ઝડપી બોલર અશોક ડિંડાએ રાજકારણના મેદાનમાં પોતાની સ્પીડ બતાવી છે. બંગાળની વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર તરીકે અશોકે મોયના સીટમાં શાનદાર વિજય મેળવ્યો છે. તેણે તેના ટીએમસીના હરીફને જોરદાર શિકસ્ત આપી હતી. ચૂંટણી પંચના આંકડા પ્રમાણે અશોકને ૧,૨૭,૧૬૬ મત મળ્યા હતા અને તેણે ૧૬,૨૪૧ મતથી વિજય મેળવ્યો હતો. ટીએમસીના ચદજન મંડળ બીજા અને કમ્યુનિસ્ટ પાર્ટીના ઉમેદવાર સ્વપ્ન કુમાર ત્રીજા સ્થાને આવ્યા હતા. ૪૨ વર્ષના અશોકે મોયના સીટમાં બીજી વાર વિજય મેળવ્યો છે. ૨૦૨૧માં અશોકે તૃણમૂલ કૉંગ્રેસના સંગ્રામ ડોલુઈને ૧૨૬ મતથી હરાવ્યા હતા. અશોક ક્રિકેટમાં તેની ફાસ્ટ બોલિંગ માટે જાણીતો છે. તે ભારત વતી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં રમી ચુક્યો છે. તેણે ૨૦૦૯માં શ્રીલંકા સામે કારકિર્દી શરૂ કરી હતી. તેણે ૧૩ વન-ડે અને નવ ટી-૨૦ મુકાબલામાં ભાગ લીધો છે. તેણે પચાસની સરેરાશથી ૧૨ વિકેટ લીધી છે. તે આઈપીએલમાં ૭૮ મેચ રમી ચુક્યો છે. એમાં તેણે ૩૦.૦૪ની સરેરાશથી ૬૯ વિકેટ ઝડપી છે. તે ફેબ્રુઆરી ૨૦૨૧માં સંન્યાસ લીધા બાદ ભાજપમાં જોડાયો હતો. ■

# ઉમરેઠમાં 30,000 કરતાં વધુ મતે ભાજપના ઉમેદવારની જીત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાંચ વિધાનસભાની ચૂંટણીનાં પરિણામો સાથે ગુજરાતમાં ઉમરેઠ વિધાનસભાની એક બેઠક પર પેટાચૂંટણી માટે મત ગણતરી ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સોમવારે થઈ હતી, જેમાં ભાજપના ઉમેદવાર હર્ષદભાઈ ગોવિંદભાઈ પરમારે ગણતરીના તમામ ૨૩ રાઉન્ડ પૂર્ણ થયા બાદ નિર્ણાયક લીડ મેળવી છે. ભાજપના ઉમેદવારે ૩૦,૭૪૩ મતોની સરસાઈ મેળવી હતી.

ભારતના ચૂંટણી પંચના સત્તાવાર આંકડા અનુસાર, પરમારે ૮૫,૫૦૦ મત (૫૮.૮૮%) મેળવ્યા હતા, જેમાં તેમણે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ભૃગુરાજસિંહ ચૌહાણને હરાવ્યા હતા, ચૌહાણને ૫૪,૭૫૭ મત (૩૭.૭૧%) મળ્યા હતા. હર્ષદ પરમાર ભૂતપૂર્વ સ્વર્ગસ્થ ધારાસભ્ય ગોવિંદભાઈ પરમારના પુત્ર છે, જેમના અવસાન બાદ આ બેઠક પર પેટાચૂંટણી જરૂરી બની હતી. ભાજપ અને કોંગ્રેસ બાદ ત્રીજા સૌથી વધારે મત નોટાને મળ્યા હતા. કુલ ૨,૩૩૫ મતદારે એકપણ ઉમેદવારને પસંદ ન કરતા નોટાનું બટન દબાવ્યું હતું. આ મતવિસ્તારમાં કુલ ૧,૪૫,૨૧૨ મતની ગણતરી કરવામાં આવી હતી, જેમાં ૧,૪૫,૦૦૬ મત ઈવીએમ દ્વારા નોંધાયા હતા અને ૨૦૬ પોસ્ટલ બેલેટનો સમાવેશ થાય છે.

# એચએસસીનું પરિણામઃ સામાન્ય પ્રવાહનું ૯૨.૭૧ ટકા અને વિજ્ઞાન પ્રવાહનું ૮૪.૩૩ ટકા

અમદાવાદઃ ગુજરાત બોર્ડનું ધોરણ ૧૨નું પરિણામ સોમવારે જાહેર થયું હતું. ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૮૪.૩૩ ટકા અને સામાન્ય પ્રવાહનું ૯૨.૭૧ ટકા પરિણામ જાહેર થયું હતું. ૨૦૨૬ની પરીક્ષામાં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના ૧,૧૯,૨૬૩ અને સામાન્ય પ્રવાહના ૫,૦૧,૨૮૬ એમ કુલ ૬.૨૦ લાખ પરીક્ષાર્થી હતા. વિજ્ઞાનપ્રવાહમાં મોરબી જિલ્લો અને સામાન્ય પ્રવાહમાં ડાંગ જિલ્લો રાજ્યમાં સૌથી વધુ પરિણામ સાથે પ્રથમ ક્રમે રહ્યા છે. રાજ્યની કુલ ૨,૦૩૦ શાળાઓનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. આ વખતે પણ વિદ્યાર્થિનીઓએ મેદાન માર્યું હતું. ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં એ ગ્રુપના ૯૦.૭૯ ટકા, બી ગ્રુપના ૭૯.૮૭ ટકા અને એબી ગ્રુપનું ૬૯.૪૪ ટકા પરિણામ જાહેર થયું હતું. એ-૧ ગ્રેડમાં ૧૫૭૬, એ-૨ ગ્રેડમાં ૧૧,૭૫૬, બી-૧ ગ્રેડમાં ૧૯,૩૧૦, બી-૨ ગ્રેડમાં ૨૦,૭૯૧, સી-૧ ગ્રેડમાં ૨૦,૮૫૯, સી-૧ગ્રેડમાં ૧૬૦૪૭, ડી ગ્રુપમાં ૩,૩૨૧ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. ગુજસેટમાં ૨૦૨૬માં એ ગ્રુપમાં ૬૯૫ અને બી ગ્રુપમાં ૭૬૪ વિદ્યાર્થીઓએ ૯૯થી વધુ પીઆર મેળવ્યા હતા.

સામાન્ય પ્રવાહમાં વિદ્યાર્થીઓનું પરિણામ ૯૦.૧૦% રહ્યું છે, જેની સામે વિદ્યાર્થિનીઓનું પરિણામ ૯૫.૪૧% આવ્યું છે. આમ, વિદ્યાર્થીઓની સરખામણીએ વિદ્યાર્થિનીઓનું પરિણામ ૫.૩૧% વધુ રહ્યું છે, જે દર્શાવે છે કે શિક્ષણમાં વિદ્યાર્થિનીઓ વધારે ગંભીરતાથી સતત આગળ વધી રહી છે.

આ સાથે સૌરાષ્ટ્ર માટે સારા સમાચાર એ છે વિજ્ઞાન પ્રવાહમાં મોરબી જિલ્લાનું સૌથી વધુ ૯૪.૮૫ ટકા પરિણામ આવ્યું છે. જ્યારે સામાન્ય પ્રવાહમાં પ્રમાણમાં ઓછા વિકસિત એવા આહવા-ડાંગ જિલ્લાનું પરિણામ ૯૭.૮૮ ટકા આવ્યું છે જ્યારે ગુજરાતના સૌથી વિકસિત શહેર અમદાવાદનું પરિણામ સૌથી ઓછું ૮૭.૧૦ ટકા નોંધાયું છે.

# સુરતમાં પરિણીત બ્રાહ્મણ મહિલાને ધર્મપરિવર્તનની ફરજ પડાયાનો આરોપ, તપાસનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના કામરેજ તાલુકાના કરજણ ગામમાં પરિણીત બ્રાહ્મણ મહિલાને સંબંધોમાં ફસાવી બળજબરીપૂર્વક ધર્મ પરિવર્તનની ફરજ પાડવામાં આવી હોવાનો કિસ્સો બહાર આવ્યો હતો. આ મામલે રાજ્યના પ્રધાન પ્રફુલ પાનશેરિયાએ પોલીસને તપાસના આદેશ આપ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. કામરેજ પોલીસ સ્ટેશનમાં દાખલ કરાયેલી ફરિયાદ મુજબ, બે બાળકોની માતા એવી મહિલાના પતિએ આરોપ લગાવ્યો હતો કે પડોશી ગાલા ગામના એક મુસ્લિમ યુવકે તેની પત્ની સાથે મિત્રતા કરી હતી અને ત્યારબાદ તેનું બ્રેઈનવોશ કર્યું હતું. ફરિયાદીએ વધુમાં આરોપ લગાવ્યો હતો કે તેમની પત્ની પર ધર્મ પરિવર્તન માટે સતત દબાણ કરવામાં આવી રહ્યું છે. મહિલાના પતિએ આશંકા જતાવી હતી કે આ માત્ર તેમની પત્ની પૂરતું સીમિત ન હોય અને એક ષડ્યંત્રનો ભાગ પણ હોઈ શકે. આરોપોની ગંભીરતાને ધ્યાનમાં લઈ પાનશેરિયાએ પરિવારની મુલાકાત લીધી હતી. મળતી માહિતી અનુસાર ત્યારબાદ પ્રફુલ પાનસેરિયાએ સુરત જિલ્લા પોલીસ વડા સાથે ટેલિફોન પર વાતચીત કરી, અધિકારીઓને સંપૂર્ણ તપાસ કરવા, વ્યાપક નેટવર્કની શક્યતા તપાસવા અને કાયદા અનુસાર કડક પગલાં લેવા નિર્દેશ આપ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે તેમણે તપાસ શરૂ કરી દીધી છે.

# વડા પ્રધાન આવતા અઠવાડિયે વડોદરા, ગાંધીનગર, સોમનાથ અને જામનગરની મુલાકાત લે તેવી શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી આવતા અઠવાડિયે ગુજરાતની મુલાકાત લે તેવી શક્યતા છે, જેમાં વડોદરા, ગાંધીનગર અને સોમનાથમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે અહેવાલો અનુસાર વડા પ્રધાન જામનગરની મુલાકાત લે તેવી શક્યતા પણ છે.

બિનસત્તાવાર માહિતી અનુસાર વડા પ્રધાન ૧૦ મેના રોજ જામનગર આવે તેવી શક્યતા છે અને ૧૧ મેના રોજ અન્ય કાર્યક્રમો માટે રવાના થતાં પહેલાં શહેરમાં રાત્રિ રોકાણ કરે તેવી શક્યતા છે. મુલાકાતની અપેક્ષાએ, સ્થાનિક અધિકારીઓએ તૈયારીઓ શરૂ કરી દીધી હોવાનું પણ જાણવા મળ્યું છે. પ્રસ્તાવિત મુલાકાત દરમિયાન, જામનગર અને આસપાસના વિસ્તારોમાં અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્‌ઘાટન અથવા શિલાન્યાસ થશે, તેમ જાણવા મળ્યું છે. વડા પ્રધાન ૧૧ મેના રોજ વડોદરામાં સરદારધામ સંકુલનું ઉદ્‌ઘાટન પણ કરવાના છે.

આ સાથે ગાંધીનગર ૧૧ અને ૧૨ મેના રોજ બ્રિક્સ રાષ્ટ્રોની એક મહત્ત્વપૂર્ણ બેઠકનું આયોજન થયું છે, જેમાં વડા પ્રધાન ઉપસ્થિત રહેશે. આ અંગે સત્તાવાર જાહેરાતની રાહ જોવાઈ રહી છે.

# અમદાવાદ સહિત ગુજરાતમાં ગરમીનું સામ્રાજ્ય યથાવત્‌ઃ આવતા અઠવાડિયે વધુ આકરા તાપ માટે તૈયાર રહો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં એપ્રિલ મહિનાથી જ વાતાવરણમાં ગરમી વર્તાઈ રહી છે. તપમાન થોડું ઘણું ઓછું વધતું થયા કરે છે, પરંતુ મોટા ભાગનાં શહેરોમાં ગરમીનો માહોલ છે. થોડા દિવસો પહેલા અમદાવાદ સહિતના ચાર શહેરોમાં મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રીને પાર ગયું હતું, ત્યારે હાલમાં ઘણાં શહેરો ૪૨ ડિગ્રી તાપમાનમાં તપી રહ્યા છે અને આવનારા દિવસોમાં ફરી પારો વધુ ઊંચકાઈ તેવી આગાહી થઈ રહી છે.

સોમવારે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રી નોંધાયું હતું. આ સાથે ગાંધીનગરમાં પણ પારો ૪૨ ડિગ્રી નોંધાયો હતો. રાજકોટમાં ૪૧, વડોદરામાં ૪૦ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૪૨, ડિસામાં ૪૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જોકે અમુક શહેરોમાં ગરમીનું પ્રમાણ થોડું ઘટ્યું હોય તેમ જણાઈ છે. ભુજમાં ૩૮, પોરબંદરમાં ૩૩, ભાવનગરમાં ૩૯ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. મોટાભાગનાં શહેરોમાં ગરમીનો પારો ૩૫ ડિગ્રીથી ઉપર રહ્યો હતો.

હવામાન ખાતાએ આવનારા દિવસોમાં ખાસ કરીને નવ અને ૧૦ મેના રોજ ફરી ગરમી વધશે, તેવી આગાહી કરી છે. આથી ગુજરાતના લોકોએ હજુ વધુ ગરમી માટે તૈયાર રહેવું પડશે તેમ જણાઈ રહ્યું છે

# ગુજરાત રાજ્ય સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં બે ટકાનો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે મોંઘવારી ભથ્થામાં બે ટકાનો વધારો કરાયો છે. સરકારની જાહેરાતથી લાખો કર્મચારી અને પેન્શરોને ફાયદો થશે. હાલમાં કર્મચારીઓને મોંઘવારી ભથ્થુ ૫૮ ટકા મળતું હતું, તે વધીને ૬૦ ટકા થયું છે એટલે કે બે ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ સાથે આ વધારો જાન્યુઆરી-૨૦૨૬થી લાગુ પાડવામાં આવ્યો હોવાની માહિતી મળી હતી. આ વધારાનો લાભ ગ્રાન્ટ ઈન એડ સ્કૂલ્સ અને શૈક્ષણિક સંસ્થાઓના સ્ટાફ, પંચાયતના કર્મચારીઓ, અખિલ ભારતીય સેવાના અધિકારીઓ તેમ જ પેન્શનધારકોને મળશે. રાજ્ય સરકારે જાહેર કરેલા પરિપત્ર અનુસાર મોંઘવારી ભથ્થામાં વધારો મે-૨૦૨૬ના પગાર સાથે આપવાનો રહેશે. જાન્યુઆરીથી વધારો લાગુ પડ્યો હોવાથી જાન્યુઆરી ૨૦૨૬થી એપ્રિલ ૨૦૨૬ સુધીના વધારાની જે રકમ લાભધારકને મળવાપાત્ર હશે તે ઠરાવ પ્રસિદ્ધ થયા બાદ એક અઠવાડિયામાં મેં માસના પગારની સાથે રોકડમાં ચૂકવવાની રહેશે.

# સુરતમાં ટ્રેક્ટર ઊછળતા બાળકનું મોત, જામખંભાળિયામાં આખલાએ કિશોરનો જીવ લીધો

અમદાવાદઃ સુરતમાં અકસ્માતની એક હચમચાવી દેતી ઘટના ઘટી હતી. અહીં પિતા ટ્રેક્ટર ચલાવતા હતા અને તેમાં બેસેલું ત્રણ વર્ષનું બાળક ઊછળી રસ્તા પર પટકાતા તેનું કરૂણ મોત નિપજ્યું હતું. તો બીજી બાજુ જામ ખંભાળિયામાં એક રખડતા આખલાએ ૧૩ વર્ષના કિશોરને મારી નાખવાની ઘટના ઘટી હતી.

સુરતમાં પાલનપુર જકાતનાકા પાસે સુરેશભાઈ ડામોર અને તેમનો પરિવાર રહે છે. આ શ્રમિક પરિવાર મૂળ દાહોદના વતની છે. સુરેશભાઈ ટ્રેક્ટર પણ ચલાવતા હોવાથી તેઓ પત્ની અને ત્રણ બાળકને ટ્રેક્ટરમાં બેસાડી કેનાલ રોડથી પાલનપુર તરફ જતા હતા. ટ્રેક્ટર જ્યારે મોગાભાગળ બોટનિકલ ગાર્ડન પાસેના વોક-વે રોડ પરથી પસાર થયું ત્યારે એકાએક સ્પીડ બ્રેકર આવતા ટ્રેક્ટર ઊછળ્યું હતું અને તેમાં બેસેલો તેમનો ત્રણ વર્ષનો પુત્ર આકાશ પણ ઊછળ્યો હતો અને રસ્તા પર પટકાતા તે ટ્રેક્ટરના વ્હિલ નીચે આવી ગયો હતો. તેને હૉસ્પિટલે લઈ જવામાં આવ્યો હતો, પરંતુ અહીં તેનું મોત નિપજ્યું હતું.

# કચ્છના દરિયાકાંઠે સુરક્ષા એજન્સીઓનું હાઈ-અલર્ટઃ વધુ સાત પેકેટ ડ્રગ્સ સાથે શંકાસ્પદ ‘ડ્રોન’નો ભાગ મળતા ખળભળાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છની સંવેદનશીલ દરિયાઈ સરહદ પરથી નશીલા પદાર્થો મળવાનો સિલસિલો યથાવત્‌ રહ્યો છે. માંડવીના કોસ્ટલ વિસ્તારમાંથી વધુ સાત બિનવારસુ પેકેટ મળી આવતા છેલ્લા ત્રણ દિવસમાં જપ્ત કરાયેલા ડ્રગ્સ અને ચરસના પેકેટોની કુલ સંખ્યા ૩૭ પર પહોંચી છે. બીજી તરફ, સિંધોડી દરિયાઈ પટ્ટી પરથી એક શંકાસ્પદ ડ્રોનનો અવશેષ મળી આવતા સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ ગઈ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, માંડવીના દરિયાકાંઠા વિસ્તારમાં નિયમિત પેટ્રોલિંગ દરમિયાન સુરક્ષા દળોને ડ્રગ્સના વધુ સાત પેકેટ હાથ લાગ્યાં હતાં, જયારે અબડાસાના સિંધોડી દરિયાઈ વિસ્તારમાંથી એક મોટા કદના શંકાસ્પદ ડ્રોનનો ભાગ મળી આવ્યો. ડ્રગ્સના જથ્થાની સાથે ડ્રોનના અવશેષો મળવાની આ ઘટનાએ કચ્છની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. આ શંકાસ્પદ ડ્રોનને લઈને હાલમાં વિવિધ તર્ક-વિતર્ક શરૂ થયા છે. ચર્ચા એવી પણ છે કે, શું આ કાટમાળ હાલના ઇરાન-ઇઝરાયલ-અમેરિકા યુદ્ધમાં વપરાયેલા અને સમુદ્રમાં ગરક થયેલા કોઈ ડ્રોનનો છે? અથવા તો દરિયામાં ચાલતી સૈન્ય કવાયત દરમિયાન ધ્વસ્ત થયેલા કોઈ ડ્રોનનો આ ભાગ છે? જો કે, આ કાટમાળ અંગે એરફોર્સની ટીમ ઝીણવટભરી તપાસ કરશે, ત્યારબાદ જ તેની ચોક્કસ ઓળખ અને વિગતો જાણી શકાશે.

સમગ્ર કોસ્ટલ બેલ્ટ પર હાલમાં હાઈ-એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે અને અન્ય કોઈ શંકાસ્પદ વસ્તુ કે પેકેટ દરિયાકિનારે તણાઈ ન આવે તે માટે રાઉન્ડ-ધ-ક્લોક પેટ્રોલિંગ વધારી દેવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે.

દરિયાના પેટાળમાં કંઇ જ રહેતું નથી. સમુદ્રી તળમાં ગરક થયેલી નાની-મોટી દરેક વસ્તુઓ દરિયાઇ મોજાંમાં તણાઇને કિનારે આવી પહોંચે છે, ત્યારે ગઇકાલે સિંધોડી પાસેના કિનારેથી મળેલા ડ્રોનના પાંખિયાના કાટમાળ અંગે તર્ક-વિતર્ક શરૂ થયા છે.

# રોગી કલ્યાણ સમિતિને જન આરોગ્ય સમિતિમાં રિ-સ્ટ્રક્ચર કરવાની સરકારની જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના નાગરિકોને ઘરઆંગણે શ્રેષ્ઠ પ્રાથમિક આરોગ્ય સેવાઓ મળી રહે તે હેતુથી ભારત સરકારના આયુષ્માન ભારત કાર્યક્રમ અંતર્ગત ‘આયુષ્માન ભારત શહેરી આરોગ્ય કેન્દ્રો’ને હવે ‘શહેરી આયુષ્માન આરોગ્ય મંદિર’ તરીકે કાર્યરત કરવામાં આવ્યા છે. રાજ્યમાં આરોગ્ય ક્ષેત્રે પારદર્શિતા અને લોકભાગીદારી વધારવા માટે આરોગ્ય રાજ્ય પ્રધાન પ્રફુલ પાનશેરિયાએ ‘જન આરોગ્ય સમિતિ’ના ગઠન અને રોગી કલ્યાણ સમિતિના રી-સ્ટ્રક્ચરિંગ અંગેની આરોગ્યલક્ષી જાહેરાત કરી હતી. આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, ભારત શહેરી આયુષ્માન આરોગ્ય મંદિરનાં કેન્દ્રો એ માત્ર સારવાર જ નહીં, પરંતુ પ્રિવેન્ટિવ, ક્યુરેટિવ, પ્રમોટિવ અને રિહેબિલેટિવ અને પિલિયાટિવ કેર પૂરી પાડતા મુખ્ય કેન્દ્રો બનશે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૧થી ૨૦,૦૦૦ થી ૨૫,૦૦૦ ની વસ્તી દીઠ એક ‘શહેરી આયુષ્માન આરોગ્ય મંદિર’ કાર્યરત કરવામાં આવ્યા છે, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી.

# ગુજરાતમાં કમર્શિયલ ગૅસ સિલિન્ડરના ભાવવધારાથી હૉટેલ-રેસ્ટોરાં ઉદ્યોગને ફટકો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશભરમાં ૧ મે ૨૦૨૬થી કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં તોતિંગ વધારો થયો છે. ૧૯ કિલોના કોમર્શિયલ સિલિન્ડરમાં ₹૯૯૩નો વધારો થતા હૉટેલ અને રેસ્ટૉરન્ટ ઉદ્યોગને જબરદસ્ત આર્થિક ફટકો પડ્યો છે. આ ભાવ વધારાની અસર ગુજરાતમાં પણ જોવા મળી રહી છે. અમદાવાદમાં એલપીજી સિલિન્ડરનો ભાવ ₹૩,૦૦૦ ને વટાવીને અંદાજિત ₹૩,૦૯૧થી ₹૩,૧૬૯ ની સપાટીએ પહોંચ્યા છે.

કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં થયેલા તીવ્ર વધારાએ હોટલ-રેસ્ટોરન્ટ ઉદ્યોગને વધુ ભયંકર કટોકટીમાં ધકેલી દીધો છે. આ અચાનક વધારાથી ખાસ કરીને હૉટલ-રેસ્ટૉરન્ટ માલિકોની સાથે સાથે ઢાબા અને કેટરિંગ સેવાઓ સાથે સંકળાયેલા લોકોને તેમના ખર્ચનું સંચાલન કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે, જેની ગ્રાહકો પર પણ અસર થવાની શક્યતા છે. સરકારી ભાવે સિલિન્ડર ન મળતા રેસ્ટોરન્ટ સંચાલકોએ કાળાબજારમાં પણ સિલિન્ડર ખરીદવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. ગૅસની આ સમસ્યાના કારણે રેસ્ટોરન્ટ સંચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, સરકારી ભાવ મુજબ કોમર્શિયલ સિલિન્ડર ૩,૭૦૦ રૂપિયામાં મળે, છે જ્યારે એ જ સિલિન્ડર કાળાબજારીમાં ચાર હજારથી પાંચ હજાર રૂપિયામાં વેચાઈ રહ્યું છે.

આ વિકટ પરિસ્થિતિમાં રેસ્ટૉરન્ટ સંચાલકો માટે ગુજરાતી થાળી સહિતના ભોજનના ભાવમાં વધારો કરવો અનિવાર્ય બન્યો છે. એક સામાન્ય અનુમાન મુજબ હોટલ-રેસ્ટોરન્ટો, ઢાબાઓમાં મળતા ભોજનના ભાવમાં ૨૦ ટકા સુધીનો ભાવ વધારો ઝીંકાશે તેવી પૂરેપૂરી શક્યતા છે. જો આવું થશે તો આગામી દિવસોમાં સામાન્ય લોકોના ખિસ્સા પર વધારાનો બોજ પડશે તે નક્કી છે.

# રાજકોટમાં ગોંડલ ચોકડી પાસે ગમખ્વાર અકસ્માત બે લોકોનાં કરુણ મોત, પાંચ ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટના ગોંડલ રોડ પર બપોરે પૂરપાટ ઝડપે આવી રહેલી બે કાર વચ્ચે જબરદસ્ત ટક્કર થઈ હતી, આ ભયાનક અકસ્માતમાં બે વ્યક્તિના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા હતા. આ ઉપરાંત પાંચ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. જેમને સારવાર અર્થે રાજકોટની સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

મળતી વિગતો મુજબ, ૪ મે, ૨૦૨૬ના રોજ બપોરે થાનગઢનો પરિવાર ગોંડલ ખાતે લૌકિક પ્રસંગમાં હાજરી આપીને પરત ફરી રહ્યો હતો, ત્યારે માર્ગમાં ગોંડલ ચોકડી નજીક પરિવારની ઇકો કારને સામેથી આવતી સ્કોર્પિયોએ ધડાકાભેર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં થાનગઢના રહેવાસી બે સગા ભાઈઓ શામજીભાઈ નરશીભાઈ પાટડીયા (ઉ.વ. ૭૦) અને મગનભાઈ નરશીભાઈ પાટડિયા (ઉં.વ. ૬૦) ના ઘટના સ્થળે જ મોત થયા હતા. જ્યારે અન્ય પાંચ મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. પરિવારના બે મોભીઓના એકસાથે મૃત્યુથી પાટડિયા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

ભયાનક દુર્ઘટનામાં મહેબૂબભાઈ અંસારી, સાહિલ યાકુબ કુરેશી ( કોઠારિયા સોલ્વન્ટ વિસ્તાર, રાજકોટ), હંસાબેન મગનભાઈ (રહે. થાનગઢ), સરસ્વતીબેન જાગાની (રહે. રણછોડનગર, રાજકોટ) અને ઉશાબેન પાટડિયા નામના લોકોનો સમાવેશ થાય છે. તમામ ઇજાગ્રસ્તોને રાજકોટ સિવિલ હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.

આ ગંભીર ઘટનાની જાણ થતા જ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે અકસ્માત અંગેનો ગુનો નોંધીને વધુની કાર્યવાહી હાથ ધરી છે. ઘટનાને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી.

# સુરતમાં વરાછાની એસબીઆઈ બૅન્કમાં લૂંટ મામલે યુપીમાંથી બે આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના વરાછા વિસ્તારમાં આવેલી સ્ટેટ બૅંક ઓફ ઈન્ડિયા (એસબીઆઇ)ની શાખામાં ૨૭ એપ્રિલના રોજ સોમવારે એસબીઆઈ બૅંકમાં પાંચ જેટલા લૂંટારુઓએ બૅંકના કર્મચારીઓ અને ગ્રાહકોને ધમકાવીને રૂ. ૫૦ લાખની લૂંટ ચલાવી હતી. ત્યારબાદ આરોપીઓ ગણતરીની મિનિટોમાં ફરાર થઈ ગયા હતા. ચોરીની ઘટના બાદ પોલીસે આરોપીઓને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા. અંતે પોલીસને સફળતા મળી હતી. સુરત ક્રાઈમ બ્રાન્ચ (ડીસીબી)એ ટેક્‌નિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે પોલીસે ઉત્તર પ્રદેશના અયોધ્યા અને ગોંડા વિસ્તારમાંથી આરોપી શુભમ કુમાર ઠાકુર અને વિકાસ સિંઘની ધરપકડ કરી હતી. પકડાયેલા આરોપીઓને ગોંડા કોર્ટમાં ટ્રાન્ઝિટ રિમાન્ડ માટે રજૂ કરવામાં આવશે. કોર્ટ દ્વારા મંજૂરી મળ્યા બાદ તેમને સુરત લાવવામાં આવશે, જ્યાં તેમની સઘન પૂછપરછ કરવામાં આવશે. પોલીસને આશા છે કે આ બંને આરોપીઓ પાસેથી અન્ય સાગરિતો, લૂંટમાં વપરાયેલા હથિયારો અને લૂંટેલી રકમ અંગે મહત્ત્વપૂર્ણ માહિતી મળી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે, શહેરના અતિ વ્યસ્ત વરાછા વિસ્તારમાં એલ.એચ. રોડ સ્થિત આવેલી એસબીઆઈ બૅંકમાં હિન્દી ભાષા બોલતા આ યુવાનો અચાનક જ ઘુસી આવ્યા હતા અને પિસ્તોલ કાઢીને મહિલાઓ સહિતના સ્ટાફ અને ગ્રાહકોને બાનમાં લેવાનું શરૂ કર્યું હતું. તેમણે એક તરફ લઈ જઈ કેશિયર પાસેથી ૧૨ લાખ રૂપિયા લૂંટ્યા હતા. તેઓ ત્યાંથી ભાગવાની તૈયારી કરતા હતા તે સમયે જ બેન્કમાં કેશ ડિપોઝિટ કરતી વેન પૈસા ભરેલું બોક્સ લઈને આવતા તેને પણ બંધક બનાવી તેમાંથી બીજા ૪૦ લાખ રૂપિયા મળી કુલ ૫૨ લાખ રૂપિયાની મતાની લૂંટ કરી હતી અને પૈસા થેલા અને બેગમાં ભરી તેમ જ સ્ટાફ અને ગ્રાહકોના મોબાઈલ ફોન લઈ ત્રણ બાઈક પર ફરાર થઈ ગયા હતા.

# અમદાવાદમાં વધુ એક હત્યા, ચાર શખસે ભેગા મળી યુવકનું ઢીમ ઢાળી દીધું

અમદાવાદઃ શહેરમાં ગુનાખોરીનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. અસામાજીક તત્ત્વો બેફામ બની ગુના આચરી રહ્યા છે. અમદાવાદના માધુપુરા વિસ્તારમાં ટૂ-વ્હિલર પાર્કિંગ મુદ્દે તકરાર થયા બાદ મામલો વણસ્યો હતો અંતે એક યુવકની નિર્મમ હત્યા થતા ચકચાર મચી ગઈ હતી. શહેરની જૂની પોલીસ કમિશનર કચેરી નજીક ધોળે દિવસે કે ભરચક વિસ્તારમાં સરેઆમ હત્યા થતા કાયદો અને વ્યવસ્થા સામે સવાલો ઊઠ્યા છે. આ મામલે ચાંદખેડા વિસ્તારના ભોલાભાઈ પાર્કમાં રહેતા સંદીપ મિશ્રાએ માધુપુરા પોલીસ સ્ટેશનમાં ઈન્દ્રજિત પટેલ, આકાશ પટેલ, આકાશ રાઉત અને લાલીપ્રસાદ વિરુદ્ધ પોતાના મોટા ભાઈ મિથિલેશ ઉર્ફે મુન્નાની હત્યાની ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓએ ગુસ્સામાં આવીને મિથિલેશ પર પાઈપ, લોખંડના સળિયા અને બેલ્ટથી હુમલો કર્યો હતો. હુમલો એટલો ગંભીર હતો કે મિથિલેશ ગંભીર રીતે લોહીલુહાણ થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ માધુપુરા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. પોલીસે સ્થળનો પંચનામું કરીને પુરાવા એકત્રિત કર્યા હતા અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલ ખસેડ્યો હતો. પોલીસે આરોપીઓ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તેમની શોધખોળ શરૂ કરી છે. મૃતક મિથિલેશ માધુપુરા માર્કેટમાં મજૂરી કામ કરીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. ઘટનાના સમયે પાર્કિંગ બાબતે મિથિલેશને અન્ય ચાર શખસ સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ વિવાદ એટલો વધી ગયો હતો કે ચારેય શખસે ઉશ્કેરાઈને મિથિલેશ પર હુમલો કરી દીધો હતો. ચાર લોકોએ ભેગા મળીને તેને બેરહેમીથી ઢોર માર માર્યો હતો, જેના કારણે ગંભીર ઈજાઓ થવાથી મિથિલેશનું ઘટનાસ્થળે જ અથવા સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

# એસીબી ગુજરાતે તલાટી-મંત્રીને લાંચ-રુશ્વત કેસમાં પકડ્યો

અમદાવાદઃ એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી) એ સોમવારે બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના રામપુરા (દામા) ગ્રામ પંચાયતમાં ૧૫,૦૦૦ રૂપિયાની લાંચ લેતા તલાટી-કમ-મંત્રીને રંગે હાથે ઝડપ્યો હતો.

એસીબીના જણાવ્યા અનુસાર, ફરિયાદીએ ૧૫મા નાણાપંચ હેઠળ રામપુરા ગામમાં વિકાસ કાર્યો કર્યા હતા. આ કામો સંબંધિત બિલો મંજૂર કરવા અને જરૂરી મંજૂરી આપવા માટે, રામપુરા (દામા) ગ્રામ પંચાયત (વર્ગ-૩) ખાતે તલાટી-કમ-મંત્રી તરીકે ફરજ બજાવતા આરોપી કીર્તિકુમાર રામાભાઈ પ્રજાપતિએ કથિત રીતે ટકાવારી કમિશન તરીકે ૧૫,૦૦૦ રૂપિયાની ગેરકાયદે લાંચ માગી હતી, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. લાંચ આપવા તૈયાર ન હોવાથી, ફરિયાદીએ એસીબીનો સંપર્ક કર્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ એસીબી એ છટકું ગોઠવ્યું હતું.

# આંતરરાજ્ય બાળતસ્કરીના કેસમાં મુરુગન ગેંગની બે મહિલા ઝડપાઈ

અમદાવાદઃ બનાસકાંઠાની લોકલ ક્રાઈમ બ્રાન્ચએ આંતરરાજ્ય બાળ તસ્કરી રેકેટના સંબંધમાં વધુ ત્રણ વ્યક્તિની ધરપકડ કરી છે, જેમાં ‘મુરુગન ગેંગ’ની બે મુખ્ય મહિલા કાર્યકર અને પોતાની નવજાત પુત્રીને વેચનાર એક વ્યક્તિનો સમાવેશ થાય છે. આ ધરપકડ સાથે, આ કેસમાં પકડાયેલા આરોપીઓની કુલ સંખ્યા ૧૦ થઈ ગઈ છે. ટેકનિકલ સર્વેલન્સ ઇનપુટ્સના આધારે, એલસીબી ટીમોએ તેલંગાણા સુધીના નેટવર્કને શોધી કાઢ્યું અને સિકંદરાબાદથી બે મુખ્ય શંકાસ્પદો, રાની અને શિવાનીની ધરપકડ કરી હતી. બંને પશ્ચિમ મેરેડપલીના રહેવાસી છે અને અગાઉ ધરપકડ કરાયેલા સાત આરોપીની પૂછપરછના આધારે તેમની ઓળખ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર આ ગેંગ મુખ્યત્વે નિઃસંતાન દંપતી પર નજર રાખતા હતા. શરૂઆત હૈદરાબાદના આઈવીએફ સેન્ટર પર આવતા દંપતીઓથી થઈ હતી.

# ચૂંટણી પંચ ભાજપનો 'મિત્ર પક્ષ' ૯૦ લાખ મત ડિલીટ કર્યા હોવાનો સંજય રાઉતનો આક્ષેપ

મુંબઇઃ પશ્ચિમ બંગાળ, તમિળનાડુ, આસામ, કેરળ અને પુડુચેરીની વિધાનસભા ચૂંટણીઓ અંગે સંજય રાઉતે ભાજપ પર એક સાથે ૯૦ લાખ મતો ડિલીટ કરવાનો આરોપ લગાવ્યો હતો. સાથે જ તેમણે એવી ટીકા પણ કરી હતી કે ચૂંટણી પંચ એ ભાજપનો 'મિત્ર પક્ષ' છે.

સંજય રાઉતે ભાજપ પર નિશાન સાધતા જણાવ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં મમતા બેનજીરને પછાડવા માટે ચૂંટણી પંચ અને ભાજપે મળીને મતદાર યાદીમાંથી અંદાજે ૯૦ લાખ મતો દૂર કર્યા છે. રાઉતના મતે જ્યારે આટલી મોટી સંખ્યામાં મતો ડિલીટ કરવામાં આવે, ત્યારે તેની સીધી અસર ચૂંટણીના પરિણામો પર પડે છે.

ચૂંટણી પંચ એ ભાજપનો સાથી પક્ષ છે અને જો તેઓ સાથે હોય તો કંઈ પણ કરી શકે છે. ભાજપને ચૂંટણી જીતવી હોય છે, ત્યારે તેઓ આવા તમામ હથકંડા અપનાવે છે, એમ રાઉતે ઉમેર્યું હતું.

# પાલઘરની ૫૭ સ્કૂલના ૯-૧૦ના વર્ગ બંધ કરવા સામે વિરોધ

પાલઘરઃ બિન સરકારી સંસ્થા - એનજીઓ શ્રમજીવી સંગઠને સોમવારે જણાવ્યું હતું કે ભંડોળની અછત અને શિક્ષકોના પગાર અંગેની કાનૂની ગૂંચવણોને પગલે ૫૭ શાળાઓમાં ધોરણ ૯ અને ૧૦ના વર્ગ સ્થગિત કરવાના પાલઘર જિલ્લા પરિષદના નિર્ણય સામે વિરોધ પ્રદર્શન કરશે.

જિલ્લા પરિષદે જણાવ્યું હતું કે તેમણે આ નિર્ણય લીધો છે કારણ કે આ શિક્ષકોના હોદ્દાઓને રાજ્યની સત્તાવાર મંજૂરી ન હોવાથી આદિજાતિ વિકાસ વિભાગે ભંડોળ ફાળવવાનો ઇનકાર કર્યો હતો. જિલ્લા પરિષદ શિક્ષણ વિભાગના આ પગલાથી દૂરના અને આદિવાસી વિસ્તારોના વિદ્યાર્થીઓ પર ગંભીર અસર પડશે, જેના કારણે ઘણા લોકોને લાંબા અંતરની મુસાફરી કરવી પડશે અથવા શાળા છોડી દેવી પડશે. આ માત્ર વહીવટી નિર્ણય નથી પરંતુ આદિવાસી અને ગ્રામીણ સમુદાયોના બાળકોના શિક્ષણના અધિકાર પર સીધો પ્રહાર છે,'એમ સંગઠનના કાર્યકર્તાએ જણાવ્યું હતું.

# સરકારી ટેન્ડરમાં નફાને બહાને બિઝનેસ કન્સલ્ટન્ટ પાસેથી ૯૮ લાખ પડાવ્યા

થાણેઃ સરકારી ટેન્ડરમાં સારો નફો અપાવવાની લાલચે બે આરોપીએ થાણેના બાવન વર્ષના બિઝનેસ કન્સલ્ટન્ટ સાથે ૯૮ લાખ રૂપિયાની કથિત છેતરપિંડી કરી હતી.

ફરિયાદીને ઓળખતા બન્ને આરોપીએ તે બે કંપનીના માલિક હોવાનો દાવો કર્યો હતો. આરોપીએ ફરિયાદીને કહ્યું હતું કે તેમને ઈલેક્ટ્રોનિક્સ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયા લિમિટેડ મારફત ઉત્તર પ્રદેશ સરકારના મોબાઈલ ફોન સપ્લાયના ટેન્ડર પ્રાપ્ત કર્યા છે. આમાં રોકાણ કરવા પર સારો નફો મળવાની લાલચ ફરિયાદને અપાઈ હતી.

આરોપીની વાતોમાં આવી એપ્રિલથી ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન ફરિયાદીએ ૯૮ લાખ રૂપિયા આરોપીએ આપેલા બૅન્ક ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા, એવું ચિતળસર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. જોકે બાદમાં આરોપીએ નફાની રકમ ચૂકવી નહોતી અને મૂળ રોકાણ પાછું કરવામાં પણ ઉડાઉ જવાબ આપ્યા હતા. આરોપીએ ફરિયાદના કૉલ્સ રિસીવ કરવાનું પણ ટાળ્યું હતું. આખરે પોતે છેતરાયો હોવાની જાણ થતાં ફરિયાદીએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

# થાણેમાં વિચિત્ર અકસ્માતઃ છ વાહન એકબીજા સાથે અથડાતાં એક જખમી

થાણેઃ થાણેમાં બ્રિજના ઢોળાવ પર થયેલા વિચિત્ર અકસ્માતમાં છ વાહન એકબીજા સાથે અથડાયાં હતાં. આ ઘટનામાં ચાર વાહનને નુકસાન થયું હતું અને ટેમ્પો ડ્રાઈવર જખમી થયો હતો. પોલીસના જણાવ્યા મુજબ ઘટના સોમવારની બપોરે ૧.૪૭ વાગ્યે નાશિક-મુંબઈ રોડ પર નીતિન કંપની બ્રિજ ખાતે બની હતી. અકસ્માતમાં ઘવાયેલા ટેમ્પો ડ્રાઈવર શેખ શાબીર મહમૂદ (૨૨)ને સારવાર માટે નજીકની હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. થાણેના ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલના ચીફ યાસીન તડવીએ જણાવ્યું હતું કે થાણેની દિશામાં નીતિન કંપની બ્રિજ પરથી નીચે ઊતરતી વખતે એક વાહનના ડ્રાઈવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. આ વાહને આગળ જઈ રહેલી કારને ટક્કર મારી હતી. પછી તો એક પછી એક પાંચેક વાહન આગળના વાહન સાથે ટકરાયાં હતાં. છ વાહન એકબીજા સાથે ટકરાયાની જાણ થતાં પોલીસ અને ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ ઘટનામાં ટેમ્પોને સૌથી વધુ નુકસાન થયું હતું, જેના ડ્રાઈવર મહમૂદના હાથ અને પગને ગંભીર ઇજા થઈ હતી. અકસ્માતગ્રસ્ત અન્ય વાહનોમાં ટેમ્પો, કાર અને એસયુવીનો સમાવેશ થાય છે. બે વાહનને ખાસ કોઈ નુકસાન થયું ન હોવાથી ડ્રાઈવર વાહન સાથે ઘટનાસ્થળેથી રવાના થયા હતા.

# સામાન્ય નાગરિક અમારો 'વિઠ્ઠલ' અને તેમની સેવા માટે 'ટેક-વારી ૨.૦': મુખ્ય પ્રધાન

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે જણાવ્યું હતું કે તેમની સરકાર વહીવટને વધુ કાર્યક્ષમ અને સુલભ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરીને નાગરિક કેન્દ્રિત શાસન માટે ઝડપી માર્ગરિખા અમલમાં મૂકી રહી છે. 'ટેક-વારી ૨.૦' નામના નવા ટેકનોલોજી કાર્યક્રમના લોકાર્પણ કરતી વખતે તેમણે જણાવ્યું હતું કે ટેકનોલોજીનો મુખ્ય હેતુ સામાન્ય નાગરિકોના જીવનને સરળ બનાવવાનો છે. આ પ્રસંગે મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે 'સામાન્ય માણસ અમારો' 'વિઠ્ઠલ' (ભગવાન) છે અને ટેક-વારી તેમની સેવા કરવા માટે છે. રાજ્ય આ પહેલ દ્વારા ટેકનોલોજીનો ઉપયોગ કરીને વહીવટને વધુ કાર્યક્ષમ અને સુલભ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.'

મંત્રાલય ખાતે 'મહારાષ્ટ્ર તાલીમ સપ્તાહ' ના ઉદ્ઘાટન પ્રસંગે ફડણવીસે જણાવ્યું કે શાસનએ ટેકનોલોજીથી આગળ વધી માનવ સંવેદનશીલતા, માનસિક સ્વાસ્થ્ય, આત્મનિરીક્ષણ અને ટીકાને સંભાળવાની ક્ષમતાનો સમાવેશ કરવો જોઈએ.

ટેકનોલોજીમાં ઝડપથી થઇ રહેલા પરિવર્તન અંગે મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે સાક્ષરતા મૂળભૂત શિક્ષણથી ઇન્ટરનેટના ઉપયોગ અને હવે આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ સુધી વિકસિત થઈ છે.

નવમા પાનાનું ચાલુ

## સવારે ૮.૨૮

તેથી, સામાન્ય મુસાફરોને આર્થિક બોજ સહન કરવો પડી રહ્યો છે. સ્ટેશન પર એકઠા થયેલા મુસાફરોએ વહીવટીતંત્ર સામે ભારે રોષ વ્યક્ત કર્યો. મુસાફરોએ પોતાનો મત વ્યક્ત કર્યો કે અમે એરકન્ડિશન્ડ ટ્રેનોના વિરોધમાં નથી, પરંતુ તેમને સ્વતંત્ર રીતે ચલાવવામાં આવે. પરિસ્થિતિ વણસતા, રેલવે પ્રોટેક્શન ફોર્સ અને રેલવે પોલીસે મધ્યસ્થી કરવાનો પ્રયાસ કર્યો. થોડા સમય પછી, રેલવે અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા બાદ મુસાફરો શાંત થયા હતા.

આ વિરોધ પ્રદર્શનને કારણે વિરાર સ્ટેશનથી ઉપડતી અને આવતી ટ્રેનોના સમયપત્રક પર મોટી અસર પડી હતી. કેટલીક ટ્રેનો રદ કરવી પડી હતી, જ્યારે ઘણી ૧૫ થી ૨૦ મિનિટ મોડી ચાલી રહી હતી. જેના કારણે વિરાર, નાલાસોપારા, વસઈ અને ભાયંદર સ્ટેશનો પર મુસાફરોનો ભારે ધસારો જોવા મળ્યો હતો.

## બંગાળમાં

પક્ષ માને છે, જેના જવાબમાં તેમણે કહ્યું કે આ પક્ષ શ્યામા પ્રસાદ મુખરજી દ્વારા સ્થાપિત કરવામાં આવ્યો હતો અને તેના મૂળ ઊંડા છે. તેમણે ઉમેર્યું કે પાર્ટી પશ્ચિમ બંગાળને ખરાબ શાસનમાંથી બહાર કાઢશે. તેમણે કોંગ્રેસ અને ડાબેરીઓની અગાઉની સરકારોની ટીકા કરતા બેનરજીના ૧૫ વર્ષના શાસનકાળને સૌથી ખરાબ ગણાવ્યો. તેમણે કહ્યું કે પશ્ચિમ બંગાળ, જે એક સમયે દેશનું નાણાકીય કેન્દ્ર હતું અને કોલકાતા તેની આર્થિક રાજધાની હતું, તે અગાઉની સરકારોને કારણે રહ્યું નથી.

આપણા દેશને મળતા કુલ એફડીઆઈમાંથી પશ્ચિમ બંગાળ અડધો ટકા પણ મેળવી શક્યું નથી. પશ્ચિમ બંગાળ એક સમયે ઔદ્યોગિક હબ હતું, પરંતુ લગભગ ૭,૦૦૦ મોટા ઉદ્યોગો ત્યાંથી નીકળી ગયા, જેના કારણે રાજ્ય જંગલ રાજમાં ફેરવાઈ ગયું, એમ તેમણે કહ્યું.

## સુનેત્રા પવાર

હતી. જોકે, ૨૦૨૨ની ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં ભાજપના બે નેતાઓએ અજિતદાદાનો રેકોર્ડ તોડ્યો હતો. જેમાં સાહિબાબાદ, ગાઝિયાબાદથી ભાજપના વિધાનસભ્ય સુનીલ કુમાર શર્મા અને નોઈડાથી ભાજપના વિધાનસભ્ય પંકજ સિંહનો સમાવેશ થાય છે. આ ચૂંટણીમાં સુનીલ કુમાર શર્માએ સમાજવાદી પાર્ટીના અમરપાલ શર્માને ૨,૧૪,૮૩૫ મતોથી હરાવ્યા હતા. ભારતમાં વિધાનસભા ચૂંટણીમાં આ સૌથી મોટી લીડ હતી. તે પછી પંકજ સિંહે તે જ ચૂંટણીમાં અજિત પવારનો રેકોર્ડ તોડ્યો. તેમનો વિજય માર્જિન ૧, ૮૧,૦૦૦ હતો. હવે, ચાર વર્ષ પછી સુનેત્રા પવારે બદલો લીધો છે. તેમણે આ બંને નેતાઓને પાછળ છોડી દીધા છે અને દેશમાં સૌથી વધુ લીડ મેળવવાનો રેકોર્ડ બનાવ્યો છે. આ ચૂંટણીમાં સુનેત્રા પવારનો વિરોધ કરી રહેલા અન્ય ૨૨ ઉમેદવારોને કુલ માત્ર ૪,૮૩૭ મત મળ્યા છે.

## પુણેમાં પાપ

સાક્ષીદાર હતો. ઘટનાને દિવસે હું કામે ગયો હતો અને રાતે સાડાનવ વાગ્યાની આસપાસ ઘરે પાછો ફર્યો હતો. એ સમયે વૃદ્ધા કોઇ કામ અર્થે બહાર ગઇ હતી. જેનો લાભ લઇ કાંબળે કોયતો લઇને તેના ઘરમાં ઘૂસ્યો હતો અને તે મોરીમાં છુપાઇ ગયો હતો. મધરાતે આખું ફળિયું સૂમસામ થઇ ગયા બાદ તે બહાર આવ્યો હતો અને તેણે કોયતાની ધાક દાખવી વૃદ્ધને વાસનાનો શિકાર બનાવી હતી. આ ઘટના બાદ વૃદ્ધા બદનામીના ડરથી ચૂપ રહી હતી અને પોતાની દીકરીના ઘરે જતી રહી હતી. તેના જમાઇએ પૂછપરછ કર્યા બાદ ઘટનાની જાણ થઇ હતી. બાદમાં તેણે પોલીસનો સંપર્ક સાધી ફરિયાદ નોંધાવી હતી, એમ સાક્ષીદારે કહ્યું હતું. વૃદ્ધાના જમીઇએ કાંબળેના ગામમાંથી હાંકી કાઢવાનો પ્રસ્તાવ પણ મૂક્યો હતો. કાંબળેએ કોયતો દેખાડીને વૃદ્ધા સાથે આવું કૃત્ય કર્યું હતું. તેનો પોતાનો આત્મા સંતોષવો હતો. આ કેસમાં કાંબળેની ધરપકડ કરાઇ હતી, પણ પોલીસ યોગ્ય પુરાવા રજૂ કરી ન શકતાં કોર્ટે તેને છોડી મૂક્યો હતો. આરોપી કાંબળે વિરુદ્ધ વર્ષ ૨૦૧૫માં પણ આવા પ્રકારનો ગુનો દાખલ કરાયો હતો. પોતાની સગી ભત્રીજી પર દુષ્કર્મનો કાંબળે પર આરોપ હતો.

## બાવીસ ઉમેદવારો

પોતાનું ફોર્મ ભરતી વખતે સ્થાનિક મતદારોમાંથી સૂચકો અને અનુમોદકોની સહીઓ લેવી અનિવાર્ય હોય છે. બારામતી પેટાચૂંટણી માટે અનેક અપક્ષ અને અન્ય ઉમેદવારોએ પોતાના ફોર્મ ભર્યા હતા. જોકે ચૂંટણી નિર્ણય અધિકારી દ્વારા કરવામાં આવેલી ચકાસણી દરમિયાન, બાવીસ ઉમેદવારો પૈકી ૧૨ થી ૧૩ ઉમેદવારોના ફોર્મ પર રહેલી સૂચકો-અનુમોદકોની સહીઓમાં તફાવત હોવાનું જાણવા મળ્યું છે.

ચૂંટણી પ્રક્રિયામાં ખોટા દસ્તાવેજો અથવા બોગસ સહીઓ રજૂ કરવી એ ગંભીર પ્રકારનો ગુનો ગણાય છે. આ ઘટનાને કારણે ચૂંટણી તંત્ર સતર્ક થઈ ગયું છે અને વિશ્વસનીય સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ, જે ઉમેદવારોએ આ પ્રકારે ગેરમાર્ગે દોર્યા છે, તેમની સામે ગુના દાખલ કરવાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ માટે ફોર્મ પર જેમની સહીઓ બતાવવામાં આવી છે, તેમને જ ફરિયાદી બનાવીને ઉમેદવારો વિરુદ્ધ ગુના નોંધવામાં આવશે.

## મીરા-ભાયંદરમાં

કરવામાં આવ્યો હતો. હાલમાં રહેણાંક મિલકત માલિકો પાસેથી પ્રતિ ચોરસ ફૂટ ૨.૪૦ રૂપિયાના દરે કર વસૂલવામાં આવે છે. નવા દર અનુસાર હવે પ્રતિ ચોરસ ફૂટ ચાર રૂપિયા વસૂલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આમ દરમાં લગભગ ૬૬ ટકાનો વધારો થયો છે. આ નિર્ણય આ વર્ષથી લાગુ કરવામાં આવશે. જોકે, આ નિર્ણયને મંજૂરી આપતી વખતે જનપ્રતિનિધિઓ અને નાગરિકો સાથે છેતરપિંડી કરવામાં આવી હોવાનો આરોપ કરવામાં આવ્યો છે. આ એક નીતિગત નિર્ણય છે અને તેની શહેર પર મોટી અસર પડશે. જોકે, સામાન્ય સભામાં આ નિર્ણય લેતી વખતે સંબંધિત એજન્ડામાં સામેલ નહીં કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે. આ નિર્ણય મુખ્યત્વે સ્થાયી સમિતિમાં ચર્ચા કરવામાં આવશે અને સામાન્ય સભા સમક્ષ રજૂ કરવામાં આવશે એવી અપેક્ષા હતી.

## અન્સારીના

વધુ પૂછપરછની જરૂર હોવાથી કોર્ટે તેને ૧૧ મે સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. સરકારી વકીલ સંજય મોરેએ કોર્ટમાં જણાવ્યું હતું કે અન્સારીએ અનેક વાર વૉટ્સઍપ કૉલ કર્યા છે. એ સિવાય વૉઈસ મેસેજીસ પણ મોકલાવ્યા છે. જોકે પોલીસ પકડી પાડે તે પહેલાં અન્સારીએ મોબાઈલ ફોન ફોર્મેટ કરી નાખ્યો હોવાથી બધા ડેટા ડિલીટ થઈ ગયા છે. એટીએસને કંઈ હાથ લાગ્યું નથી. આ મામલે પણ અન્સારીની પૂછપરછ કરવાની બાકી છે. અન્સારીના વકીલે કોર્ટમાં અરજી કરી હતી કે અન્સારીનું સ્વાસ્થ્ય નબળું છે. તે પેટની સમસ્યાથી પીડાતો હોવાથી તબીબી તપાસની જરૂર છે. આ અંગેની પ્રક્રિયા જોવાનું એટીએસને કોર્ટે કહ્યું હતું.

## શિવાજી કર્ડીલના

કર્ડીલે માટે રાહુરીમાં લડાઈ સરળ બની ગઈ.

પ્રાજક્તા તાનપુરેના ભાવિ રાજકીય માર્ગ અંગે હવે ચર્ચાઓ ચાલી રહી છે. શું તેઓ ભવિષ્યમાં ભાજપમાં જોડાશે? કે પછી તેઓ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી તરફથી ફરીથી ૨૦૨૯ની ચૂંટણી લડશે એ વિશે અટકળો થઈ રહી છે.

## દેવી કામાખ્યા

પર પ્રતિક્રિયા આપી હતી. ભાજપને પશ્ચિમ બંગાળમાં કાલી માતા અને આસામમાં કામાખ્યા દેવીના આશીર્વાદ મળ્યા છે. આસામ મેં વિજય આસાન હૈ, સિર્ફ ભાજપા હી પહેચાન હૈ' એ સૂત્ર ફરી એકવાર સાકાર થયું છે. ભારતીય જનતા પાર્ટી આસામમાં સતત ત્રીજી વખત સત્તામાં આવી રહી છે. આસામના નાગરિકોએ ફરી એકવાર દેશના લોકપ્રિય વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને લોખંડી ગૃહ પ્રધાન અમિત શાહના વિઝનમાં વિશ્વાસ દર્શાવ્યો છે. લોકોએ ફરી એકવાર મુખ્ય પ્રધાન ડો. હિમંતા બિસ્વા સરમાની વિકાસ નીતિ અને કાર્યમાં વિશ્વાસ દર્શાવ્યો છે. મારા મિત્ર હિમંતા બિસ્વા સરમાને શુભકામનાઓ, એમ એકનાથ શિંદેએ તેમની પોસ્ટમાં કહ્યું.

નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારને બે લાખથી વધુ મતોના માર્જિનથી ચૂંટાઈ આવવા બદલ હાર્દિક અભિનંદન. બારામતીના લોકોએ સુનેત્રાતાઈને રેકોર્ડ માર્જિનથી ચૂંટીને અજીતદાદાને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપી છે. તેમાં કોઈ શંકા નથી કે સ્વર્ગસ્થ અજીતદાદા પવારે જોયેલા બારામતીના વિકાસ અને પ્રગતિના સપનાઓને સુનેત્રાતાઈ પૂર્ણ કરશે,એમ એકનાથ શિંદેએ પોસ્ટમાં લખ્યું.

## પીડિતાનું

પૂર્વેના જામીન માગ્યા હતા. એફઆઈઆર નોંધાયા પછી ગુમ નિદાની રાજ્યના અલગ અલગ વિસ્તારોમાં શોધ ચલાવાઈ રહી છે.

પ્રથમદર્શી એવું દેખાય છે કે એફઆઈઆરમાં અરજદારની ભૂમિકાનો ચોક્કસ રીતે ઉલ્લેખ કરાયો છે અને તેમાં તેની સંડોવણી પણ જણાય છે.

જજે ભારપૂર્વક જણાવ્યું હતું કે નિઃશંકપણે પીડિતાને કોઈ પણ ધર્મ અને કોઈ પણ નામ પોતાની પસંદગીથી અપનાવવાનો અધિકાર છે, પરંતુ તેનો અર્થ એવો નથી કે આ માટે તેનું બ્રેનવૉશ કરવામાં આવે અને તે પણ આયોજનબદ્ધ યોજના સાથે.

નાશિકના દેવલાલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ કેસમાં નિદા ખાન અને બે અન્ય આરોપી દાનિશ શેખ અને તૌસીફ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની લગ્નની ખોટી ખાતરી આપી શારીરિક સંબંધ બાંધવો, જાતીય સતામણી અને ધાર્મિક લાગણી દુભાવવા સહિતની અન્ય કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આરોપીઓ વિરુદ્ધ એસસીએસટી ઍક્ટ પણ લગાવવામાં આવ્યો હતો.

પોલીસ અનુસાર દાનિશ શેખે લગ્નનું ખોટું વચન આપી પીડિતા સાથે દુષ્કર્મ કર્યું હતું, જ્યારે તૌસીફે વારંવાર પીડિતાનો વિનયભંગ કર્યો હતો. પીડિતાના દાનિશ સાથેના સંબંધોની જાણ તેના પરિવારજનોને કરવાની ધમકી આપીને તૌસીફ પીડિતા પાસે જાતીય તરફેણની માગ કરતો હતો.

તપાસમાં એવું જણાયું હતું કે નિદાએ પીડિતાને બુરખો આપ્યો હતો અને મોહમ્મદ પયગંબરના જીવન પર આધારિત પુસ્તકો આપ્યાં હતાં. ઉપરાંત, તેના મોબાઈલ ફોનમાં મુસ્લિમ સિદ્ધાંતો અને ધાર્મિક પ્રવૃત્તિઓની ઍપ પણ ઈન્સ્ટોલ કરવામાં આવી હતી. પીડિતાનું નામ હનિયા કરીને નિદા તેને મલયેશિયા મોકલવાની હતી, એવું તપાસમાં જણાયું હતું.

આ કાંડમાં ઈન્ટરનૅશનલ સિન્ડિકેટની સંડોવણી છે કે કેમ અને નિદા આ સિન્ડિકેટ સાથે જોડાયેલી છે કે કેમ તેની તપાસ ચાલુ હોવાથી નિદાની કસ્ટડીની જરૂર હોવાનું કોર્ટમાં જણાવાયું હતું. (પીટીઆઈ)

## 'એસઆઈટી'ની

કરવામાં આવી છે. આમાંથી કેટલાક મહિલાઓ પરના અત્યાચારો સાથે સંબંધિત છે, જ્યારે અન્ય રાજકીય વિવાદો અને હત્યાના કેસોથી સંબંધિત છે. નસરાપુરની જેમ સાતારામાં એક સગીર છોકરીની હત્યા, ફલટણમાં એક મહિલા ડોક્ટરની આત્મહત્યા, નાશિકમાં ભોંદુબાબા અશોક ખરાત દ્વારા મહિલાઓનું શોષણ અને નાશિકમાં ટીસીએસ કંપનીમાં મહિલાઓનું ધર્માંતરણ અને શોષણ એ કેટલીક ચર્ચિત અને રોષપૂર્ણ ઘટનાઓ છે જેની તપાસ વિવિધ એસઆઈટી દ્વારા કરવામાં આવી રહી છે.

નાશિકમાં છેલ્લા કેટલાક મહિનાઓમાં એસઆઇટીનો ધમધમાટ જોવા મળ્યો છે. છ એસઆઈટી એક સાથે છ અલગ અલગ કેસોમાં કામ કરી રહી છે જેમાં ભોંદુબાબા અશોક ખરાત, ટીસીએસ મહિલા અત્યાચાર, ત્ર્યંબકેશ્વર દર્શન કાળા બજાર, ધર્માંતરણ અને 'મ્હાડા' આવાસ કૌભાંડનો સમાવેશ થાય છે. અશોક ખરાત કેસની તપાસ ભારતીય પોલીસ સેવાની મહિલા અધિકારી તેજસ્વિની સાતપુતેના નેતૃત્વમાં બે ડઝનથી વધુ પોલીસ અધિકારીઓની એસઆઈટી દ્વારા કરવામાં આવી રહી છે. ટીસીએસ કંપનીના મહિલા કર્મચારીઓના શોષણ અને ધર્માંતરણ કેસની તપાસ એક અલગ એસઆઈટી દ્વારા કરવામાં આવી રહી છે. સરકારે છેલ્લા બે થી ત્રણ વર્ષમાં વિવિધ કેસમાં તપાસ માટે એસઆઇટીની રચના કરી હોવા છતાં એક પણ કેસની તપાસ પૂર્ણ કરી હોય અને આરોપીઓની ધરપકડ કરવામાં આવી હોય એવું જોવા નથી મળ્યું. સરકારે એસઆઈટી ટીમની કામગીરી પર શ્વેતપત્ર બહાર પાડવું જોઈએ એવી માગણી વિપક્ષે વિધાનસભાના બજેટ સત્રમાં કરી હતી .

# જૈન મરણ

**જામનગર વિશા ઓશવાલ જ્ઞાતિ જૈન**

મુંબઇ નિવાસી સાયન અરુણાબેન નવીનચંદ્ર હીરાલાલ છગનલાલ શાહના પુત્ર જિજ્ઞેશ નવીનચંદ્ર શાહ (ઉં. વ. ૫૫) વૈશાલીબેનના પતિ. વિરાજ, રિયા, રિચાના પિતાશ્રી. જેનિશબેન અંકિતભાઇ મહેતાના ભાઇ. જય, જુહી અને જીલના મામા. સાસરા પક્ષે સ્વ. સુધાબેન મહેન્દ્રકુમાર વોરા તા. ૧-૫-૨૬ના અરિહંતશરણ પામેલ છે. ભાવયાત્રા તા. ૬-૫-૨૬ના ૩થી ૫.૩૦. ઠે. સુમતિનાથ જિનાલય, નૂતન સંકૂલ, ૫ માળે, પ્લોટ નં.૫. અને ૬ બી, નાથાલાલ પારેખ માર્ગ, ગુજરાતી કલબ નજીક, કિંગ સર્કલ (પૂર્વ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ મુલુંડ ભગવાનજી મેઘજી દોશી (કોટડાવાળા)ના સુપુત્ર વલ્લભદાસ ભગવાનજી દોશી (ઉં.વ. ૯૨) તા. ૩-૫-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જયાબેનના પતિ. હીતેન, વિરેનના પિતાશ્રી. અ. સૌ. જાગૃતિ અને પ્રજ્ઞાના સસરા. જિનલ અને ફોરમના દાદા. શ્વસુર પક્ષ : ભાઇચંદ નાનચંદ દોશી (છાપરીવાળા) હાલ મહુવા બોરીવલી, લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ચિતલ નિવાસી હાલ વસઇ રોડ સ્વ. રતિલાલ પાનાચંદ મોદીના સુપુત્ર નેમીચંદભાઇ (ઉં. વ. ૭૭) તા. ૩-૫-૨૬ રવિવારના અરિહંતશરણ પામેલ છે. તે પ્રદુલાબેનના પતિ. જુલી નિમેષ ટીમ્બડીયા, સ્વીટી વિશાળ મ્હાત્રે અને સ્વ. જીગરના પિતાશ્રી. તે સ્વ. જયચંદભાઇ, સ્વ. સવિતાબેન ભાઇલાલ હાપાણી, સ્વ. તારાબેન છોટુભાઇ દામાણી, સ્વ. જશીબેન ભૂપતભાઇ શેઠના ભાઇ. તે લાઠી નિવાસી સ્વ પોપટલાલ ફૂલચંદ પારેખના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**જામનગર વીશા ઓશવાળ જ્ઞાતી જૈન**

બોરીવલી નિવાસી હસમુખલાલ કેશવલાલ લાલજી (ઉં.વ. ૮૫) તા. ૪-૫-૨૬ના મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે ગં. સ્વ. કંચનબેન કેશવલાલ લાલનના પુત્ર. જયોત્સનાબેનના પતિ. તે બીપીનભાઇ, સુધાબેન કાંતિલાલ ઝવેરી, પુ. આ. હિતવર્ધન સુરી મ. સા. સ્વ. મુની હિરણ્યસેન, સાધ્વીજી સ્વ. નંદિશ્વરા શ્રીજી, હિતપુણાશ્રીજી મ. સા.ના ભાઇ. કેતનભાઇ, પં.અમમસેન મ. સા. તથા સાધ્વીજી ક્ષમા નીધિ મ.સા. ના પિતા. પ્રીતીબેનના સસરા.લક્ષ્મીબેન હિરાલાલ શાહના જમાઇ. લૌકિક વ્યલહાર બંધ છે.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

ખારચીયા વાકુંના હાલ મુલુન્ડ, જીતેન્દ્ર હિંમતલાલ પાનાચંદ કોરડીયા (ઉં. વ. ૬૮) ૩/૫/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ભાવનાબેનના પતિ. ભૂમિકા ગૌરવ દાણી, જયના વિશાલ પટવાના પિતા. અરવિંદભાઈ, સ્વ. ગુણવંતીબેન હસમુખરાય વોરા, ચંદ્રિકાબેન કુમુદચંદ્ર ભીમાણી, કોકિલા બિપીનચંદ્ર શાહ, ભારતીબેનના ભાઈ. સ્વ. ગીરીશચંદ્ર મગનલાલ શાહના જમાઈ. સ્વ. બંકીમભાઇ, પ્રેરણાબેન વિરેન્દ્રભાઈ ભીમાણી, જ્યોતિબેન મુકેશભાઈ દોશી, લીનાબેન નિલેશભાઈ શાહ તથા સ્વ. તૃપ્તિબેન અજયભાઇ મહેતાના બનેવી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

વાગડ સમુદાયના સુવિશાલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય કલ્પતરૂસૂરીશ્વરજી મહારાજાના આજ્ઞાવર્તી વિદુષી પ.પૂ. સા. શ્રી ઉત્તમશ્રીજી મ. સા. ના પરિવારના પ.પૂ. સા.શ્રી યશોધરાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ. સા. શ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.ના શિષ્યરત્ના વર્ધમાન તપ ૧૦૦+૫૭ ઓળીના તપસ્વીરત્ના પ.પૂ.સા. શ્રી યશોધનાશ્રીજી મ.સા. શુક્રવાર, તા. ૨-૫-૨૬ના ભાયખલા મુકામે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. (ઉં.વ.૮૫) પૂજ્યશ્રીનું સંસારી નામ : નાનબાઇ. સં.પ. બિદડા (કચ્છ) (ગેલાણી ફળીયો) લાછબાઇ રવજીભાઇ કાનજીભાઇ છેડાના સુપુત્રી. પ.પૂ.સા. શ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ્રફુલ, દિનેશ, હિરબાઈ, નિર્મળાના બેન. હેમા, મીના સં.પ. નણંદ. વાંઢ ના કેશવજી બોરીચા, કોડાયના રામજી નાગડાના સાળી.

બિદડા હાલે પુનાના મોનીશ અશોક દેઢિયા, (ઉં. વ. ૫૦) તા. ૩-૫ના અવસાન પામેલ છે. જ્યોતિબેન અશોકના પુત્ર. અમીના પતિ. ચિરાયુ, પાર્મીના પિતા. રિશિતાના ભાઈ. પ્રવિણાબેન ધીરજલાલના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. મોનીશ દેઢિયા, ૧૨૩/૧, ભક્તિયોગ સોસાયટી, પૌડ રોડ, કોથરૂડ, પુના - ૪૧૧૦૩૮.

ડોણના દિપક શાંતિલાલ લખમશી ગોગરી (ઉં. વ. ૫૧) ૨/૫/૨૬ના અવસાન પામેલ છે. સ્વ. વિમળાબેન શાંતિલાલના પુત્ર. નિર્મલ (રાધે)ના પતિ. રાજના પિતા. સ્વ. કૌશિક, નિમેષના ભાઇ. વિમળાબેન ચંદ્રકાંત વેલજી ગાલાના જમાઇ.પ્રાર્થના રાખેલ નથી. ઠે. નિમેષ શાંતિલાલ ગોગરી, ૧૦૩, શાંતિ એપાર્ટમેન્ટ, ન્યુલીંક રોડ, દહાણુકરવાડી મેટ્રો સ્ટેશન, કાંદિવલી (વે.), મું. ૬૭.

સાડાઉના જશવંતી સુરજી ગાલા (ઉં. વ. ૭૫) પાલીતાણા મધે તા. ૩૦/૪/૨૬ના અવસાન પામેલ છે. તેજબાઈ મેઘજી નરસીના પુત્રવધુ. સુરજીના પત્ની. મનીષ, રાકેશ, રશ્મીના માતુશ્રી. કપાયાના તેજબાઈ કાનજી રણમલની પુત્રી. નાગજી ભાનુમતી મેઘજી, ગુંદાલાના ઝવેરબેન ગાંગજી, વડાલાના કસ્તુરબેન વસનજી, રતાડિયા ગણેશના હેમકુંવરબેન હરીલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ સ્થાન : મનીષ ગાલા, સી/ ૧૦૩, સ્કંદગુપ્તા, ચાણક્ય નગરી, ચક્રેશ્વર તળાવ પાસે, નાલાસોપારા (વે).

બારોઈ હાલ બેલ્લારી (કર્ણાટક)ના ભાવનાબેન (ભાનુમતી) ચિમનલાલ છેડા (ઉંમર વર્ષ ૭૧) તા. ૨/૦૫/ ૨૬ના અવસાન પામેલ છે. કસ્તુરબાઈ (હાંસબાઈ) કુંવરજીના પુત્રવધુ. ચીમનના પત્ની. હિતેશ, ફાલ્ગુનીના માતાજી. ભુજપુરના માતુશ્રી રાજબાઇ કાનજી પાલણ સાવલાની દીકરી. પ્રાર્થના રાખેલ નથી. નિ. ચીમન કુંવરજી છેડા. ૨૪/૧૩ વાસુદેવ નિવારણ, અપોજીટ ઓવર હેડ વોટર ટેન્ક ફોર્ટ બેલ્લારી, કર્ણાટક -૫૮૩૧૦૨.

# પારસી મરણ

બેહરામ ખુદાપરસ્ત ઝોરાબી તે શેરનાઝના ધની. તે મરહુમો ઝરબાનું ખુદરસત ઝોરાબીના દીકરા. તે દોલત, ડો. કુરુશ, ડો. કયાનદુખનતા ના પપ્પા. તે અપનદીયાર, ગીતીને સાઇરસના સસરા. તે અરદેશીર ને સીમીન દુખત ઝોરાબીના ભાઇ. તે દારીયન ને ઝીબાના મમાવા. (ઉં. વ. ૯૨) રે. ઠે. ઇ-૯, ખુશરુ બાગ, ભોંયતળિયે, એસ. ભગતસિંહ રોડ, ઇલેકટ્રિક હાઉસ ડેપો આગલ, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૧.

મેહલી નસરવાનજી કેરાવાલા તે મરહુમ ઓસતી શીરીનના ધની. તે મરહુમો ઓસતી ગુલબાઇ એરવદ નસરવાનજી કેરાવાલાના દીકરા. તે ઓસતી નાહીદા, ઓસતા નોશીરવાનના પપ્પા. તે ઓસતી તનાઝના સસરા. તે મરહુમો ઓસતી પ્રોચી, મીથુ, માહી, શેરુ, રતી ને મહીકના ભાઇ. તે મારકના મમાવા. (ઉં. વ. ૮૨) રે. ઠે. ૩૩, સ્ટેશન રોડ, મોર્ડન સ્વીટ સામે, સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૪.

ખુરશીદ બોમી મિસ્ત્રી તે મરહુમ બોમીના ધનીયાની. તે મરહુમો નરગીશ મીનુ મિસ્ત્રીના દીકરી. તે નોઝરના માતાજી. તે નેવીલના બહેન. તે વાશપરના ફૂઇ. તે મરહુમ કેશમીરાના નણંદ. (ઉં. વ. ૬૬) રે. ઠે. ૩૪૭-સી. યુનાઇટેડ ચેમ્બર્સ, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭.

મેહરુ ખરશેદ વાડીયા તે અસપીના ધનયાની. તે સીલલુ ને ખુરશેદના દીકરી. તે જહાંગીર, મરહુમો પેસી ને જરુના બહેન. તે પરસી, એરવદ કેરશાસપ, એરવદ યઝદી, એરવદ ફીરોજશા, ઓસતી સીલલુંના માસી. (ઉં. વ. ૭૦) રે. ઠે. ૧૯૦, ધી નેસ્ત, સેનટ પોલ રોડ, એકસટેનશન બાંદ્રા જીમખાના આગળ, બાંદ્રા (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૦. ઉઠમણાંની ક્રિયા : તા. ૫-૫-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે, ઉપરની ભાભા નં. ૧માં ડુંગરવાડી પર.

નીલુફર જમશેદ દસ્તુર તે મરહુમો એમી જમશેદ દસ્તુરના દીકરી. તે વીરાફ ને મરહુમ અસપીના બહેન. (ઉં. વ. ૬૧) રે. ઠે. બિલ્ડિંગ નં-૧૧, ૧લે માળે, ફલેટ નં-૪, માલકમબાગ, જોગેશ્વરી, મુંબઇ-૪૦૦૧૦૨. ઉઠમણાંની ક્રિયા : તા. ૬-૫-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે, માલકમ બાગ અગિયારીમાં છેજી.

# પાયદસ્ત

બેજન સાવકશા કોન્ટ્રેકટર તે મરહુમ હોમાયના ધની. તે મરહુમો દીના સાવકશા કોન્ટ્રેકટરના દીકરા. તે ઝુબીનને વીલુંના પપા. તે કેશમીરા ને ખુશરુના સસરા. તે દીલલા તથા મરહુમ કાવસના ભાઇ. તે બુરઝીનને તીનાઝના મમાવા. (ઉં. વ. ૮૪) રે. ઠે. ફ્લેટ નં.૩, ૧લે માળે, લેડી દોરાબ તાતા બિલ્ડિંગ નં-૨, તાતા બ્લોક્સ, એસ. વી. રોડ, બાંદ્રા (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૦.પાયદસ્તઃ તા. ૫-૫-૨૬ને દીને સાંદે ૫.૩૦ વાગે ઉપરની વાડીયા બંગલીમાં છેજી. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૫-૫-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે વાડીયા બંગલીમાં છેજી.

# હિન્દુ મરણ

**કપોળ**

ભાવનગર, હાલ બેંગલોર, દીપકભાઈ જસવંતરાય શેઠ (ઉં. વ. ૬૨) તે કેતનાબેનના પતિ. સંકેતના પિતા. વૃંદાના સસરા. કિઆનના દાદા. ચારૂબેન પ્રકાશભાઈ મહેતા, હંસાબેન નરેન્દ્રભાઈ મહેતાના ભાઈ. શ્વસુરપક્ષે ભાવનગરવાળા ઈશ્વરલાલ પ્રભુદાસ ભુવાના જમાઈ. તા. ૩૦/૪ને ગુરુવારે શ્રીજીશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ ગઢશીશા હાલ (ભુજ) ના પ્રેમાબેન પરસોતમભાઇ મજેઠીયા (ઉં. વ. ૯૨) નાનબાઇ વિશ્રામ મજેઠીયાના પુત્રવધુ. સ્વ. પુરુષોતમભાઇ વિશ્રામ મજેઠીયાના પત્ની. સ્વ. લાલજી વેલજી સોમેશ્વર (કોડાયના) પુત્રી. સ્વ. વલ્લભજીભાઇ, જીવરામભાઇ રુકમણીબેન, કસ્તુરબેનના ભાભી. વિમળાબેન અરવિંદભાઇ, કાંતાબેન ભરતભાઇ, કમળાબેન મહેન્દ્રભાઇ ચંદે, વિજયાબેન દિલીપભાઇ જોબનપુત્રા, રામજીભાઇ, રાજેશભાઇના માતા. દીનાબેન, મનિષાબેનના સાસુ. તા. ૩-૫-૨૬ના અવસાન પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૫-૫-૨૬ મંગળવારના સાંજે ૫થી ૬. ઠે. નાનજી સુંદરજી સેજપાળ, ભિવંડીવાલા (રૂખાણા હોલ પહેલે માળે) નવી લોહાણા મહાજન વાડી, વી.ડી. સ્કૂલની બાજુમાં, બૈરાઓએ તે જ દિવસે આવી જવું. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

બગસરાવાળા હાલ મીરારોડ, સ્વ. ચંપકભાઈ પરષોત્તમભાઇ વસાણીના ધર્મપત્ની ગં. સ્વ. હંસાબેન (ઉં. વ. ૭૦) તે શરદ તથા ગૌતમના માતુશ્રી. બિનિતાના સાસુ. વિનોદરાય, સ્વ. હીરાબેન કિશોરભાઈ દોશી, ઇન્દુબેન હસમુખભાઈ કઢી, નીરુબેન મુકેશભાઈ શ્રીમાંકરના ભાભી. બિપીનભાઈ, સ્વ. ચીમનભાઈ રસિકભાઈ ચુડાસમા, સ્વ. પુષ્પાબેન બાબુભાઇ મુંજ્યાસરા, મંજુબેન રતિલાલ સાંગાણીના બહેન ૨/૫/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

મૂળ ટંડાવાળા નિવાસી હાલ થાણા, રમેશભાઈ કરસનદાસ મણિયારના પુત્રવધૂ સંગીતાબેન નીખિલભાઈ મણિયાર (ઉં. વ. ૫૪) તા. ૩/૫/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. નીખિલભાઈ મણિયારના ધર્મપત્ની. પૃથ્વીના માતુશ્રી. જ્યોતિબેન સુરેશભાઈ શાહના દીકરી. રશ્મિ દર્શન મણિયાર તથા જેસલ વિપુલ મણિયારના જેઠાણી. સચિન સુરેશભાઈ શાહના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ જુનાગઢ, હાલ કાંદિવલી, અ.સૌ. ભાવના સતીશ (ભુપત) સચદે (ઉં. વ. ૬૫) તા. ૪-૫-૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. મિતુલ તથા મીરા વિક્કી સોનીના માતુશ્રી. રૂપાલી સચદેના સાસુ. અરુણા જિતેન્દ્ર સચદે તથા સ્વ. અમિતા દિલીપ સચદેના દેરાણી, સ્વ. નર્મદાબેન મણિલાલ માધવાણીની દીકરી. સ્વ. મુકેશ માધવાણી, જ્યોત્સના મનસવી કોટક, દર્શના અતુલ રાજાણીના બહેન. માયરા, શિવાયના દાદી-નાની. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઔદીચ્ય સહસ્ત્ર સાઠ જ્ઞાતિ બ્રાહ્મણ**

ગામ ટીટોઇ નિવાસી હાલ બારડોલી, ગં.સ્વ. પ્રજ્ઞાબેન કિરીટ રાવલ (ઉં. વ.૫૯) તા. ૨-૫-૨૬ શનિવારના દેવલોક નિવાસી થયા છે. તે ચિત્રોડા નિવાસી સ્વ. અનસૂયા (ઉર્મિલા) મોરલીધર ચુનીલાલ પંડ્યાના સુપુત્રી. રાજેશ્રી રાજેશ ઠાકરની નાની બહેન. ઉર્વી તથા કશ્યપની માસી. લૌકિક વ્યવહારની પ્રથા બંધ રાખવામાં આવી છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|




# એ વસ્તુઓનું લિસ્ટ બનાવો, જે તમારી પાસે છે...




ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

'ગૌરવ યાર, મારે ખૂબ પૈસા બનાવવા છે.' મારા એક સારા મિત્રને જ્યારે પણ હું મળું ત્યારે એના મોઢેથી આ વાક્ય નીકળે અને નીકળે જ. એ મુંબઈના વૈભવી વિસ્તારમાં રહે છે, સરસ રીતે જામેલો એનો બિઝનેસ છે. એની મૂળભુત જરૂરિયાતો સારી રીતે પૂરી થાય છે એમ કહેવા કરતાં કહેવું જોઈએ કે એ મોટા ભાગની વૈભવશાળી ચીજવસ્તુઓ ધરાવે છે. હું એને પૂછું કે તારે શા માટે આટલી મોટી રકમ જોઈએ છે તો એ પોતાની પાસે જે વસ્તુઓ નથી એનું લાંબુ લિસ્ટ બોલી જશે. આ બધી ચીજો હાંસલ કરવા માટે એને પૈસાની જરૂર પડે છે.

અમારે ફાઈનાન્શિયલ પ્લાનરોએ સૌથી પહેલાં તો કલાયન્ટને એનાં આર્થિક લક્ષ્યોનું લિસ્ટ બનાવવાની ફરજ પાડવી પડે છે. સાદી ભાષામાં કહીએ તો આ લિસ્ટ એટલે એની પાસે જે કંઈ નથી અને જેને પ્રાપ્ત કરવાની એને ઝંખના છે એ બાબતોની સૂચિ. થોડા સમય બાદ એની પાસે જે કંઈ માલમિલકત છે તેનું લિસ્ટ બનાવવાનું પણ કહેવામાં આવે છે.

ગ્લાસ અડધો ભરેલો છે એવી લાગણી સાથે જીવવું સારું કે ગ્લાસ અડધો ખાલી છે એવી લાગણી સાથે? કઈ બાબતો આપણને સાચકલું સુખ અને સંતોષ આપે છે? કઈ બાબતો આપણને બેચેન, લાલચુ, ઈર્ષ્યાળુ બનાવે છે ને માનસિક તાણ પેદા કરે છે? વગેરે.

અસ્તિત્વ ટકાવી રાખવાની આપણી મૂળભૂત જરૂરિયાત એટલે અન્ન, વસ્ત્ર, પાણી અને રહેઠાણ. આ ચીજો માટે પૈસા ન હોય તો તે સ્થિતિ ચોક્કસપણે સમસ્યારૂપ ગણાય. આ જરૂરિયાતો સંતોષાતી ન હોવાથી અસંતોષ, માનસિક તાણ, બેચેની, વગેરે અનુભવાતાં હોય તો તે યોગ્ય છે. ઘરમાં કોઈ બીમાર હોય અને સારવાર માટે પૈસા ન હોવાથી મન ઉચ્ચક થઈ જાય તો તે સમજી શકાય તેવું છે. તે જ પ્રમાણે, સંતાનને આગળ ભણાવવા માટે પૂરતાં નાણાં ન હોવાથી અસહાયતાની લાગણી જાગે તો તે વાજબી છે, પણ ફોરેનમાં વેકેશન ગાળવા માટે કે લકઝરી કાર ખરીદવા માટે પૂરતા પૈસા ન હોવાથી ટેન્શન થઈ જતું હોય તો તેને વાજબી ન ઠેરવી શકાય.

આપણી પાસે જે કંઈ છે તેનું લિસ્ટ બનાવવું જોઈએ. શરૂઆત અહીંથી કરી શકાયઃ શું મારી પાસે ભેળસેળ વગરનો શુદ્ધ ખોરાક લઈ શકાય એટલા પૈસા છે? પરિવારને બે ટંક પેટ ભરીને ખાવાનું મળે છે? કપડાંનું શું છે? ઘરના બધા સભ્યો પાસે બધી ઋતુમાં રક્ષણ થઈ શકે એટલાં અને એવાં વસ્ત્રો છે? રાતે નિરાંતે સૂઈ શકાય એવું ઘર છે? ઘર કદાચ નાનું હોઈ શકે, પણ તે ખુદની માલિકીનું છે કે એનું ભાડું ભરવું પડે છે? શકય છે કે ઓફિસ ઘરની બહુ દૂર હોય કે એરિયા પસંદગીનો ન હોય. મનગમતા એરિયામાં ઘર ખરીદવા માટેના પૈસા ન હોય તે બરાબર છે, પણ છતાંય અત્યારે માથાં પર છત તો છે.

રોટી, કપડાં, મકાન અને પાણી જેવી મૂળભૂત જરૂરિયાતો બાદ હવે બીમારી, ભણતર અને કેટલીક ભૌતિક સુવિધાઓ પર આવો. બહેતર જીવનશૈલી સૌને પસંદ હોય છે તે વાતનો નકાર ન હોઈ શકે. સૌની પોતપોતાની પસંદગી હોય છે. વધારે ભૌતિક સુખો હાંસલ કરવાની કામના જરૂર કરો. એનુંય લિસ્ટ બનાવો. સૂચિની પ્રત્યેક આઈટમ પર ધ્યાન આપો. તે મેળવવા માટે પૈસા બચાવો અને રોકાણ કરો.

આપણી પાસે જે કંઈ છે તેને આપણે ઘણી વાર હળવાશથી લઈ લેતાં હોઈએ છીએ. આપણે કૃતાર્થતા અનુભવવાનું ચૂકી જઈએ છીએ. આપણું ધ્યાન હંમેશાં એ જ બાબતો પર હોય છે જે આપણી પાસે નથી હોતી. મારો ફ્લેટ ૧૪મા માળ પર છે, જેમાંથી હું ખૂબસૂરત હેંગિંગ ગાર્ડન, બે તરફ દરિયો, સુંદર સૂર્યોદય, મનોહર સૂર્યાસ્ત જોઈ શકું છું અને સાથે સાથે ગટર, કચરાનો ઢગલો અને આંખને ન ગમે એવી બીજી વસ્તુઓ પણ જોઈ શકું છું. બન્ને પ્રકારની ચીજો અસ્તિત્વ ધરાવે છે, બન્ને સચ્ચાઈ છે અને બન્નેનો સ્વીકાર થવો જોઈએ. જો હું કેવળ ગટર અને કચરાના ઢગલાને જ જોતો રહું તો તે સાચો અભિગમ નહીં ગણાય.

આપણને આદત છે ખુદની પાસે જે ન હોય એવી વસ્તુઓનું લિસ્ટ બનાવ્યા કરવાની, બીજાઓ પાસે જે હોય તેને ધ્યાનમાં રાખવાની. આ આદત બદલો. તમારી પાસે જે કંઈ છે એનું લિસ્ટ બનાવો અને ત્યાં જ અટકી જાઓ. તમારી પાસે શું છે અને શું નથી એનું લિસ્ટ બીજાઓએ બનાવવું હોય તો ભલે બનાવે. એ એમની સમસ્યા છે, તમારી નહીં. ■

**યોગિક વેલ્થ**

***લક્ષ્મી એટલે શારીરિક, સામાજિક, આર્થિક અને લાગણીઓ સંબંધિત સંપત્તિ. પૈસાનો સંબંધ ફક્ત આર્થિક સંપત્તિ સાથે છે. પસંદગી તમારે કરવાની છે.***




નિશા સંઘવી
feedback@bombaysamachar.com

# પ્રી-એક્ઝિસ્ટિંગ ડિસીઝઃ આરોગ્ય વીમા વખતે શું શું ધ્યાનમાં રાખશો?

**સામાન્ય** સંજોગોમાં આરોગ્ય વીમાના પ્લાન હેઠળ દવા, સારવાર માટેની પ્રોસિજર, નિદાન માટેનાં પરીક્ષણો, સર્જરી, પ્રી-હોસ્પિટલાઇઝેશન, પોસ્ટ હોસ્પિટલાઇઝેશન સહિતના અનેક ખર્ચ આવરી લેવાય છે. જો કે, વીમાધારકને પ્રી-એક્ઝિસ્ટિંગ ડિસીઝ હોય તો વીમા કંપની એ વ્યક્તિને વીમો આપતી વખતે અમુક શરતો લાગુ કરતી હોય છે.

**પ્રી-એક્ઝિસ્ટિંગ ડિસીઝ એટલે શું ?**

ભારતની વીમા ક્ષેત્રની નિયામક 'ઇન્સ્યોરન્સ રેગ્યુલેટરી ઍન્ડ ડેવલપમેન્ટ ઑથોરિટી ઑફ ઇન્ડિયા (ઇરડાઈ)' એ કરેલી વ્યાખ્યા અનુસાર 'પ્રી-એક્ઝિસ્ટિંગ ડિસીઝ' (પીઈડી) એટલે એ બીમારી જેનું નિદાન અને સારવાર પોલિસી શરૂ થવા પહેલાંના ૩૬ મહિનાની અંદર થયાં હોય.

**પ્રી-એક્ઝિસ્ટિંગ ડિસીઝીસ માટેનો વેઇટિંગ પિરિયડ**

જે સમયગાળામાં અમુક બીમારીઓ, ઈજા કે અન્ય સ્થિતિને આરોગ્ય વીમા હેઠળ આવરી લેવાતી ન હોય એ સમયગાળાને 'વેઇટિંગ પિરિયડ' કહેવામાં આવે છે. 'ઇરડાઈ' એ આ વ્યાખ્યા કરી છે. વીમા કંપનીઓ વેઇટિંગ પિરિયડ પૂરો થયો પછી જ કવરેજ આપે છે. પ્રી-એક્ઝિસ્ટિંગ કન્ડિશન્સ માટે 'ઇરડાઈ'એ મહત્તમ વેઇટિંગ પિરિયડ ચાર વર્ષથી ઘટાડીને ત્રણ વર્ષ કરી દીધો છે. એનો અર્થ એવો થયો કે વેઇટિંગ પિરિયડ ચાલતો હોય ત્યાં સુધી (મહત્તમ ત્રણ વર્ષ સુધી) 'પીઈડી' માટે ક્લેમ કરી શકાતો નથી. અહીં નોંધવું ઘટે કે મોટાભાગની વીમા કંપનીઓ 'પીઈડી' માટે બેથી ત્રણ વર્ષનો વેઇટિંગ પિરિયડ રાખે છે. અમુક કંપનીઓ વેઇટિંગ પિરિયડ ઓછો લાગુ થાય એવાં ઍડ-ઓન આપે છે. એના માટે થોડું વધારે પ્રીમિયમ લેવામાં આવે છે.

**પીઈડી માટે મર્યાદિત કવરેજ**

વીમા કંપનીઓ 'પીઈડી' માટેનું કવરેજ આપતી વખતે વધારે સાવચેતી રાખે છે, કારણ કે અમુક બીમારીઓમાં વીમાધારકના ક્લેમ આવવાની શક્યતા વધારે હોય છે એને કારણે વીમા કંપનીઓએ



વધારે વખત ક્લેમના પૈસા ચૂકવવા પડી શકે છે. આ જ કારણ છે કે વીમા કંપનીઓ 'પીઈડી' ધરાવતા લોકોને કવરેજ આપતી વખતે નિશ્ચિત

નિયમો અને શરતો લાગુ કરે છે.

**પીઈડી કેમ જાહેર કરવો જરૂરી છે?**

* જો એ જાહેર કર્યા ન હોય તો ક્લેમ રિજેક્ટ થઈ શકે છે અને ભવિષ્યમાં કવરેજ પર પ્રતિબંધ મુકાઈ શકે છે.

* 'પીઈડી' જાહેર કરી દેવામાં આવે તો વીમા કંપનીને પ્રીમિયમ નક્કી કરવામાં સરળતા રહે છે. કંપનીવાળા વીમાધારકને બીમારીઓ થવાના અને ક્લેમ આવવાના જોખમનો અંદાજ કાઢીને પ્રીમિયમ નક્કી કરતા હોય છે.

* 'પીઈડી' જાણ થયા બાદ વીમા કંપનીઓ સંબંધિત વીમા ધારકની પોલિસી હેઠળ અનેક ઇન્ક્લુઝન અને એક્સક્લુઝનની યાદી સહેલાઈથી બનાવી શકે છે. એ જાણકારીના આધારે વીમાધારકને પોતાની પોલિસી વિશે સ્પષ્ટ ખયાલ આવી જાય છે.

* 'પીઈડી'ની જાણ કરી હોય તો વેઇટિંગ પિરિયડ શરૂ થવા વિશે સ્પષ્ટતા થઈ જાય છે. તમે 'પીઈડી' જાહેર કરી દીધા હોય તો પોલિસી ખરીદ્યાનો દિવસ એ વેઇટિંગ પિરિયડનો પહેલો દિવસ ગણાય છે.

**આ મુદ્દા પણ આગત્યના છે...**

* 'ઇરડાઈ 'ના નવીનતમ નિયમો મુજબ 'પીઈડી' માટે મહત્તમ ત્રણ વર્ષનો વેઇટિંગ પિરિયડ લાગુ થાય છે. અમુકમાં એના કરતાં પણ ઓછો સમય હોય છે.

* જે બીમારીને કારણે તમારા આરોગ્ય પર લાંબા ગાળાની અસર થવાની હોય એને જ વીમા કંપનીઓ 'પીઈડી' ગણે છે. ફ્લુ, તાવ, શરદી કે અન્ય નાની બીમારીઓને 'પીઈડી' ગણવામાં આવતી નથી.

* જો વરિષ્ઠ નાગરિકો હોય એવા પરિવાર માટે ફેમિલી ફ્લોટર પોલિસી લેવામાં આવી હોય તો ઓછામાં ઓછો વેઇટિંગ પિરિયડ હોય એવી જ પોલિસી લેવાનું હિતકારક છે.

* કો-પેમેન્ટ હોય એવી પોલિસી લેવાનું ટાળવું, કારણ કે એ પોલિસીમાં તમારે ક્લેમ વખતે અમુક ટકા રકમ પોતાના ખિસામાંથી ચૂકવવી પડતી હોય છે.

* 'પીઈડી'ને લાગુ પડતા વેઇટિંગ પિરિયડ અને બીજી શરતો જાણી લેવાં તથા પોતાના પીઈડી વિશે પ્રામાણિકપણે વીમા કંપનીને જાણ કરવી.

* અમુક વીમા કંપનીઓ પીઈડી માટેનું કવરેજ આપતાં પહેલાં આરોગ્યની ચકાસણી ફરજિયાતપણે કરાવતી હોય છે. ■




feedback@bombaysamachar.com
રાજેશ યાજ્ઞિક

# પ્રિક્લેમ્પસિયા

## ગર્ભવતી મહિલાને પજવતી સમસ્યા...




**મહિલાઓ** માટે ગર્ભાવસ્થા ઘણો નાજુક સમય ગણાય. તે દરમિયાન કેટલાક કોમ્પ્લિકેશન્સ પણ ઊભા થાય છે. આવી જ એક સમસ્યાનું નામ છે : પ્રિક્લેમ્પસિયા (Preeclampsia). પ્રિક્લેમ્પસિયા એ બ્લડ પ્રેશરની ગંભીર સ્થિતિ છે, જે ગર્ભાવસ્થા દરમિયાન વિકસે છે. પ્રિક્લેમ્પસિયા ધરાવતા લોકોને ઘણીવાર હાઈ બ્લડપ્રેશર (હાયપરટેન્શન) અને પેશાબમાં પ્રોટીનનું પ્રમાણ (પ્રોટીન્યુરિયા) વધારે હોય છે. પ્રિક્લેમ્પસિયા સામાન્ય રીતે ગર્ભાવસ્થાના ૨૦મા અઠવાડિયાં પછી વિકસે છે.

પ્રિક્લેમ્પસિયા શરીરના અન્ય અવયવોને પણ અસર કરી શકે છે,જેમકે કિડની અને લીવરને નુકસાન, મગજને ઇજા અને અન્ય ગંભીર આડઅસરો પેદા કરી શકે છે. તે સગર્ભા અને વિકાસશીલ ગર્ભ બંને માટે ખતરનાક છે. આ જોખમોને કારણે, તબીબ પાસે ગર્ભાવસ્થાનું નજીકથી નિરીક્ષણ કરવાની અને તાત્કાલિક સારવાર કરાવવાની જરૂર રહે છે.

### લક્ષણો શું છે?

પ્રિક્લેમ્પસિયાના કેટલાક પ્રથમ સંકેતોમાં હાઈ બ્લડપ્રેશર, તમારા પેશાબમાં પ્રોટીન અને પાણી રોકાવું (આનાથી વજન વધી શકે છે અને સોજા ચઢી શકે છે) છે. અન્ય ચિહ્નોમાં માથાનો દુખાવો, ઝાંખી દ્રષ્ટિ અથવા પ્રકાશ સંવેદનશીલતા, દ્રષ્ટિમાં કાળા ડાઘ દેખાવા, ઉપર જમણી બાજુ પેટમાં દુખાવો, તમારા હાથ, પગની ઘૂંટીઓ અને ચહેરા પર સોજો (એડીમાં) અને શ્વાસ લેવામાં તકલીફ ઊભી થઈ શકે છે.

જ્યાં સુધી તબીબ નેટલ એપોઇન્ટમેન્ટમાં બ્લડપ્રેશર અને પેશાબની તપાસ ન કરે ત્યાં સુધી સગર્ભાને ઘણીવાર ખબર નથી હોતી કે તેમને પ્રિક્લેમ્પસિયા છે. તેથી તબીબ સાથે ગર્ભાવસ્થાનાં બધાં લક્ષણો શેર કરવા પણ મહત્ત્વપૂર્ણ છે.

ગંભીર પ્રિક્લેમ્પસિયાના કિસ્સામાં હાયપરટેન્સિવ ઇમરજન્સી (બ્લડપ્રેશર ૧૬૦/૧૧૦ mmHg કે તેથી વધુ), કિડની અથવા લીવરના કાર્યમાં ઘટાડો, ફેફસાંમાં પ્રવાહી (પલ્મોનરી એડીમા), લોહીમાં પ્લેટલેટનું સ્તર ઓછું (થ્રોમ્બોસાયટોપેનિયા), પેશાબ ન બનવો અથવા ખૂબ ઓછું ઉત્પન્ન થવું જેવી સમસ્યાઓ જોવા મળે છે.

પ્રિક્લેમ્પસિયા થવાનાં કારણ વિશે સંશોધકો હજી સ્પષ્ટ નથી, પણ એવું માનવામાં આવે છે કે પ્રિક્લેમ્પસિયા પ્લેસેન્ટામાં રક્ત પુરવઠામાં સમસ્યાને કારણે થઈ શકે છે. પ્લેસેન્ટા સ્ત્રીના શરીરનો તે ભાગ છે જ્યાં બાળક વિકસે છે (ગર્ભાશય), જે બાળકને રક્ષણ આપે છે અને નાભિ સાથે જોડાયેલી નળી દ્વારા ખોરાક પૂરો પાડે છે.

### કોને જોખમ વધારે છે?

હાઈ બ્લડપ્રેશર, કિડની રોગ અથવા ડાયાબિટીસનો ઇતિહાસ, જોડિયા કે તેનાથી વધુ બાળકો ગર્ભમાં હોય, લ્યુપસ જેવી સમસ્યા પહેલેથી જ હોય અને જેમને પહેલાની ગર્ભાવસ્થામાં પ્રિક્લેમ્પસિયાની સમસ્યા થઇ હોય તેમને જોખમ વધુ હોઈ શકે. તે ઉપરાંત વધુ વજન ધરાવનાર, આ સમસ્યાનો પારિવારિક ઇતિહાસ ધરાવનાર, ૩૫ વર્ષથી વધુની ઉંમરે ગર્ભવતી થનાર મહિલાઓને પણ આ સમસ્યાનો સામનો કરવો પડી શકે છે.

પ્રિક્લેમ્પસિયાના કારણે કેટલાક કોમ્પ્લિકેશન્સ પણ ઊભા થઇ શકે છે, જેમકે, સમય પહેલા બાળકનો જન્મ, બાળકનું વજન ઓછું હોવું. માતાની વાત કરીએ તો સીઝર, સ્ટ્રોક આવવો, ગંભીર સ્થિતિમાં કોમામાં ચાલ્યા જવું, કિડનીની સમસ્યા ઉત્પન્ન થવી જેવી તકલીફો સર્જાય છે. જોકે, મોટાભાગના કિસ્સામાં, નિયમિત તબીબી તપાસથી પરિસ્થિતિ નિયંત્રણમાં રહે છે.

પ્રિક્લેમ્પસિયા સામાન્ય રીતે ડિલિવરી પછીના થોડા દિવસોથી લઈને કેટલાંક અઠવાડિયામાં દૂર થઈ જાય છે. ક્યારેક, ડિલિવરી પછી થોડાં અઠવાડિયાં સુધી તમારું બ્લડપ્રેશર ઊંચું રહી શકે છે, જેના માટે સારવારની જરૂર પણ પડે.

ગર્ભાવસ્થામાં આ સમસ્યાથી બચવા પહેલેથી વજન નિયંત્રણમાં રાખવું, યોગ્ય પ્રમાણમાં ઊંઘ લેવી, બ્લડપ્રેશર અને બ્લડસુગર નિયંત્રણમાં રાખવું જેવા પગલાં લેવા જોઈએ તેવી સલાહ તબીબો આપે છે. અને હા, યોગ્ય ખોરાક તો દરેક આરોગ્ય સમસ્યાની જેમ આ અવસ્થામાં પણ અત્યંત જરૂરી બાબત છે. જોકે, તબીબો એક ચેતવણી પણ આપે છે કે, ગર્ભાવસ્થા દરમિયાન સૂચવેલી દવાઓ સિવાય, માથાના દુખાવા જેવી બાબત માટે પણ વધારાની દવા લેતા પહેલા ડોક્ટરની સલાહ જરૂર લેવી જોઈએ. ■




feedback@bombaysamachar.com
ખુશી ઠક્કર

# સ્વાદિષ્ટ મિક્સ ફ્રૂટ આઈસ કેન્ડી...



**ગરમીની** ઋતુમાં આઈસ કેન્ડી બાળકો અને મોટાઓ બંનેની મનપસંદ વસ્તુ છે. બજારમાં મળતી આઈસ કેન્ડીમાં કૃત્રિમ રંગો, ફ્લેવર અને પ્રિઝર્વેટિવ્સ હોય છે, જે આરોગ્ય માટે હાનિકારક છે. આવી સ્થિતિમાં ઘરે તાજા જો ઘરે જ તાજા ફળોમાંથી મિક્સ ફ્રૂટ આઈસ કેન્ડી બનાવવીએ તો એ સ્વાસ્થ્યપ્રદ અને સ્વાદિષ્ટ વિકલ્પ છે. અહીં અમે ત્રણ અલગ અલગ સ્વાદવાળી મિક્સ ફ્રૂટ આઈસ કેન્ડીની સરળ રેસિપી આપી છે.

*** ક્લાસિક મિક્સ ફ્રૂટ આઈસ કેન્ડી**

સામગ્રીઃ ૧ કપ તાજા ફળોનું પ્યુરી (સફરજન, કેરી, સ્ટ્રોબેરી, અનાનસ, કેળું), ૧ કપ દૂધ અથવા નારિયેળ પાણી, ૪-૫ ચમચી ખાંડ અથવા મધ, ૧/૨ ચમચી લીંબુનો રસ, થોડું ફૂડ કલર

રીતઃ તમામ તાજાં ફળોને ધોઈને પ્યુરી બનાવી લો. તેમાં દૂધ, ખાંડ અને લીંબુનો રસ ઉમેરીને સારી રીતે મિક્સ કરો. મિશ્રણને આઈસ કેન્ડી મોલ્ડ અથવા કપમાં રેડો. ઉપર લાકડી નાખીને ફ્રીઝરમાં ૬-૮ કલાક અથવા રાત્રિ સુધી સેટ થવા દો. સારી રીતે જામી જાય પછી મોલ્ડમાંથી કાઢીને માણો.

*** લેયર્ડ મલ્ટીકલર મિક્સ ફ્રૂટ આઈસ કેન્ડી**

સામગ્રીઃ અલગ અલગ ફળોનું પ્યુરી (કેરી, સ્ટ્રોબેરી, કિવી અથવા લીલું સફરજન, ઓરેન્જ), ૨ કપ દહીં અથવા નારિયેળ દૂધ, ૩-૪ ચમચી ખાંડ, અલગ અલગ કુદરતી કલર.

રીતઃ ત્રણ અલગ અલગ ફળોનું પ્યુરી તૈયાર કરો. દરેક પ્યુરીમાં થોડું દહીં અને ખાંડ મિક્સ કરો. આઈસ કેન્ડી મોલ્ડમાં પહેલા એક લેયર રેડો અને ૧ કલાક ફ્રીઝરમાં સેટ કરો. પછી બીજી લેયર અને ત્રીજી લેયર એક પછી એક રેડીને દરેક વખતે અડધો કલાક સેટ કરો. આ રીતે ત્રણ રંગની આકર્ષક લેયર્ડ આઈસ કેન્ડી તૈયાર થશે. સંપૂર્ણ જામી જાય પછી કાઢીને સર્વ કરો.

*** ક્રીમી મિક્સ ફ્રૂટ આઈસ કેન્ડી (મિલ્ક બેઝ)**


સામગ્રીઃ દોઢ કપ મિક્સ ફ્રૂટ પ્યુરી (કેરી, અનાનસ, સફરજન, કેળું), ૧ કપ દૂધ, ૧/૨ કપ ક્રીમ અથવા મલાઈ, ૫ ચમચી ખાંડ, એલચી પાવડર અને વેનિલા એસેન્સ.

રીતઃ ફળોનું પ્યુરી અને દૂધને બ્લેન્ડ કરીને સ્મૂધી બનાવો. તેમાં ક્રીમ, ખાંડ, એલચી અને વેનિલા એસેન્સ ઉમેરીને સારી રીતે મિક્સ કરો. આ મિશ્રણને આઈસ કેન્ડી મોલ્ડમાં રેડીને ફ્રીઝરમાં ૮ કલાક માટે મૂકો. આ કેન્ડી ક્રીમી અને ખૂબ જ સ્વાદિષ્ટ બને છે.

આ ત્રણેય પ્રકારની મિક્સ ફ્રૂટ આઈસ કેન્ડી બનાવવી ખૂબ જ સરળ છે અને તેમાં કોઈ કૃત્રિમ પદાર્થો વપરાતા નથી. તાજા ફળોના પોષક તત્ત્વો પણ મેળવે છે. ગરમીના દિવસોમાં પાર્ટી, પિકનિક કે ઘરે બેસીને આ આઈસ કેન્ડી બનાવીને માણો. ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# ટીંડા કાળઝાળ ગરમીમાં રસોડાની શાન ગણાય છે



**ગરમીમાં** શાકભાજી એક તો મોંઘા મળે. વળી શાકમાં વિવિધતા ઓછી જોવા મળતી હોય છે. તેમાં વળી કારેલાં કે દૂધી જેવાં શાક કુટુંબના મોટાભાગના સભ્યોને પસંદ ના પડતાં હોય. આવા સંજોગોમાં ટીંડાનો શાક તરીકે ઉપયોગ રસોઈની શાન તથા સ્વાદ વધારી દેવામાં અવ્વલ નંબર ધરાવે છે. ટીંડાની ગણના પૌષ્ટિક્તાથી લથબથ શાકમાં કરવામાં થાય છે. ટીંડામાં ઍન્ટિઓક્સિડન્ટના ગુણો સમાયેલાં છે. ફાઈબર, કૈરાટિનૉયડ, વિટામિન સી, આયર્ન, પોટેશ્યિમ વગેરે સમાયેલાં હોય છે. જેને કારણે ટીંડાને સુપર ફૂડ ગણવામાં આવે છે. ટીંડાનું ફળ વેલમાં થાય છે. ટીંડાના વેલ-પાન કાકડીના પાન આકારના જ જોવા મળે છે. તેની વેલમાં પીળા રંગના ફૂલ જોવા મળે છે. ફળ ઈંડા આકારનું હોય છે. ૬થી ૧૦ સેમી વ્યાસનું સફેદ કે લીલા રંગનું જોવા મળે છે. અંદરનો માવો મુલાયમ રસદાર હોય છે. તેને અંગ્રેજીમાં બેબી પંપકીન કે ઍપ્પલ ગૉર્ડ કહેવામાં આવે છે. આયુર્વેદમાં એવું જણાવવામાં આવ્યું છે કે ટીંડાનો ઉપયોગ આહારમાં કરવાથી બુદ્ધિને સતેજ કરવામાં મદદ મળે છે. શરીરની કમજોરી દૂર કરવામાં મદદ કરે છે. ગરમીમાં સ્વાસ્થ્ય માટે અત્યંત ગુણકારી ગણાય છે. કેમ કે ૯૪ ટકા પાણીનો ભાગ ટીંડામાં સમાયેલો હોય છે. દક્ષિણ એશિયામાં તેનો ઉપયોગ મોટા પ્રમાણમાં કરવામાં આવે છે. દેશી ટીંડાનો પાક ભારતમાં ઉત્તર ભારત, રાજસ્થાન, પંજાબ, હરિયાણા તથા ઉત્તર પ્રદેશનો સમાવેશ કરવામાં આવે છે. જ્યાં ફેબ્રુઆરીથી માર્ચ માસમાં તેનો મબલખ પાક જોવા મળે છે. મધ્ય ભારતની વાત કરીએ તો મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્રનો સમાવેશ કરવામાં આવે છે. દક્ષિણ ભારતમાં સ્થાનીય મોસમ સારું રહે તો જાન્યુઆરીના અંતમાં તથા ફેબ્રુઆરીમાં ટીંડાની ખેતી કરવામાં આવે છે. ખેડૂત માટે ટીંડાની ખેતી લાભકારી પાક ગણાય છે, બસ તેના માટે મોસમ, માટી, પાણી તથા બજારની માગને ધ્યાનમાં રાખીને વાવણી કરવી આવશ્યક છે. ૩૫-૪૦ દિવસમાં પાક તૈયાર થાય છે. પ્રથમ પાક ૫૦-૬૦ કિલો પ્રતિ એકર પાક તૈયાર થાય તો પૂર્ણ ખેતરમાં ૩૦૦૦ થી ૪૦૦૦ કિલોનું ઉત્પાદન મેળવી શકાય છે. કિલોના ૩૫-૫૦ની આસપાસ મળી રહે છે. પ્રતિ એકર ૩-૪ લાખનું વેચાણ થઈ શકે છે.

## ટીંડાના સ્વાસ્થ્યવર્ધક લાભ

**હાઈ બ્લડપ્રેશરને નિયંત્રણમાં લાવવામાં લાભકારી :** હાઈ બ્લડ પ્રેશરના દર્દીઓ માટે ટીંડાના શાકનું સેવન કે તેના જ્યૂસનું સેવન કરવાથી ઉચ્ચ રક્તચાપને નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે. કૉલેસ્ટ્રોલ લેવલને ઘટાડવામાં મદદ કરે છે.

**વજનને નિયંત્રણમાં રાખવામાં લાભકારી:** ટીંડામાં કૅલરીની માત્રા બહુ ઓછી હોય છે. તેથી તેનો ઉપયોગ શાક બનાવીને કરવાથી શરીરને આવશ્યક પોષક તત્ત્વો મળી રહે છે. વળી વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે. તેમાં ફાઈબરની માત્રા વધુ હોય છે. જેથી તેનું સેવન કર્યા બાદ લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. જે વજનને ઘટાડવામાં મદદરૂપ બની શકે છે.

**હૃદયના સ્વાસ્થ્યને જાળવવામાં ફાયદાકારક :** હૃદયનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે નિયમિત રીતે ટીંડાનું સેવન કરવું આવશ્યક છે. હૃદયની તંદુરસ્તી જળવાઈ રહે તેવું ઈચ્છતી વ્યક્તિએ કૉલેસ્ટ્રોલ તથા સોડિયમની માત્રા વધુ હોય તેવો ખોરાક ટાળવો અતિઆવશ્યક ગણાય છે. ટીંડામાં કૉલેસ્ટ્રોલની માત્રા નહીવત હોય છે. વળી ટીંડામાં રહેલું પોટેશ્યિમ ઈલેક્ટ્રોલાઈટસ્‌ને સંતુલિત કરે છે જેને કારણે હૃદયનું કામકાજ સારી રીતે થવામાં મદદ મળે છે.

**કિડનીને ડીટોક્સીફાય કરવામાં ગુણકારી:** ટીંડાનો આહારમાં નિયમિત ઉપયોગ કરવાથી કિડનીમાં જમા થયેલ વિષાક્ત પદાર્થ સરળતાથી બહાર નીકળી જવામાં મદદ મળે છે. ટીંડાનો રસ પીવાથી પેશાબ અટકી અટકીને આવવાની કે કુદરતી હાજતે જવાની તેમ જ મસાને કારણે લોહી નીકળવાની તકલીફમાં રાહતદાયક ગણાય છે.

**આંખો માટે ગુણકારી:** ટીંડાનું સેવન આંખોની તંદુરસ્તી જાળવી રાખવામાં મદદ કરે છે. કેમ કે ટીંડામાં વિટામિન એની માત્રા સમાયેલી જોવા મળે છે. નિષ્ણાતો દ્વારા એવું વાંરવાર જણાવવામાં આવે છે કે વિટામિન એનું સેવન કરવાથી આંખોની તંદુરસ્તી જાળવી રાખવામાં મદદ મળે છે.

**ત્વચાને ચમકીલી તથા વાળને ઘટ્ટ બનાવવામાં લાભકારી :** ટીંડામાં સમાયેલું ઍન્ટિ ઓક્સિડન્ટ તત્ત્વ ફ્રી રેડિકલ્સથી લડવાની શક્તિ વધારે છે. જેને કારણે ત્વચાની તંદુરસ્તી જળવાઈ રહે છે. ટીંડામાં રહેલું ઝિંક તથા વિટામિન સી સહિત અન્ય વિટામિન તથા ખનીજ ત્વચાની ચમક તથા વાળની મજબૂતાઈ જાળવી રાખવામાં મદદ કરે છે. તેમજ ત્વચાનું મુલાયમપણું જાળવી રાખવામાં મદદરૂપ બને છે. ચહેરા ઉપર દેખાંતા બ્લૅકહેડસ્‌ની સમસ્યાથી છુટકારો મેળવવામાં મદદ કરી શકે છે. ત્વચા સંબંધિત અનેક વિકારોને દૂર કરવામાં મદદ કરી શકે છે.

**પાચન સંબંધિત પ્રશ્નોને દૂર કરવામાં લાભકારી:** ટીંડામાં ભરપૂર માત્રામાં ફાઈબર સમાયેલું હોય છે. જેથી તેનું સેવન કરવાથી મળ ત્યાગની તકલીફથી છુટકારો મેળવી શકાય છે. વળી તેમાં ૯૪ ટકા પાણીની માત્રા સમાયેલી હોય છે. જેને કારણે પાચન તંત્રને હાઈડ્રેટ રાખવામાં મદદ મળે છે. તેનો સૂપ કે તેનું શાક બનાવીને આહારમાં નિયમિત સમાવેશ કરવાથી પાચનક્રિયામાં સુધારો જોવા મળે છે.

**ડાયાબિટીસની વ્યાધિમાં ગુણકારી :** ટીંડાનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ઓછો હોય છે. જેનો અર્થ એવો કરી શકાય કે તેનું સેવન કરવાથી રક્ત શર્કરામાં અચાનક વૃદ્ધિ થતી નથી. ટીંડામાં રહેલું ફાઈબર શર્કરાના અવશોષણને ધીમું કરી દે છે. આમ ડાયાબિટીસના દર્દીઓ માટે અત્યંત ગુણકારી શાક ગણાવી શકાય.

**રોગપ્રતિરોધક ક્ષમતા વધારે છે :** ટીંડામાં વિટામિન સી તથા ઍન્ટિ-ઑક્સિડન્ટનું પ્રમાણ જોવા મળે છે. જે રોગપ્રતિરોધક ક્ષમતાને મજબૂત કરવામાં ઉપયોગી ગણાય છે. શરીરને બહારી સંક્રમણથી બચાવવામાં મદદ કરે છે. મોસમમાં બદલાવ થાય તેવા સમયે બહારના ચટપટા વ્યંજનોનું સેવન કરવાને બદલે સાત્ત્વિક ટીંડાનો ઉપયોગ આહારમાં કરવો હિતાવહ ગણાય છે.

**હાડકાંની તંદુરસ્તી જાળવવામાં લાભકારી:** ટીંડામાં કૅલ્શ્યિમ તથા મેગ્નેશ્યિમનું પ્રમાણ સમાયેલું હોય છે. જે હાડકાંને મજબૂત બનાવવા માટેના અગત્યના ઘટક ગણાય છે. ઓસ્ટિયોપોરોસિસ જેવી બિમારીથી બચવામાં મદદ કરે છે. ટીંડામાં સમાયેલું કૅલ્શ્યિમ તથા મેગ્નેશ્યિમના સર્વ લાભ મેળવવા માટે ટીંડાને દૂધ તથા સૂકામેવાનો ઉપયોગ કરીને હલવા કે ખીર જેવું બનાવીને ખાવું ઉત્તમ ગણાશે.

ટીંડામાંથી વિવિધ વાનગી બનાવી શકીએ છીએ : જેંમ કે ટીંડાનું શાક, ટીંડાનું ભરેલું શાક, ટીંડાનો સૂપ, ટીંડાનું રાયતું, ટીંડાની ખીર વગેરે બનાવી શકાય છે. ■

### ભરેલાં ટીંડાનું શાક

**સામગ્રી :** ૫૦૦ ગ્રામ મધ્યમ કદના કુણા નાના ટીંડા, ૨ મોટી ચમચી ઘી, મસાલો બનાવવા માટે : ૩ ચમચી ધાણાજીરું પાઉડર, ૧ ચમચી લાલ મરચું, ૧ ચમચી શેકેલો ચણાનો લોટ, સ્વાદાનુસાર મીઠું, ચપટી હિંગ, ચપટી હળદર, ૧ નાની ચમચી આમચૂર પાઉડર, ૧ મધ્યમ ચમચી દળેલી ખાંડ. ૧ વાટકી દહીં, ૨ નંગ લીલા મરચાં ઝીંણા સમારેલાં, ૧ ચમચી આદુંની કતરણ, ૧ ચમચી વાટેલાં આદું મરચાં. વઘાર માટે જીરું, વરિયાળી, અજમો, હિંગ.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ ટીંડાને બરાબર સાફ કરીને છોલી લેવાં. ત્યારબાદ તેનો મધ્યમાં રહેલો કડક ભાગ કાઢી લેવો. તેમાં ચાર કાપ મૂકવાં. ઉપરથી મીઠું લગાવીને ૫-૧૦ મિનિટ રાખવા. ધાણાજીરું, શેકેલો ચણાનો લોટ, લાલ મરચું, આમચૂર, ખાંડ, હિંગ, સ્વાદાનુસાર મીઠું તથા ૧ ચમચી તેલ ભેળવીને મસાલો તૈયાર કરવો .

ટીંડામાં ભરવો. હવે એક કડાઈમાં ૧ ચમચી તેલ તથા ૧ મોટી ચમચી ઘી મૂકવું. તેમાં હિંગ ભેળવવી. જીરું, વરિયાળી, અજમો, હિંગ ભેળવીને બરાબર ભેળવવું. ત્યારબાદ તેમાં એક ૧ કપ દહીંમાં ૧ ચમચી ચણાનો લોટ ભેળવીને તેમાં સ્વાદાનુસાર મીઠું તથા ખાંડ ભેળવવા. તેને કડાઈમાં ઉમેરવું. બરાબર એકરસ કરી લેવું. જેથી દહીં ફાટી જશે નહીં. તેમાં ભરેલાં ટીંડા ગોઠવવા. ઉપરથી થોડો વધેલો મસાલો છાંટવો. આદુંની કતરણ ભેળવવી. ધીમી આંચ ઉપર ૧૦ મિનિટ પકાવવું. શાક બરાબર ગળી જાય ત્યાર બાદ ટીંડાના ભરેલાં સ્વાદિષ્ટ શાકને ગરમાગરમ રોટલી કે ભાખરી સાથે પીરસવું.



feedback@bombaysamachar.com
ફોકસ
ડૉ. માજીદ અલીમ

# વિશ્વ અસ્થમા દિવસ

## દરેક શ્વાસનું મૂલ્ય સમજો...



**શ્વાસથી** જ જીવન ચાલે છે. એ આપણા જીવનની સૌથી સ્વાભાવિક પ્રક્રિયા છે. તે એટલી સ્વાભાવિક છે કે ઘણીવાર આપણે તેનું મહત્ત્વ પણ અનુભવતા નથી, પરંતુ જ્યારે આ જ શ્વાસ વચ્ચે-વચ્ચે અટકવા લાગે છે, છાતીમાં ભારેપણું અનુભવાય છે અને એક-એક શ્વાસ માટે સંઘર્ષ કરવો પડે છે, ત્યારે આપણને સમજાય છે કે જીવન માટે તે કેટલો અમૂલ્ય છે. શ્વાસની આ જ કિંમતને ધ્યાનમાં રાખીને દર વર્ષે મે મહિનાના પહેલા મંગળવારે 'વિશ્વ અસ્થમા દિવસ' ઉજવવામાં આવે છે. વર્ષ ૨૦૨૬ માં આ દિવસ પાંચ મે ના રોજ આવી રહ્યો છે. આ દિવસ એટલા માટે મહત્વપૂર્ણ છે, કારણ કે આનાથી લોકો શરીરની સૌથી સ્વાભાવિક પ્રક્રિયા એટલે કે શ્વાસ લેવાના મહત્વને સમજે છે અને તેના પ્રત્યે જાગૃત થાય છે.

વિશ્વ અસ્થમા દિવસ વાસ્તવમાં લોકોને શ્વાસ લેવા એટલે કે શ્વસનના મહત્ત્વનો અહેસાસ કરાવવાનો દિવસ છે. આ એક એવો અવસર છે, જે આપણને માત્ર અસ્થમા જેવી ગંભીર શ્વસન સંબંધી બીમારીઓ પ્રત્યે જાગૃત જ નથી કરતો પરંતુ એ પણ શીખવે છે કે સ્વાસ્થ્ય અને પર્યાવરણનો કેટલો ઊંડો સંબંધ છે. તેથી, જો આપણે જીવનના શ્વાસને સહજ બનાવી રાખવા માગતા હોઈએ, તો એ જરૂરી છે કે આપણે આપણા પર્યાવરણ પ્રત્યે પણ સંવેદનશીલ બનીએ અને તેને દૂષિત ન કરીએ; કારણ કે સ્વસ્થ પર્યાવરણ આપણને શ્વાસ લેવામાં સરળતા પ્રદાન કરે છે. આજે, વિશ્વભરનાં શહેરોમાં, બાળકોથી લઈને વૃદ્ધો સુધી, અસ્થમા દરેકને ઘેરી રહ્યો છે, કારણ કે શહેરોની હવા ઝેરી બની ગઈ છે. આવા સમયમાં, વિશ્વ અસ્થમા દિવસ એક ચેતવણી પણ છે અને એક આશા પણ. ચેતવણી આ વધતા જતા જોખમની અને આશા સાચી જાણકારીની. સમયસર સારવાર અને સામૂહિક પ્રયાસોથી આપણે દરેક શ્વાસને સુરક્ષિત બનાવી શકીએ છીએ.

વર્ષ ૧૯૯૮માં 'ગ્લોબલ ઇનિશિયેટિવ ફોર અસ્થમા' દ્વારા વિશ્વ અસ્થમા દિવસની શરૂઆત કરવામાં આવી હતી. આ એક આંતરરાષ્ટ્રીય સંગઠન છે, જે અસ્થમાની સારવાર અને નિવારણ માટે વૈશ્વિક સ્તરે માર્ગદર્શિકા તૈયાર કરે છે. આ જ સંગઠને વિશ્વ આરોગ્ય સંસ્થાના સહયોગથી વિશ્વ અસ્થમા દિવસની શરૂઆત કરી અને અસ્થમા વિશે લોકોમાં ફેલાયેલી ભ્રમણાઓ દૂર કરવાના પ્રયાસો શરૂ કર્યા.

આ સંગઠને લોકોનું ધ્યાન ખેંચીને જણાવ્યું કે જો યોગ્ય સારવાર અને નિયંત્રણની સાચી પદ્ધતિઓ અપનાવવામાં આવે, તો અસ્થમા જેવી બીમારીમાંથી મુક્તિ મેળવી શકાય છે. સરકારો અને આરોગ્ય સંસ્થાઓને આ દિશામાં વિશેષ રૂપે સક્રિય કરવાની પહેલ પણ આ દિવસના ઉદ્દેશ્યનો જ એક ભાગ છે. દુનિયાભરમાં અસ્થમાના કેસોમાં ૨૧મી સદીની શરૂઆતથી જ વધારો થઈ રહ્યો છે, કારણ કે વિશ્વનું પર્યાવરણ સતત પ્રદૂષિત થઈ રહ્યું છે. તેથી આજે આ દિવસનું મહત્ત્વ ઘણું વધારે છે.

અસ્થમા વાસ્તવમાં એક ક્રોનિક એટલે કે લાંબા ગાળાનો શ્વસન રોગ છે, જેમાં શ્વાસનળીઓમાં સોજો આવી જાય છે અને તે સંકોચાઈ જાય છે. આના કારણે પીડિત વ્યક્તિને શ્વાસ લેવામાં તકલીફ પડે છે, છાતીમાં જકડન અનુભવાય છે તેમ જ ઉધરસ જેવી સમસ્યાઓ ઊભી થાય છે. આપણા પોતાના દેશ એટલે કે ભારતમાં ત્રણથી ચાર કરોડ લોકો અસ્થમાથી પીડિત છે, જેમાં વૃદ્ધો, બાળકો અને યુવાનો પણ સામેલ છે. વાસ્તવમાં અસ્થમાનાં મુખ્ય કારણો છે:

* વાયુ પ્રદૂષણ એટલે કે વાતાવરણમાં પીએમ ૨.૫, ધૂળ, ધુમાડો વગેરેની હાજરી.

* અસ્થમા એલર્જીને કારણે પણ થાય છે. વાસ્તવમાં પરાગ રજ, ધૂળના રજકણો અને પાળેલાં પ્રાણીઓથી અસ્થમાની એલર્જી થાય છે.

* ધૂમ્રપાન કરવાથી અથવા ધૂમ્રપાન કરનારાઓની વચ્ચે રહેવાથી પણ અસ્થમાની સમસ્યા થઈ શકે છે.

* બદલાતી આબોહવા અને તાપમાન પણ આનું કારણ બને છે.


* અને કેટલાક કિસ્સાઓમાં અસ્થમા આનુવંશિક કારણોસર પણ હોય છે.

આજના યુગમાં જ્યારે વિશ્વ અસ્થમા દિવસનું મહત્ત્વ પહેલા કરતા ક્યાંય વધુ વધી ગયું છે, ત્યારે તેનું કારણ એ છે કે ભારતનાં લગભગ તમામ શહેરો હાલમાં વાયુ પ્રદૂષણ અને હવાની ગુણવત્તાના સતત બગડતા સ્તરનો સામનો કરી રહ્યા છે. અસ્થમાના દર્દીઓ માટે આ અત્યંત ગંભીર પરિસ્થિતિ છે. વિશ્વ અસ્થમા દિવસ ખાસ કરીને આ જોખમો તરફ ધ્યાન દોરે છે. નાનાં બાળકોમાં અસ્થમાના કિસ્સાઓ આ દિવસોમાં ઝડપથી વધી રહ્યા છે, કારણ કે વાયુ પ્રદૂષણ તેમને અભ્યાસ સમયે, રમતગમત દરમિયાન અને સામાન્ય જીવનની પ્રવૃત્તિઓ કરતી વખતે આમ દરેક સમયે પ્રભાવિત કરે છે. ઘણા લોકો અસ્થમાને અસાધ્ય માને છે. તેઓ તેને એક રોગ માને છે, પણ એવું નથી. યોગ્ય કાળજી અને સાવચેતી સાથે, અસ્થમા સંપૂર્ણપણે નિયંત્રણક્ષમ સ્થિતિ છે. ઇન્હેલર, દવા અને સ્વસ્થ જીવનશૈલી સાથે, અસ્થમાના દર્દીઓ સામાન્ય લોકોની જેમ આરામદાયક જીવન જીવી શકે છે. પરંતુ અસ્થમા ભલે ગમે તેટલો નિયંત્રણમાં હોય, એક કટોકટીની આશંકા હંમેશાં રહેલી હોય છે અને અસ્થમાનો એટેક હંમેશાં અચાનક આવે છે, જે જીવલેણ પણ હોઈ શકે છે.

તેથી જ અસ્થમાના દર્દીઓએ આવી સ્થિતિ પ્રત્યે હંમેશાં સતર્ક રહેવાની જરૂર હોય છે અને તેમણે પોતે સમજવું પડે છે, તેમ જ તેમની સાથે રહેતા લોકોને પણ સમજાવીને રાખવું પડે છે કે આખરે અસ્થમા એટેકનાં લક્ષણો શું છે અને જો એટેક આવે, તો તેનાથી કેવી રીતે સાવધ રહેવું જોઈએ. આ બાબતોની જાણકારી માત્ર અસ્થમાના દર્દીને જ નહીં પરંતુ તેમની સાથે રહેતા લોકોને પણ હોવી જોઈએ, તો જ અચાનક આવેલા અસ્થમાના એટેકથી સમયસર બચી શકાય છે. અસ્થમા દિવસ નિમિત્તે વિશેષ રીતે ઠેર-ઠેર કેમ્પ લગાવીને, હોસ્પિટલોમાં અને કોમ્યુનિટી સેન્ટરોમાં આરોગ્ય સ્વયંસેવકો અસ્થમાનાં લક્ષણોની જાણકારી આપે છે.

### અસ્થમાથી બચાવના સાત જરૂરી ઉપાય

* **માસ્ક પહેરોઃ** જ્યારે પણ ઘરની બહાર નીકળો ત્યારે માસ્ક પહેરો, ખાસ કરીને જ્યારે એક્યુઆઇ વધારે હોય.
* **ટ્રિગર્સથી બચોઃ** ધૂળ, ધુમાડો, પરાગરજ કે ઠંડી હવા અસ્થમાને ઉત્તેજિત કરી શકે છે. તેથી આવી સ્થિતિઓથી દૂર રહો.
* **ઇન્હેલરનો ઉપયોગઃ** ડોક્ટર દ્વારા જણાવ્યા મુજબ નિયમિતપણે ઇન્હેલરનો ઉપયોગ કરો.
* **ઘરની સ્વચ્છતાઃ** ઘરમાં સાફ-સફાઈ રાખો; ધૂળ, માટી, કાર્પેટ અને જૂના ગાદલા અસ્થમાની એલર્જી વધારી શકે છે.
* **ધૂમ્રપાનથી દૂર રહોઃ** સ્મોકિંગ અને સેકન્ડ હેન્ડ સ્મોકિંગ બંનેથી દૂર રહો.
* **નિયમિત વ્યાયામઃ** દરરોજ નિયમિત કસરત કરો, ખાસ કરીને પ્રાણાયામ જેથી ફેફસાં મજબૂત બને.
* **ડોક્ટરની સલાહઃ** સમયસર ડોક્ટરનો સંપર્ક કરો. વિલંબ કરવાથી સ્થિતિ વધુ બગડી શકે છે. ■




feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા

# સાઈનસ ઈન્ફેક્શન એટલે શું?

**(સાઈનસ ઈન્ફેકશન) સાઈન્સઈટિસ નાકની આસપાસના હાડકામાં રહેલી ખાલી જગ્યામાં (સાઈનસ) સોજો આવવો કે ચેપ લાગવાની સ્થિતિ સાઈનસ ઈન્ફેકશન તરીકે ઓળખાય છે...**

### સાઈનસનાં લક્ષણ



* ઘાટું (Dark), પીળું, લીલું, ઘેરું, જાડું પ્રવાહી નાકમાંથી પડે.
* નાક પર સોજો આવવો, રૂંધાઇ જવું, શ્વાસ લેવામાં તકલીફ પડવી.
* નાક તથા નાકની આજુબાજુના ગાલ પર તથા નેણની આજુબાજુમાં દુઃખાવો થવો અને ત્યાં અડવાથી વધારે દુઃખાવો થવો.
* સૂંઘવાની તથા સ્વાદની ક્ષમતા ઓછી થવી.
* જડબું, દાંત અને કાનમાં દુઃખાવો થવો.
* ઉધરસ આવવી તથા ગળામાં દુઃખાવો થવો.
* શરીરમાં થાકનો અનુભવ થવો.
* મોંમાંથી વાસ અને ઉબકા આવે.

### આનાં કારણ

* બેકટેરિયન અને વાઇરલ ઇન્ફેકશનના કારણે.
* એલર્જીના કારણે.
* ઠંડા વાતાવરણની અસરને કારણે.
* નાક-કાનમાં ઇજા થવાથી, તેમાં કાંઇ ખોટ હોવાથી.

### સાઈનસમાં આહાર સંબંધી વિવેક

* શક્ય હોય તો ૧થી ૨ ઉપવાસ કરવા.
* વિટામિન-સી વાળો ખોરાક વધુ પ્રમાણમાં લેવો, જેમ કે, મોસંબી, નારંગી, ટમેટાં વગેરે.
* સૂંઠ, મરી, લાલ મરચું, આદું તથા સૂરણ આહારમાં ખાસ લેવાં.
* કાચાં શાકભાજી તથા અનાનસ લેવાં.
* ઉકાળેલું સૂંઠવાળું પ્રવાહી વધુ માત્રામાં લેવું.
* જે વસ્તુની એલર્જી હોય, તે વસ્તુનો ત્યાગ કરવો.
* બને ત્યાં સુધી નીચેની વસ્તુનો ત્યાગ રાખવો. મેંદો, ગળ્યા પદાર્થો, ખાંડયુક્ત જ્યૂસ, સોડા, અથાણાં, ધૂમ્રપાન, નશીલા પદાર્થ વગેરે.

### સાવધાની...

* સાઇનસ ૯૦ ટકા વાયરલ ઇન્ફેકશનના કારણે થતું હોય છે. આથી આ બીમારી દવા વિના પોતાની રીતે જ મટી શકે છે, પરંતુ ૧૦ ટકા વાઇરલમાંથી બેકટેરિયલ થવાની સંભાવના રહેલી છે.

અહીં દર્શાવેલી પરિસ્થિતિ સર્જાય તો ચિકિત્સક પાસે જઇ યોગ્ય સારવાર લેવી, જેમકે...


શરૂઆતના બે-ત્રણ દિવસમાં જ સાઇનસનાં લક્ષણોની સાથે જો તાવ વધારે પડે ત્યારે અને એ દસ દિવસથી વધારે લાંબું ચાલે અને જો સારું થઇ ગયા પછી ફરીથી તરત જ થાય ત્યારે સાઇનસના ઉપચારોઃ

૧ ટમલર ગરમ પાણીમાં નીલગિરિના તેલનાં થોડાં ટીપાં નાખી નાસ લેવો. આ રીતે દિવસમાં ૨-૩ વાર કરવું.

### નેતિ ક્રિયા કરવી

- ૧ ગ્લાસ પાણીમાં ૨ ચમચી મીઠું નાખી થોડું ગરમ કરવું. અને તે પાણી ૧ નસકોરામાં ધીરે ધીરે રેડવું અને તે બીજા નસકોરામાંથી નીકળી જાય તેવી રીતે માથું ત્રાંસું રાખવું. આ ક્રિયા દિવસમાં ૨-૩ વાર કરવી.
- ૧ ચમચી લાલ મરચું અને ૧ ચમચી મધ દિવસમાં ૩-૪ વાર લેવું.
- ૧ ગ્લાસ પાણીમાં ૨ ચમચી વિનેગર તથા ૧ ચમચી મધ નાખી દિવસમાં ૩ વાર પીવું.
- ૧ ગ્લાસ પાણીમાં ૨ ચમચી મેથી નાખી અડધું પાણી રહે ત્યાં સુધી ઉકાળવું, અને હૂંફાળું થાય ત્યારે ધીરે-ધીરે પીવું. આમ દિવસમાં ૩ વાર કરવું.
- ૧ ગ્લાસ પાણીમાં ૧૦ ગ્રામ આદુંના ટુકડા નાખી ઉકાળવું. ત્યારબાદ નીચે ઉતારી તેમાં ૨ ચમચી મધ નાખી ધીરે-ધીરે પીવું. દિવસમાં ૩ વાર આ પ્રક્રિયા કરવી.
- ૧ ચમચી સરસવના દાણા ૧ ગ્લાસ પાણીમાં નાખી, અડધું પાણી રહે ત્યાં સુધી ઉકાળવું. ત્યારબાદ તેને ઠંડું કરી ગાળી લેવું અને તેના ૩-૪ ટીપાં બંને નસકોરામાં નાખવાં. ■






feedback@bombaysamachar.com

## આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા

# કૅન્સર સેલની વૃદ્ધિ રોકવા સુગર પર નિયંત્રણ જરૂરી





**વિશ્વમાં** હાલમાં કેન્સરના રોગીઓનો આંકડો વધતો જાય છે. કેન્સરના નામથી લોકો ડરે છે. પણ ડરવાની જરૂર એને છે જે અપ્રાકૃતિક ખોરાક, જંકફૂડ, કેમિકલયુક્ત આહાર, શરીરમાં ન્યુટીશન ન આપતી વસ્તુઓનું સેવન વધારે છે તેને જરૂરથી ડરવાની જરૂર છે. જીવનશૈલીનો સીધો સંબંધ કેન્સરના રોગ સાથે છે. કેન્સરના કોષો ગ્લુકોઝ (સુગર) પર આધાર છે. બ્લ્ડ સુગરને નિયંત્રિત કરવાથી કેન્સરનું જોખમ રહેતું નથી. કેન્સરના સેલને નબળા પાડવા માટે આહારમાંથી ગ્લુકોઝનું પ્રમાણ ઘટાડવું જરૂરી છે અથવા એવો આહાર લ્યો જેનાથી ન્યુટીશન મળે પણ તેનાથી ગ્લુકોઝ ન બને (સાચો ગ્લુકોઝ બનવો જોઈએ.) કારણ શરીરને ઊર્જા માટે ગ્લુકોઝની જરૂર હોય છે. કેન્સર સેલને ગ્લુકોઝ ન મળતાં તે નબળા થઈ જાય છે અને આગળ તેની ગ્રોથ થતી નથી.

આહાર પ્રાકૃતિક હોય અને તેમાંથી બનતો ગ્લુકોઝ શરીરમાં પોષક તત્ત્વો બનાવવા માટે ઊર્જા આપે છે. કહેવાનું એ છે કે અપ્રાકૃતિક ખોરાક જેવો કે બેકરીની બધી જ ખાદ્ય-વસ્તુઓમાં પ્રિઝર્વેટીવ વપરાય છે તેમાં વપરાતો લોટ ન્યુટ્રીશન પાવર વગરનો છે. સફેદ ખાંડ તેમ જ રીફાઈન્ડ તેલ કે નકલી ઘી (માર્ગરીન) જેવી વસ્તુઓના વપરાશને કારણે સુગર સ્પાઈક થાય છે એટલે ખરાબ ગ્લુકોઝ બને છે જે સેલમાંના માઈક્રોકોન્ડ્રિયાને જકડી રાખે છે. જેથી સેલમાંથી ઊર્જા બહાર આવતી નથી તેનો ઉપયોગ થતો નથી. સેલમાં સુગર ભરાઈ રહે છે. પરિણામે રોગમાં પરિવર્તિત થાય છે.

આઈસક્રીમ ફ્રોઝનડેઝર્ટ, કેક, અન્ય ડેઝર્ટ તરીકે ખવાતી મીઠાઈઓ કે રીફાઈન્ડ સુગર (સફેદ સાકર)થી બનતી મીઠાઈઓના કારણે સેલમાં સુગર ભરાય જાય છે. ચરબીનું પ્રમાણ વધતું જાય છે કોલેસ્ટ્રોલ પર અસર થાય, ટ્રાયગ્લીસરાઈડ થાય છે એટલે પ્રમાણ અધિક વધી જાય છે કે (સેલ ફૂલી લોડેડ વીથ સુગર) જેના કારણે એસીડીટીનું પ્રમાણ વધી જાય પાચન થવું મુશ્કેલ બને છે. ગેસની સમસ્યા સર્જાય છે પરિણામે આંતરડામાં ગેસ ભરાઈ જતાં આંતરડાનું કેન્સર થવાની શક્યતા વધી જાય છે.

રીફાઈન્ડ તેલથી બનેલા ફરસાણ તેમ જ ધાબા કે હોટેલ, રેસ્ટોરેન્ટ ફરસાણની દુકાનમાં બનતા ખાદ્ય-પદાર્થ પણ રીફાઈન્ડ તેલથી જ બને છે, જે આજની મોટી સમસ્યા છે. સ્વાદના કારણે લોકો પોતાના આરોગ્યને જોખમમાં નાખે છે. રીફાઈન્ડ તેલ, વપરાતી સોડા, રીફાઈન્ડ નમક, આજીનોમોટોના કારણે હોટેલો, રેસ્ટોરેન્ટ, ધાબાના ખાદ્ય-પદાર્થ ખાવાથી ગેસ અને એસીડીટી સમસ્યાઓ થાય છે. વધુ એસીડીટીના કારણે જ કેન્સરના સેલની વૃદ્ધિ થાય છે. રીફાઈન્ડ તેલના કારણે પેનક્રિયાઝના સેલ બર્ન (બળતરા) થઈ જાય છે, જેથી તેમાં સુગર જમા થતી નથી તે લોહીમાં ફર્યા કરે છે જેથી લોહી સુગરવાળું બની જાય છે તે જ ડાયાબિટીસ છે. પેનક્રિયાઝમાં બળતરા થતા ત્યાં કેન્સરનું જોખમ વધે છે. બહારના અથાણાં પણ રીફાઈન્ડ તેલમાં બનાવે છે કારણ તેની શેલ્ફલાઈફ વધારવા માટે અને તેમાં પ્રિઝર્વેટીવનું પ્રમાણ પણ વધુ છે. પારંપારિક રીતે બનતા અથાણાં ચોમાસમાં ખવાય. તે શરીરને ફાયદો કરે છે. ગરમીની ઋતુમાં અથાણા ન ખાવા. ગરમીની ઋતુમાં અથાણાં બનાવાય તેનો ઉપયોગ ચોમાસામાં કરાય.

અપ્રાકૃતિક ખાદ્ય-પદાર્થ કોલ્ડ્રીંક, શરબત, સુગરીડ્રીંક સુગરી ફ્રૂટના જ્યૂસ, ડબ્બાપેક જ્યૂસ તેમ જ અન્ય ખાદ્ય-પદાર્થના કારણે શરીરની માંસપેશીયો નબળી પડી જાય છે. દુખાવા વધી જાય છે કારણ આ ખાદ્યય-પદાર્થમાં સુગરનું પ્રમાણ અધિક હોય છે જેના કારણે પાચન મુશ્કેલ બને છે. આ પદાર્થમાં પ્રિઝર્વેટીવ અને કેમિકલયુક્ત ફલેવર હોય છે જે સેલને નુકસાન પહોંચાડે છે. આ પદાર્થનો કોઈ નિશ્ચિત સમય હોતો નથી લોકો કોઈપણ સમયે લે છે જેના કારણે પાચનક્રિયા ખોરવાય છે. ગરમીના સમય આ પદાર્થનું સેવન વધી જાય છે.

કેન્ડી, ચોકલેટ, પીપર, મુખવાસ, ચટપટીમસાલા કેન્ડી, જીરાગોળી જેવા ખાદ્ય-પદાર્થ જે બહારના છે તેમાં નમકનું પ્રમાણ અને સાકરનું પ્રમાણ વધુ હોય છે. નમક વધુ સોડિયમયુક્ત હોય છે, જેના કારણે લોહીનું પ્રેશર વધી જાય છે. માથું દુ:ખવું, મોઢું કડવું રહેવું, ખાટા ઓડકાર, ઝાડા થવા વગેરે સમસ્યાઓ રહે છે. ઘરમાં શેકેલા કે બનેલા મુખવાસ વાપરવા. બાહ્ય મુખવાસમાં એસેન્સ અને કલરના કારણે ગળાની મુશ્કેલી વધી જાય છે. અવાજ ઘોઘરો બની જાય છે. વધુ પડતા જેઠીમધ વાપરવાના કારણે દાંતમાંથી લોહી આવે છે. મેન્થોલના કારણે શરીરમાં પાણી ભરાય છે. ધીમે ધીમે લોહી દૂષિત થતાં મોટી બીમારીઓની શક્યતા વધી જાય છે.

પનીર, શ્રીખંડ, બહારનું પેકેટવાળુ દહીં અને છાસમાં પ્રિઝર્વેટીવના કારણે લેકટીક એસિડ શરીરમાં વધી જતાં માંસપેશીમાં દુખાવા થાય છે. પાણી જેવા ઝાડા થાય છે. પાચનક્રિયા નબળી પડી જાય છે. ડાયાબિટીસવાળાને સંગ્રહણી (કાયમી ઝાડા થવા)ની સમસ્યા થાય છે. થેલીના દૂધમાં પણ પ્રિઝર્વેટીવ તેમ જ ત્રણથી ચાર દિવસ પછીના દૂધના કારણે સમસ્યા થાય છે.

ઘણીય જાતનાં અખાદ્ય-પદાર્થનું સેવન શરીરમાં ન જોઈતાં પદાર્થ વધારી દે છે સમસ્યાનો અંત થતો નથી. પ્રાકૃતિક ખાદ્ય-પદાર્થ ખાવામાં ઘણાંય વાંધાવચકા લોકો કરે છે. સ્વાદ માટે ખાવું એ જ સ્વાસ્થયની સમસ્યાઓ આપે છે, ગમે તે સમયે ખાવું, જાણકારી વગર ખાવું, વારંવાર ખાવું જેવી આદતોના કારણે જ કેન્સર જેવી ઘાતક બીમારીઓ થાય છે. દવાઓનાં આડેધડ ઉપયોગ પણ તકલીફો આપે છે.

રોજબરોજ પ્રાકૃતિક પદાર્થનો ઉપયોગ કરો પાલક, કાચું પપૈયુ, લીલીપાંદડાવાળી વનસ્પતિના સુપ લો, શાકભાજીની ચટણીઓ, ફણગાવેલા ધાન્ય, સંતરા, પાઈનેપલ તેમ જ અન્ય ફળોનો ઉપયોગથી મોટી સમસ્યાનો ઉકેલ થઈ શકે છે. કોઈપણ દવાઓ કામ આવતી નથી. પ્રાકૃતિક રીતે જ સહજ બીમારી જાય છે. મુંબઈના એક જાણીતા ડૉક્ટર અરવિંદ બાવડેકરને કેન્સર થયો. તેમણે કોઈપણ જાતની દવા વગર, ફક્ત પ્રાકૃતિક અહારથી જ કેન્સરની બીમારી સાજી કરી તેઓ લગભગ ઓગણીસ વર્ષ વગર બીમારીએ જીવ્યા. તેમણે એક પુસ્તક લખ્યું મરાઠીમાં છે. 'કેન્સર હા માઝા મિત્ર' આ પુસ્તકમાં તેમણે લખ્યું છે કે મને કેન્સર થયા પછી ખબર પડી કે કુદરતનો ખજાનો શું છે? આ પુસ્તક ગુજરાતીમાં પણ અનુવાદ થયું છે 'કેન્સર એ મારો મિત્ર છે.'

શરીરમાં સુગર (ગ્લુકોઝ)નું નિયત્રંણ જરૂરી છે. જેના કારણે મોટી બીમારીથી બચી શકાય છે. ■

feedback@bombaysamachar.com

## મોજની ખોજ

સુભાષ ઠાકર

# બોલો કોણ જીત્યું... પ્રેતાત્મા કે પરમાત્મા?

**બન્યું** એવું કે ચૂંટણીની ચાર દિવસ પહેલાં ચંપકલાલના સેક્રેટરી ચંબુએ ઉતારેલું ભાષણ મંચ પરથી વાંચવા લાગ્યા.

ત્યારે ચંબુ બાજુમાં બેઠો.

'પ્રિય બધુઓ અને ભંગીનીઓ.. હું.'

'અરે બાફ્યું, સાહેબ 'બધુઓ અને ભંગીનીઓ' નથી પણ 'બંધુઓ અને ભગિનીઓ છે' ચંબુ ચંપકલાલના કાનમાં બોલ્યો.

'ઓકે, બંધુઓ અને ભગિનીઓ, આ દેશની પહેલા જે પરસ્ત્રી હતી એવી પરસ્ત્રી આજે રહી નથી પણ.'

'અરે બાપુ, પરસ્ત્રી નહીં પરિસ્થિતિ...પરિસ્થિતિ.'

સેક્રેટરીએ પાછી ભૂલ સુધારી

'હં...હા...હા પહેલાં પરિસ્થિતિ જુદી હતી. દેશની આજની પરિસ્થિતિ જોઈ મારો અંદરનો પ્રેતાત્મા કકળી ઊઠે છે.'

'લોચો... બાપુ... પાછો લોચો...પ્રેતાત્મા નઈ પરમાત્મા બોલો.'

ચંબુએ પાછી ભૂલ સુધારી

'સોરી ભાઈઓ-બેનો, અંદરનો પરમાત્મા, બસ?. મિત્રો, ભૂતકાળમાં મારાથી પણ કેટલીક ભૂલો થઇ હશે એ માટે આજે મારો અંતરાત્મા અંદરથી ઝંખે છે.'



'ઝંખે છે નઈ બાપુ, ડંખે છે. પ્લીઝ, ભગા ન કરો.'

'અરે ભાઈ ડંખે છે. ખુશ? વ્હાલા ભાઈ-બેનો, આપ સૌના સાથ અને સહકારથી આપણો દેશ આજ કેટલો વિનાશના પંથે જઇ...'

'બાફ્યું... બાપુ પાછું બાફ્યું. વિનાશના નઈ વિકાસના પંથે... હજી કેટલું બાફશો?'

'ઓકે. એકદમ સોરી... વિકાસના પંથે જઈ રહ્યો છે અને આપણે જાણીએ છીએ કે છેલ્લાં ૭૦ વર્ષથી આપણો દેશ ખૂબ ટોયલેટ કરી રહ્યો છે. ટોયલેટ કરવાની પણ એક લિમિટ હોય. દેશ હવે વધુ ટોયલેટ નઈ કરે એટલે..' ચંપકલાલનો બફાટ ચાલુ જ રહ્યો.

'બાપુ...બાપુ.... તમે ભાષણની પથારી ફેરવો છો, ટોયલેટ નઈ 'ટોલરેટ.. ટો..લ..રે..ટ' ચંબુ થોડો ઉગ્ર બન્યો.

'અરે હા, મારા બાપ... સમજ્યો. હવે કેટલી ભૂલો કાઢીશ? દેશ કેટલું ટોલરેટ કરે છે. દેશના લોકો મોંઘવારીની બૂમાબૂમ કરે છે પણ તમે બે ટંક જમો, બે વાર નાસ્તા કરો તો મોંઘવારી વધે જ ને? તમે જીવવા માટે ખાઓ છો કે ખાવા માટે જીવો છો? બાકી શરીરને જીવાડવા જોઈએ કેટલું? પ્રભુ મહાવીર સાડાબાર વર્ષમાં માત્ર માત્ર ૩૪૯ જ દિવસ જમેલા. સરકાર ધીરે ધીરે તમને પ્રભુ બનાવવા જઈ રહી છે એનું જ્ઞાન કેમ નથી? છતાં કોઈ મોંઘવારી દૂર કરે એવી જાણકાર વિધવાઓની શોધ ચાલુ છે.'

'બાપુ, તમે મને મરાવી નાખશો. વિધવાઓની નઈ પણ વિદ્વાનોની...'

'સોરી, વિદ્વાનોની શોધ ચાલુ છે. જનતાને વિનંતી કે એક વાર ગ્રીન બટન દબાવી મને મનીસ્ટાર બનાવી દો પછી.'

'ભગો સાહેબ, મોટો ભગો' ચંબુએ નેતાના કાનમાં જોરથી બૂમ પાડતા બોલ્યો 'મનીસ્ટાર તો પછી થવાનું જ છે,

અત્યારે મિનિસ્ટર બોલો.'

'અરે ચુપ' ચંપકલાલ તો ભડક્યા : 'તું શબ્દ નઈ ભાવાર્થ પકડ. આમ દરેક લાઈને ભૂલો ક્યાં સુધી કાઢ્યા કરીશ? તું કઈ ટાઈપનો સક્કરટેટી છે?'

'બાપુ પ્લીઝ... , સક્કરટેટી નઈ સેક્રેટરી બોલો' ચંબુની છટકી.

'નથી બોલતો જા. શું કરી લઈશ? એક તો ગરબડિયાસ અક્ષરે આખું ભાષણ લખ્યું છે ને ઉપરથી મારી ભૂલો કાઢે છે. કઈ ટાઈપનો માણસ.'

'અરે, હું કોઇપણ ટાઇપનો હોઉં પણ આ આખું ભાષણ ટાઇપ કરેલું હોવા છતાં તમે લોચા પર લોચા જ મારો છો.'

'ઓહ, ટાઇપ કરેલું છે?' એટલું બોલી ચંપકલાલે પાનું ફેરવ્યું ને બોલ્યા 'બંધુઓ ને ભંગીનીઓ...'

'અરે સ્ટોપ બાપુ સ્ટોપ, અરે તમે બીજી કોપી વાંચવાનું ચાલુ કર્યું' ચંબુ બોલ્યો.

'ઓકે એટલે ભાષણ પૂરું થઈ ગયુ?'

મિત્રો ભાષણ પૂરું, ચૂંટણી પણ પૂરી ને કાલે મારું બેટુ ચંપકલાલ જીતી ગયા.

'સાહેબ, આપ જીતી ગયા. તમે બોલેલા કે હું ન ગમતો હોઉ તો મારા નામ પર લીલું બટન દબાવી મને જીતાડજો'

જનતાએ લીલું બટન દબાવ્યું. તમને જીતાડવાનું કારણ ગામવાળાને પૂછ્યું બોલ્યા. ચંબુ, તમારી સભાના આગલા દિવસે જ ગામવાળાએ સભા ભરેલી અને નક્કી કરેલું કે તનતોડ મહેનત કરી પણ ચંપકલાલને જ જીતાડવા.'

'જોયું? લોકોનો કેટલો પ્રેમ છે' ચંપકલાલ બોલ્યા.

'પ્રેમ નથી બાપુ, એમણે કીધું કમસે કમ પાંચ વર્ષ સુધી તમારું મોઢું જોવામાંથી તો બચી જવાય.'

પ્રિય વાચકો, તમે તો જાણો છો કે જેમને ચૂંટ્યા છે એમણે જ આપણને લૂંટ્યા છે. આ લોકોને દેશ કેમ ચલાવવો એ ખબર નથી પણ આપણે તો આ જમાતને ચલાવવી પડશે..ભારતમાં જન્મ્યા છો એટલે હવે જાયે તો જાયે કહાં...ખોટું લાગે તો માફ કરજો પણ હવે આતંકવાદી કરતા આવા તકવાદીઓની બીક વધુ લાગે છે.

શું કહો છો? ■



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ગગન | SKYHIGH |
| ગગનભેદી | SON |
| ગગનચુંબી | SKY |
| ગગરી | STRONG SOUND |
| ગગો | SMALL POT |

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | | | ૩ | | ૪ | ૫ |
| | | ૬ | | | | ૭ | | | |
| | | | ૮ | ૯ | | | | ૧૦ | |
| ૧૧ | | ૧૨ | | | | | ૧૩ | | |
| | | ૧૪ | | | | | | | |
| | | | | | ૧૫ | | | | ૧૬ |
| ૧૭ | ૧૮ | | | | | | ૧૯ | | |
| | | | ૨૦ | | | ૨૧ | | | |
| ૨૨ | | ૨૩ | | | | ૨૪ | | | ૨૫ |
| ૨૬ | | | ૨૭ | | | | | ૨૮ | |

### આડી ચાવી

૧. હૈયે હોય તે --- આવે (૨)
૨. ઘઉં, જુવાર, બાજરી વગેરે --- વનસ્પતિ છે (૪)
૪. ઠંડી (૨)
૬. પણ, નિશ્ચય (૨)
૭. શરીરનો અવયવ (૨)
૮. પરાધીન (૪)
૧૧. શોક, રડાકૂટ (૩)
૧૩. --- લોહી હવાલદારનું (૩)
૧૪. મોટું, જબ્બર (૩)
૧૫. પ્રત્યક્ષ, રૂબરૂ (૩)
૧૭. સહાયતા, મદદ (૩)
૧૯. મન ખુશ થાય એવી ગમ્મત (૩)
૨૦. સંતોષ, ધીરજ (૪)
૨૩. માવાની એક મીઠાઈ (૨)
૨૪. અગાઉ થઈ ગયેલું, મરહૂમ (૨)
૨૬. તવંગર, પૈસાદાર (૨)
૨૭. ચોર --- ને દંડે (૪)
૨૮. તાંતણો (૨)

### ઊભી ચાવી

૧. યજ્ઞ, હવન (૨)
૨. ઐક્ય (૩)
૩. જરા, થોડું (૩)
૫. ઢગલો, ગંજ (૨)
૯. બે ધારવાળું (૩)
૧૦. કાંટો (૨)
૧૧. પક્ષીનું ઘર (૨)
૧૨. નિરુપાય, લાચાર (૪)
૧૩. સહી, હાથેથી લખેલ અક્ષર (૪)
૧૫. પાસે, નજીક (૩)
૧૬. ઢગલો, ખડકલો (૨)
૧૮. હિંમત (૨)
૨૦. મોટો અવાજ, ભડાકો (૩)
૨૧. એક ઝાડ - તેનાં પાન તેજાના તરીકે વપરાય છે (૩)
૨૨. રોષ, ગુસ્સો (૨)
૨૫. પુલ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ મા | વ | ૨ ત | ર | | | ૩ મો | કો | | ૪ ઘો |
| તં | | ત્વ | | ૫ ઉ | લ્લા | સ | | ૬ બો | ર |
| ૭ ગ | ૮ દા | | | ધ્ધ | | ૯ મ | ૧૦ તાં | ધ | |
| | ૧૧ વ | સા | ૧૨ હ | ત | | | દુ | | ૧૩ આ |
| ૧૪ સુ | ત | | જા | | ૧૫ ફ | ૧૬ સ | લ | | ર |
| મ | | ૧૭ મો | ર | સ | | હા | | ૧૮ સ | જા |
| ન | | જૂ | | | ૧૯ પુ | રો | ગા | મી | |
| | ૨૦ સ | દ | ૨૧ ન | | ત | | | ૨૨ ર | ૨૩ વ |
| ૨૪ ધ | ડો | | ૨૫ કા | મ | ના | | ૨૬ વ | | ક |
| ણ | | ૨૭ ના | મું | | | ૨૮ અ | ખ | ત | રો |

## માતૃભાષાની મહેક

લવિંગનો વેપાર કરતા હોય અને એની પરથી લવિંગિયા અટક પડી હોવાની સંભાવના છે. દિવેટિયા અટકનું મૂળ ફારસી ભાષા સાથે જોડાયેલું હોવાનું માનવામાં આવે છે. લેખન સામગ્રી માટે ફારસીમાં દવાત શબ્દ છે. મુસ્લિમ શાસન વખતે લખવાનું કામ કરતા લોકો દવાતિયા કહેવાતા હતા અને કાળક્રમે એ દિવેટિયા બની ગયા હોવા જોઈએ.

## ઓળખાણ પડી?



ગુજરાતીઓ ચેવડાની જાતજાતની વરાયટી ખાવા માટે જાણીતા છે. લીલો ચેવડો મૂળ કયા શહેર સાથે અનુસંધાન ધરાવે છે એ જાણો છો?

અ) રાજકોટ  બ) વડોદરા  ક) ભાવનગર  ડ) મોરબી

## સુડોકુ-૯૨૮૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | | | | ૭ | ૫ | | | |
| | | | | ૬ | | | ૧ | |
| ૯ | | | | | ૨ | | ૭ | |
| ૩ | | | ૬ | | | | ૪ | |
| ૮ | | ૫ | | | | ૩ | | ૧ |
| | ૭ | | | | ૯ | | | ૨ |
| | ૮ | | ૩ | | | | | ૫ |
| | ૧ | | | ૨ | | | | |
| | | | ૫ | ૯ | | | | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ.

## સુડોકુ-૯૨૮૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૩ | ૧ | ૮ | ૬ | ૨ | ૪ | ૭ | ૯ |
| ૨ | ૮ | ૪ | ૭ | ૩ | ૯ | ૬ | ૫ | ૧ |
| ૬ | ૭ | ૯ | ૫ | ૧ | ૪ | ૩ | ૮ | ૨ |
| ૮ | ૪ | ૨ | ૬ | ૭ | ૫ | ૯ | ૧ | ૩ |
| ૩ | ૯ | ૭ | ૪ | ૨ | ૧ | ૫ | ૬ | ૮ |
| ૧ | ૫ | ૬ | ૯ | ૮ | ૩ | ૨ | ૪ | ૭ |
| ૭ | ૬ | ૫ | ૨ | ૯ | ૮ | ૧ | ૩ | ૪ |
| ૪ | ૨ | ૩ | ૧ | ૫ | ૭ | ૮ | ૯ | ૬ |
| ૯ | ૧ | ૮ | ૩ | ૪ | ૬ | ૭ | ૨ | ૫ |

## ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ગંઠોડો | MEDICINE |
| ગંડેરી | SUGARCANE PIECE |
| ગંધ | SMELL |
| ગંધર્વ | MUSICIAN |
| ગંધક | SULPHUR |

**ગુજરાત મોરી મોરી રે:** આકાશ

**ઓળખાણ પડી?** થાલીપીઠ

**માઈન્ડ ગેમ :** પુણે

**ચતુર આપો જવાબ અર્થ જણાવો:** બદલાય

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ OROPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) આળસ  બ) પર્વત
ક) સમુદ્ર  ડ) તેલ

## ચતુર આપો જવાબ

### અર્થ જણાવો

'એમ કંઈ ટીપાંને તાણીને દરિયો કરાય?' પંક્તિમાં તાણીને શબ્દનો અર્થ જણાવો.

અ) ભીંજાવું  બ) તરવું  ક) ગભરાવું  ડ) ખેંચવું

## ઈર્શાદ

*નર્યું પાણી જ મારા દર્દનો ઉપચાર લાગે છે,*
*રડી લઉં છું, મને જ્યારે હૃદય પર ભાર લાગે છે.*  - ગની દહીંવાલા

## માઈન્ડ ગેમ

ડચ લોકો સામે રક્ષણ મેળવવા માટે ૧૬૧૨ની સાલમાં બાંધવામાં આવેલો આગ્વાડા કિલ્લો કયા રાજ્યમાં સ્થિત છે એ જણાવશો?

અ) ઓડિશા  બ) ગોવા  ક) પંજાબ  ડ) મણિપુર

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) વિપીન શાહ (૬) નૂતન વિપીન શાહ (૭) નીતા દેસાઈ (૮) ભારતી બુચ (૯) શ્રદ્ધા આશર (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) હર્ષા મહેતા (૧૨) પ્રવીણ વોરા (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) મહેશ સંઘવી (૧૫) મીનળ કાપડિયા (૧૬) ભાવના કર્વે (૧૭) ભરત કજરિયા (૧૮) નિતીન જયંતીલાલ બજરિયા (૧૯) મનીષા શેઠ (૨૦) ફાલ્ગુની શેઠ (૨૧) વિજય આસર (૨૨) અંજુ ટોલિયા (૨૩) વિણા સંપટ (૨૪) દેવેન્દ્ર સંપટ (૨૫) અરવિંદ કામદાર (૨૬) પુષ્પા ખોના (૨૭) રશીક જુથાણી ટોરંટો - કેનેડા (૨૮) પુષ્પા ખોના (૨૯) ડાયના સંતોકે (૩૦) જયવંત પદમશી ચિખલ (૩૧) કમલ માતલિયા (૩૨) અલકા વાણી (૩૩) તાહેર ઔરંગાબાદવાલા (૩૪) શીરીન ઔરંગાબાદવાલા (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) રમેશભાઈ દલાલ (૩૭) હિનાબેન દલાલ (૩૮) ઈનાક્ષીબેન દલાલ (૩૯) ડો. પ્રકાશ કટકિયા (૪૦) પ્રતિમા પમાણી (૪૧) ધીરેન્દ્ર મુલરાજ (૪૨) મહેશ દોશી (૪૩) પુષ્પા પટેલ (૪૪) મહેન્દ્ર લોઢાવિયા (૪૫) લજિતા ખોના (૪૬) નયના ગિરીશ મિસ્ત્રી (૪૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી

# ૫૦,૦૦૦ રન બનાવનારી વિશ્વની પહેલી ટીમ મુંબઈ ઈન્ડિયન્સ

## મુંબઈ ઈન્ડિયન્સે શનિવાર, બીજી મેના રોજ ટી-૨૦માં ૫૦,૦૦૦ રન બનાવીને ઈતિહાસનાં પુસ્તકોમાં પોતાનું નામ નોંધાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બે દિવસ પહેલાં સીએસકેની સામે પરાજિત થયેલી મુંબઈ ઈન્ડિયન્સ ભલે હવે આ વર્ષની આઈપીએલમાંથી બહાર થવાના રસ્તા પર હોય, પરંતુ ટી-૨૦માં ૫૦,૦૦૦ રન બનાવનારી વિશ્વની પ્રથમ ટીમ બનીને ઇતિહાસના પુસ્તકોમાં પોતાનું નામ નોંધાવ્યું હતું. મુંબઈસ્થિત ફ્રેન્ચાઇઝીએ બીજી મેના રોજ ચેન્નઈના એમ. એ. ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે ચેન્નઈ સુપર કિંગ્સ સામેની આઈપીએલ ૨૦૨૬ની મેચમાં ૨૦ ઓવરના ફોર્મેટમાં ૫૦,૦૦૦ રનનો આંકડો પાર કરવા માટે ઓછામાં ઓછા ૧૧૪ રન બનાવવાની જરૂર હતી અને તેમણે શનિવારે ૧૫મી ઓવરમાં (૧૪.૧ ઓવરમાં ૧૧૭/૧) પોતાનો ૧૧૪મો રન બનાવ્યો હતો.

ચેન્નઈમાં એમઆઈ અને સીએસકે વચ્ચેની મેચ મુંબઈ ઈન્ડિયન્સની ૩૦૮મી ટી-૨૦ મેચ હતી. મુંબઈસ્થિત આ ફ્રેન્ચાઇઝીએ આઈપીએલમાં ૨૮૬ અને ચેમ્પિયન્સ લીગ ટી-૨૦માં ૨૨ મેચ રમી છે.

ટી-૨૦માં સૌથી વધુ રન બનાવનારી ટીમોની યાદીમાં મુંબઈ ઇન્ડિયન્સ પછી ઈંગ્લેન્ડની ટીમ સમરસેટનો નંબર આવે છે. ૩૦૩ ટી-૨૦ મેચોમાં સમરસેટે ૪૮,૨૪૪ રન બનાવ્યા છે. ૨૦૨૫ આઈપીએલ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ ૨૯૫ ટી-૨૦ મેચોમાં ૪૭,૩૦૪ રન સાથે ત્રીજા સ્થાને છે અને ચેન્નઈ સુપર કિંગ્સ ૨૦૦૮થી ૨૦૨૬ દરમિયાન ૨૮૬ મેચોમાં ૪૬,૪૩૮ રન સાથે ચોથા સ્થાને છે.

### ટી-૨૦માં સૌથી વધુ રન (ટીમ દ્વારા)

| ટીમ | મેચ | રન | શ્રેષ્ઠ સ્કોર |
|---|---|---|---|
| મુંબઈ ઇન્ડિયન્સ | ૩૦૮ | ૫૦,૦૦૩ | ૨૪૭/૯ |
| સમરસેટ | ૩૦૩ | ૪૮,૨૪૪ | ૨૬૫/૫ |
| રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ | ૨૯૫ | ૪૭,૩૦૪ | ૨૬૩/૫ |
| ચેન્નઈ સુપર કિંગ્સ | ૨૮૬ | ૪૬,૪૩૮ | ૨૪૬/૫ |
| ભારત (પુરુષોની ક્રિકેટ ટીમ) | ૨૮૧ | ૪૫,૨૪૧ | ૨૯૭/૬ |
| પંજાબ કિંગ્સ | ૨૭૬ | ૪૫,૦૨૫ | ૨૬૫/૪ |
| પાકિસ્તાન (પુરુષોની ટીમ) | ૩૦૩ | ૪૪,૮૫૫ | ૨૩૨/૬ |
| કોલકાતા નાઈટ રાઇડર્સ | ૨૮૯ | ૪૪,૮૦૬ | ૨૭૨/૭ |
| સરે | ૨૮૬ | ૪૪,૫૭૦ | ૨૫૮/૬ |
| દિલ્હી કેપિટલ્સ | ૨૮૩ | ૪૪,૨૧૭ | ૨૬૪/૨ |

### મુંબઈ ઈન્ડિયન્સ માટે ટી-૨૦માં સૌથી વધુ રન

ભારતના ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્મા મુંબઈ ઈન્ડિયન્સ માટે ટી-૨૦માં સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે. મુંબઈના ૩૯ વર્ષીય જમણા હાથના બેટ્સમેને અત્યાર સુધી રમાયેલી ૨૪૦ મેચોમાં કુલ ૬૨૮૬ રન બનાવ્યા છે. તેમના પછી સૂર્યકુમાર યાદવ (૩૯૩૩) અને કિરોન પોલાર્ડ (૩૯૧૫) છે. જોકે, કમનસીબે રોહિત શર્મા ઈજાગ્રસ્ત હોવાથી ટીમ માટે ઉપલબ્ધ નથી. ■

# હાર્દિક પંડ્યા બહાર, રોહિતનું પુનરાગમન

મુંબઇઃ આઉટ ઓફ ફોર્મ રહેલા મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યા સોમવારે લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી) સામેની મેચમાં પીઠની પીડાને કારણે મેચમાંથી બહાર થઈ ગયા હતા, જ્યારે લાંબા સમયથી ઈજાને કારણે ટીમની બહાર રહેલા રોહિત શર્માનું ટીમમાં પુનરાગમન થયું હતું. તેમને સોમવારની મેચ માટે ઈમ્પેક્ટ પ્લેયરની યાદીમાં રાખવામાં આવ્યા હતા.

હાર્દિક પંડ્યાની ગેરહાજરીમાં સૂર્યકુમાર યાદવના હાથમાં સુકાનીપદ સોંપવામાં આવ્યું હતું. ટોસ જીત્યા બાદ યાદવે ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો.

હાર્દિક પંડ્યા માટે આઈપીએલની આ સીઝન ખેલાડી તરીકે અને કપ્તાન તરીકે અત્યંત ખરાબ રહી છે. મુંબઈ ઈન્ડિયન્સ અત્યારે આઈપીએલની બહાર ફેંકાઈ જવાની સ્થિતિમાં છે. અત્યારસુધીની નવ મેચમાં બે જીત અને સાત હાર સાથે ટીમ ૧૦મા સ્થાન પર છે. પંડ્યાએ પોતે આઈપીએલમાં અત્યારસુધીમાં ફક્ત ૧૮૬ રન કર્યા છે અને ફક્ત ચાર જ વિકેટ તેના નામ પર છે. ■

# રોહિતનું પુનરાગમન ફળ્યુંઃ મુંબઈ ઈન્ડિયન્સની જીત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈની વાનખેડેમાં સોમવારે રમાયેલી મેચમાં રોહિત શર્માનું ટીમમાં પુનરાગમન મુંબઈ ઈન્ડિયન્સને ફળ્યું હતું અને તેણે લખનઊ સુપર જાયન્ટ્સને છ વિકેટે આઠ બોલ બાકી રહેતાં હરાવ્યું હતું. ઓપનિંગમાં રોહિત શર્માના ૪૪ બોલમાં ૮૪ અને ર્યાન રિકલટનના ૩૨ બોલમાં ૮૩ની મદદથી મુંબઈએ એલએસજી દ્વારા આપવામાં આવેલા ૨૨૯ના લક્ષ્યાંકને સાધ્ય કર્યું હતું. મનીમરન સિદ્ધાર્થે બે ઓવરમાં ઝૂડાયા બાદ બે વિકેટ (રોહિત શર્મા અને તિલક વર્મા) લઈને થોડો રોમાંચ લાવી દીધો હતો.

આજે પહેલા બેટિંગ કરવા ઉતરેલી એલએસજીના માર્શની સાથે જોશ ઇંગ્લિસના રૂપમાં એક નવો ઓપનિંગ પાર્ટનર હતો. તેઓએ સકારાત્મક શરૂઆત કરી હતી પરંતુ ગઝનફરે ઇંગ્લિસની ઇનિંગ્સને ટૂંકી કરી દીધી. ગઝનફરે આ વિકેટની સાથે હરભજનસિંહને વિક્રમ પોતાને નામે કર્યો હતો. ગઝનફરની મુંબઈ માટે પાવરપ્લેમાં આ છઠી વિકેટ હતી. આ પહેલાં હરભજન સિંહની પાવર પ્લેમાં પાંચ વિકેટો હતી.

આ સિઝનમાં પહેલી વાર પૂરનને ત્રણ નંબર પર મોકલવામાં આવ્યો હતો અને તેણે ૧૬ બોલમાં ફિફ્ટી ફટકારીને જોરદાર પ્રદર્શન કર્યું. એલએસજીએ ૮મી ઓવરમાં ૧૨૩/૧ સુધી દોડ લગાવી હતી, પરંતુ મુંબઈ ઇન્ડિયન્સના કોર્બિન બોશે બંને સેટ બેટ્સમેન - પૂરન અને માર્શ - ને એક જ ઓવરમાં આઉટ કર્યા અને એમઆઈ બ્રેક લગાવવામાં સફળ રહી હતી. ૧૨૩/૧ થી, એલએસજી ૧૩મી ઓવરમાં ૧૬૦/૫ પર પહોંચી ગઈ હતી.

જોકે, ત્યારબાદ મેદાનમાં આવેલા હિંમત સિંહ અને એડન માર્કરામે હાથ મિલાવ્યા. તેઓ બ્લોકમાંથી બહાર નીકળવામાં ઝડપી નહોતા પરંતુ તેઓ સ્પિનરો સામે બે ઓવરમાં મોટો સ્કોર કરવામાં સફળ રહ્યા, પરંતુ એમઆઈ છેલ્લી ત્રણ ઓવરમાં તેમને બાંધી રાખવામાં સફળ રહ્યું. ચહરે યોર્કર્સનો મારો ચલાવ્યો હતો અને બુમરાહે પોતાની વિવિધતાઓનો ઉપયોગ કર્યો કારણ કે બંનેએ છેલ્લી ત્રણ ઓવરમાં ફક્ત ૨૨ રન આપ્યા હતા. ■

### મુંબઈ ઈન્ડિયન્સનો ખેલાડીઓની બદલીનો રેકોર્ડ ૨૪ પર, ૧૪ વર્ષ જૂના રેકોર્ડની બરાબરી

મુંબઈઃ પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સે સોમવારે વાનખેડે સ્ટેડિયમ ખાતે લખનઊ સુપર જાયન્ટ્સ સામેની તેમની મહત્વપૂર્ણ મેચ માટે રાજ અંગદ બાવાને ટીમમાં સામેલ કર્યો, જેનાથી તે આ સિઝનમાં ટીમ માટે રમનાર ૨૪મો ખેલાડી બન્યો હતો, જે આ વર્ષે કોઈપણ ટીમ દ્વારા સૌથી વધુ છે.

મુંબઈ આઈપીએલ ૨૦૨૬માં અત્યાર સુધીમાં તેમની નવ મેચમાંથી ફક્ત બે મેચ જીતી શક્યું છે.

બાવા કેપ્ટન હાર્દિક પંડ્યાના સ્થાને આવ્યો હતો, જે કમરના દુખાવાના કારણે મેચ ગુમાવી ચૂક્યા હતા, પરંતુ આ પહેલી ઘટના નથી કે એમઆઈએ એક સિઝનમાં ૨૪ ખેલાડીઓને મેદાનમાં ઉતાર્યા હોય. ઇન્ડિયન પ્રીમિયર લીગની શરૂઆતની આવૃત્તિમાં તેમજ ૨૦૧૨માં તેઓએ પણ આવું જ કર્યું હતું.

એમઆઈ ૨૦૦૮માં આઈપીએલમાં પાંચમા સ્થાને રહ્યું હતું, જ્યારે ૨૦૧૨માં તેઓ આઈપીએલમાં ત્રીજા સ્થાને રહ્યા હતા. ■

# કિમી એન્ટોનેલીની એફ-વનમાં સતત ત્રીજી જીતઃ મિયામી ગ્રાં-પ્રી જીતી

મિયામી ગાર્ડન્સ્ઃ કિમી એન્ટોનેલીએ રવિવારે મિયામી ગ્રાન્ડ પ્રિક્સ જીતીને સતત ત્રીજી ફોર્મ્યુલા વનમાં જીત મેળવી છે. ૧૯ વર્ષના મર્સિડીઝ ડ્રાઇવરેએ બતાવ્યું કે તે ચેમ્પિયનશિપનો હકદાર છે. એન્ટોનેલીએ પોલથી શરૂઆત કરી હતી, પરંતુ મિયામી ઇન્ટરનેશનલ ઓટોડ્રોમ ખાતે ભીની સપાટી પર તેની શરૂઆત સારી રહી હતી. ભારે વરસાદના ભયને કારણે એફ-વન રેસની શરૂઆતમાં ત્રણ કલાક આગળ વધ્યું અને વહેલી સવારે ભારે વાવાઝોડું આવ્યું અને હાર્ડ રોક સ્ટેડિયમ પર વીજળી પડી, પરંતુ ઇવેન્ટ શરૂ થાય ત્યાં સુધીમાં તે સાફ થઈ ગઈ હતી.

નોરિસ બીજા સ્થાને રહ્યો, એન્ટોનેલીથી ૩.૨ સેકન્ડ પાછળ, કારણ કે ઇટાલિયન અને ટીમના સાથી જ્યોર્જ રસેલે મર્સિડીઝ માટે આ સીઝનની પ્રથમ ચાર રેસ જીતી છે. લેક્લેર્ક મેકલેરેનનો ઓસ્કાર પિયાસ્ટ્રી અંતિમ લેપમાં તેને પાસ ન કરે ત્યાં સુધી ત્રીજા સ્થાને રહેવાનો હતો. લેક્લેર્ક સ્પિન થયો અને છઠ્ઠા સ્થાને રહ્યો.

રસેલ ચોથા સ્થાને રહ્યો અને વર્સ્ટાપિન રેડ બુલ માટે સીઝન-શ્રેષ્ઠ પાંચમા સ્થાને રહ્યો. ફેરારીના લુઇસ હેમિલ્ટન સાતમા સ્થાને રહ્યો. ■

# ઘરઆંગણે પરાજયની હારમાળાનો અંત લાવવા માટે ડીસી મેદાનમાં ઊતરશે

નવી દિલ્હીઃ દિલ્હી કેપિટલ્સ મંગળવારે અહીં ઇન્ડિયન પ્રીમિયર લીગમાં સમાન સ્તરે રહેલી ચેન્નઈ સુપર કિંગ્સ સામે રમશે ત્યારે ઘરેલુ મેદાન પર ત્રણ પીડાદાયક હારના પોતાના સિલસિલાને રોકવા માટે ભારે પ્રયાસો કરવા પડશે.

બંને ટીમો નવ રમતોમાં આઠ પોઈન્ટ પર છે અને પાંચ મેચ બાકી હોવાથી, ભૂલ માટે હવે કોઈ જગ્યા બાકી નથી.

શુક્રવારે રાત્રે કેપિટલ્સે જયપુરમાં સારા બેટિંગ પ્રદર્શન બાદ હારની હેટ્રિક પછી આનંદદાયક જીત મેળવી હતી. તેમાંથી બે હાર ઘરઆંગણે થઈ હતી જેનાથી ડ્રેસિંગ રૂમમાં ભારે નુકસાન થયું કારણ કે પંજાબ કિંગ્સે રેકોર્ડ ૨૬૫ રનનો પીછો કર્યો હતો અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ એક શક્તિશાળી પેસ આક્રમણથી તેમની બરડ બેટિંગનો પર્દાફાશ કર્યો હતો.

કોટલા ખાતેની હારમાં ગુજરાત ટાઇટન્સ સામે એક રનથી થયેલી રોમાંચક હારનો પણ આમાં સમાવેશ થાય છે, જે મેચ ડીસીને ચોક્કસપણે જીતવી જોઈતી હતી.

સીએસકેની રમતમાં ડીસી માટે સૌથી મોટી સકારાત્મક બાબત એ છે કે ઓપનર પથુમ નિસાન્કા સતત સતત બેટિંગ કરતા કેએલ રાહુલ સાથે પોતાની રેન્જ શોધી રહ્યો છે.

ધોની હજુ નથી, ગાયકવાડનું ફોર્મમાં વાપસી એક મોટું બોનસ બની રહેશે. ■

# સચિન તેંડુલકરે લખનઊના ખેલાડીઓને પાર્ટી આપી

મુંબઈઃ આઈપીએલ ૨૦૨૬ના મુંબઈ ઈન્ડિયન્સ સાથેના મુકાબલા પહેલા સચિન તેંડુલકરે લખનઊ સુપર જાયન્ટ્સના ખેલાડીઓ માટે ડીનર પાર્ટીનું આયોજન કર્યું હતું. એમઆઈ અને એલએસજી બંને ટીમો તળિયે પહોંચી ગઈ છે અને તેમને બહાર થવાની ચિંતાઓનો સામનો કરવો પડી રહ્યો છે. તેંડુલકરનો પુત્ર, અર્જુન તેંડુલકર, જે એલએસજીનો ભાગ છે, તે આ ડીનર પાર્ટીમાં હાજર રહ્યો હતો.

પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સ, નિરાશાજનક સીઝનમાંથી પસાર થઈ રહી છે. ■

# ઘાયલ ફિલ સોલ્ટ બેક ટુ ધ પેવિલિયન

નવી દિલ્હીઃ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના ઓપનર ફિલ સોલ્ટ ગયા મહિને થયેલી આંગળીની ઇજાના સ્કેન માટે ઇંગ્લેન્ડ પરત ફર્યા છે. આ ઈજાને કારણે સોલ્ટ આરસીબીની છેલ્લી ત્રણ મેચમાંથી બહાર રહ્યો છે, જેમાં તેના દેશબંધુ જેકબ બેથેલ ટોચના ક્રમે મેદાનમાં ઉતર્યો છે. ૧૮ એપ્રિલે એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ સામે આરસીબીની હાર દરમિયાન ડીપ બેકવર્ડ સ્ક્વેર લેગ પર બાઉન્ડ્રી બચાવવા માટે ડાઇવ કરતી વખતે ૨૯ વર્ષીય ખેલાડીને 'ડાબા હાથની આંગળીમાં ઇજા થઈ' હોવાનું જાણવા મળ્યું હતું.

'ઈસીબીનો સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ ધરાવતા સોલ્ટ, ઇંગ્લેન્ડના મેનેજમેન્ટની વિનંતી પર ઘરે પરત ફર્યા છે અને તેમની આંગળી પર સ્કેન કરવામાં આવ્યા છે,' એવું જાણવા મળ્યું છે. રિપોર્ટ અનુસાર, આરસીબી અને સોલ્ટ બંને આશાસ્પદ છે કે ઝડપથી સ્વસ્થ થઈને ઓપનર આ મહિનાના અંતમાં ભારત પરત ફરી શકે છે. સોલ્ટે સિઝનની મજબૂત શરૂઆત કરી હતી, તેણે ૧૬૮.૩૩ ના પ્રભાવશાળી સ્ટ્રાઇક રેટથી છ ઇનિંગ્સમાં ૨૦૨ રન બનાવ્યા હતા. આરસીબી હાલમાં પોઈન્ટ ટેબલ પર પંજાબ કિંગ્સ પછી બીજા ક્રમે છે. તેઓ આગામી ગુરુવારે લખનઊ સુપર જાયન્ટ્સ (એલએસજી) સામે રમશે. ■

## દેશ-વિદેશ

# પ્રોજેક્ટ ફ્રીડમઃ અમેરિકાએ હોર્મુઝમાં અટવાયેલાં જહાજોને બહાર કાઢવાનું શરૂ કર્યું

વૉશિંગ્ટનઃ અમેરિકન નૌકાદળે સોમવારથી હોર્મુઝ સામુદ્રધુનીમાં અટવાયેલા જહાજોને સલામત રીતે બહાર કાઢવાનું શરૂ કર્યું હતું અને જો કોઈ આમાં દરમિયાનગીરી કરશે તો એનો બળપૂર્વક પ્રતિકાર કરાશે, એવી જાહેરાત અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કરી છે. ટ્રમ્પે ટ્રુથ સોશ્યલમાં લખ્યું હતું કે 'પ્રોજેક્ટ ફ્રીડમ' ચાલુ કરવામાં આવ્યું છે અને આનો હેતુ હોર્મુઝમાં જે જહાજો નિર્દોષ રાહદારીની જેમ રઝળી પડ્યા છે તેને બહાર કાઢવાનો છે. આ જહાજો એ દેશના છે જેમણે પશ્ચિમ એશિયાના યુદ્ધ સાથે કશું લાગતું વળગતું નથી. અમેરિકાની ધ્વજા ધરાવતા બે જહાજ સફળતાપૂર્વક હોર્મુઝથી બહાર કઢાયા હોવાનો દાવો અમેરિકાએ કર્યો હતો. અમેરિકાએ એ વાતને રદિયો આપ્યો હતો કે ઇરાને અમેરિકાન નૌકા દળના જહાજ પર હુમલો કર્યો હતો. ઈરાનની સમાચાર સંસ્થાએ દાવો કર્યો હતો કે ઇરાને ઇરાનના બંદરની નજીક અમેરિકન જહાજ પર હુમલો કર્યો હતો. ઇરાને અમેરિકા પર દરિયાઈ સુરક્ષા અને વહાણવટ્ટાના નિયમોનો ભંગ કરવાનો આક્ષેપ મૂક્યો હતો.

ટ્રમ્પે કહ્યું હતું કે રઝળી પડેલા જહાજો પાસે ફૂડ, પીવાનું પાણી વગેરે જરૂરી વસ્તુઓની અછત છે.

ટ્રમ્પે આ સાથે કહ્યું હતું કે મારા પ્રતિનિધિઓએ ઈરાન સાથે સકારાત્મક ચર્ચા કરી છે અને આ ચર્ચાથી બધાને માટે કંઈક સારા સકારાત્મક પરિણામ આવશે.

અમેરિકાના સેન્ટ્રલ કમાન્ડે કહ્યું હતું કે પ્રમુખે શરૂ કરેલું મિશન મર્ચન્ટ વેસલ્સને જાણીતા ઈન્ટરનેશનલ ટ્રેડ કોરિડોરમાંથી પસાર થવાની સુવિધા આપશે. વિશ્વનું ૨૫ ભાગનું તેલ અને વાયુ હોર્મુઝમાંથી પસાર થાય છે. અમે પ્રાદેશિક સુરક્ષા અને વૈશ્વિક અર્થતંત્ર માટે આ મિશન ચાલુ કર્યું છે.

અમેરિકાએ રવિવારે યુદ્ધ અટકાવવા માટે ઈરાનની દરખાસ્તના જવાબમાં સુધારેલો મુસદ્દો મોકલ્યો છે, અમેરિકાના ખાસ એલચી સ્ટિવ વિટ્કોફે કહ્યું હતું કે અમેરિકા ઇરાન સાથે મંત્રણા કરી રહ્યું છે. (પીટીઆઈ)■

# ભારતે નેપાળનો લિપુલેખ ઘાટ પરનો દાવો નકારી કાઢ્યો

નવી દિલ્હીઃ ભારતે લિપુલેખ ઘાટ પરના નેપાળના દાવાને નકારી કાઢ્યો છે. ભારતે કહ્યું છે કે કાઠમંડુનો લિપુલેખ પરનો નેપાળનો પ્રાદેશિક દાવો એકપક્ષી કૃત્રિમ વિસ્તરણ છે જેને નવી દિલ્હી ગેરવાજબી માને છે. ભારત અને ચીને કાઠમંડુ સાથે મસલતો કર્યા વિના લિપુલેખ ઘાટ વાટે કૈલાશ માનસરોવર યાત્રા કરવાનું નક્કી કર્યું એનો વિરોધ કર્યો હતો. કાઠમંડુ કહે છે કે આ પ્રદેશ તેનો છે.

ગયા અઠવાડિયે વિદેશ મંત્રાલયે કૈલાશ માનસરોવર યાત્રા જૂનથી ઑગસ્ટ બે રૂટ- લિપુલેખ ઘાટ અને સિક્કિમના નાથુ લાથી યોજવાની જાહેરાત કરી હતી. ચીને પણ કહ્યું હતુ કે તે યાત્રાની તૈયારી કરી રહ્યું છે. તિબેટના સ્વાયત્ત પ્રદેશમાં આવેલા કૈલાશ પર્વત અને માનસરોવર હિન્દુ, જૈન અને બૌદ્ધ ત્રણેય માટે ઘણું ધાર્મિક મહત્ત્વ ધરાવે છે. યાત્રા પાંચ વષના અંતર બાદ ભારત અને ચીનના સંબંધો સામાન્ય કરવા ગયા વર્ષે શરૂ થઈ હતી.

ભારતના વિદેશ મંત્રાલયના પ્રવકતા રણધીર જયસ્વાલે કહ્યું હતું કે આ અંગે ભારતની સ્થિતિ સાતત્યભરી અને સ્પષ્ટ રહી છે. લિપુટેક ઘાટ ૧૯૫૪થી કૈલાશ માનસરોવર યાત્રાનો રૂટ રહ્યો છે અને દાયકાઓથી આ રૂટથી યાત્રા થયેલી છે. આ કોઈ નવી હિલચાલ નથી. નેપાળના પ્રાદેશિક દાવા ઐતિહાસિક હકીકતો અને પુરાવાને આધારિત નથી.

જોકે પ્રવકતાએ કહ્યું હતું કે ભારત નેપાળ સાથે સકારાત્મક વાતચીત કરવા તૈયાર છે. ૨૦૨૦માં નેપાળના તત્કાલીન વડા પ્રધાન કે. પી. શર્મા ઓલીએ સીમા વિવાદનો ઉપયોગ કરીને પોતાની સામેના અસંતોષથી ધ્યાન બીજે વાળવા માટે ઉપયોગ કર્યો હતો. નેપાળના ૨૦૨૦ના નવા નકશામાં ભારતના ત્રણ પ્રદેશ લિપુલેખ, કાલપાની અને લિમ્પિયુધુરાને બતાડવામાં આવ્યા હતા. (એજન્સી)■

# બિહારના ભાગલપુરમાં ગંગા નદી પરનો પુલનો ભાગ તૂટી પડ્યો

ભાગલપુરઃ બિહારના ભાગલપુરમાં ગંગા નદી પર બનેલો વિક્રમશિલા બ્રિજનો એક ભાગ અચાનક તૂટી પડ્યો હતો. અધિકારીઓ દ્વારા સત્વરે પગલે લેવામાં આવ્યાં તેના કારણો કોઈ જાનહાનિ કે નુકસાન થયું નથી. જિલ્લા અધિકારીના જણાવ્યાં પ્રમાણે સતર્કતના ભાગરૂપે પહેલા જ લોકોને ત્યાંથી દૂરી કી દેવામાં આવ્યાં હતાં. લોકોને દૂર કર્યાની ૧૫ મિનિટ પછી તરત જ બ્રિજ તૂટ્યો અને નદીમાં પડી ગયો હતો.

સૂત્રોના જણાવ્યાં પ્રમાણે અત્યારે પોલીસ તંત્ર દ્વારા બંને બાજુની અવર-જવરને રોકી દેવામાં આવી અને બ્રિજને બંને બાજુથી સીલ કરી દેવામાં આવ્યો છે. અધિકારીઓના જણાવ્યાં પ્રમાણે રાત્રે વૈકલ્પિક રસ્તો શરૂ કરવો શક્ય નહોતો, એટલે જે લોકોને ભાગલપુર જવાનું હતું તેમને મુંગેર થઈને જવું પડ્યું હતું.

આ બ્રિજની વાત કરવામાં આવે તો, વિક્રમશીલા બ્રિજ આજથી પચીસ વર્ષ પહેલા ૨૦૦૧માં રૂપિયા ૨૦૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો હતો. વિક્રમશિલા બ્રિજ આશરે ૪.૫ કિમી લાંબો છે અને અહીંથી પ્રતિદિન હજારોની સંખ્યામાં વાહનો પસાર થયા છે. આ વિક્રમશિલા હજારો વાહનો અને લાખો લોકો માટે દૈનિક મુસાફરીનું મુખ્ય સાધન હતું. બ્રિજ બન્યાના ૨૫ વર્ષમાં તે તૂટી પડ્યો તેના કારણે તંત્રની કામગીરી પર સવાલો થઈ રહ્યાં છે.

સૂત્રોના જણાવ્યાં પ્રમાણે અત્યારે આ બ્રિજ તૂટી ગયો હોવાના કારણે વૈકલ્પિક વ્યવસ્થા અને સ્થિતિને સામાન્ય કરવા માટે કામ કરવામાં આવી રહ્યું છે. ત્યાં સુધી લોકોને અત્યારે મુંગેર બ્રિજનો ઉપયોગ કરવા માટે કહેવામાં આવ્યું છે, મહત્વની વાત એ છે કે, આ મુંગેર બ્રિજ વિક્રમશિલા બ્રિજથી ૬૦ કિમી દૂર છે. એટલે કે હવે માત્ર ૪ કિમી દૂર જવા માટે લોકોને ૬૦ કિમી ફરીને જવું પડશે. જેમાં સમય અને પૈસા બંનેનો વ્યય થવાનો છે. ■

# રાહુલ સાથેના લગ્ન સંબંધ પૉસ્ટથી કંગના ભડકી

નવી દિલ્હીઃ તાજેતરમાં જ એક મીમ પૅજ પર કંગના અને રાહુલ ગાંધીના લગ્ન અંગેની એક બનાવટી અને અપમાનજનક પૉસ્ટ શેર કરવામાં આવી હતી.

પૉસ્ટમાં કંગનાએ એવું કહ્યું હોવાનો દાવો કરવામાં આવ્યો હતો કે જો રાહુલ ગાંધી ભાજપમાં સામેલ થઈ જાય તો હું તેની સાથે લગ્ન કરવા તૈયાર છું.

જોકે કંગનાએ આ દાવાને અફવા લેખાવી તેનું ખંડન કર્યું હતું. કંગનાનાં ધ્યાન પર આ પૉસ્ટ આવતાં જ તેણે આ સ્ટૉરીને ઈન્સ્ટાગ્રામ પર રિશેર કરી હતી અને તેની આકરી ટીકા કરી હતી.

આ પૉસ્ટને કારણે ભડકી ગયેલી કંગનાએ લખ્યું હતું કે આ પૉસ્ટમાં કરવામાં આવેલો દાવો તદ્દન નિમ્ન કક્ષાનો છે. કંગનાએ રાજકારણમાં મહિલાઓનાં સન્માન અંગે પણ ગંભીર સવાલ ઉઠાવ્યા હતા અને જણાવ્યું હતું કે આ પ્રકારની પૉસ્ટ કરનારાઓને શરમ આવવી જોઈએ.

કંગનાએ સ્પષ્ટતા કરી હતી કે આવી નાલેશીજનક ટિપ્પણીની અવગણના કરનારાંઓમાંની હું નથી.■

# મધદરિયે હન્ટા વાઈરસનો હાહાકારઃ ત્રણ જણનાં મોત

## એટલાન્ટિક મહાસાગરમાંની ક્રૂઝ લાઇનરમાં રોગચાળો ફાટી નીકળતા બાકીના ૧૭૦ મુસાફરોને કેદ કરી રખાયા છે

લંડનઃ એટલાન્ટિક મહાસાગરમાં ક્રુઝ જહાજમાં હંટાવાયરસ ફાટી નીકળતા ત્રણ લોકોના મોત થતાં ખળભળાટ મચી ગયો છે, અહેવાલ મુજબ હજુ ત્રણ લોકો ચેપગ્રસ્ત છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (હૂ)એ ચિંતા વ્યક્ત કરી હતી. એમવી હોન્ડિયસ ક્રુઝ જહાજનું સંચાલન કરી રહેલી ઓશનવાઇડ એક્સપિડિશન્સ કંપનીએ માહિતી આપી છે કે જહાજ હાલ આફ્રિકાના પશ્ચિમ કિનારે આવેલા એક ટાપુ રાષ્ટ્ર કેપ વર્ડેની રાજધાની પ્રેયામાં લંગરાયેલું છે, ત્રણેય મૃતકો ક્રૂઝના મુસાફરો હતાં. અહેવાલ મુજબ કેપ વર્ડેના વહીવટીતંત્રએ મુસાફરોની તબીબી સંભાળ મેળવવા માટે નીચે ઉતરવાની મંજૂરી નથી આપી, પરંતુ સ્થાનિક આરોગ્ય અધિકારીઓએ જહાજની મુલાકાત લીધી છે. અધિકારીઓએ બે ચેપગ્રસ્ત ક્રૂ મેમ્બર્સનું મૂલ્યાંકન કર્યું છે, આહેવાલ મુજબ ચેપગ્રસ્ત ક્રૂ મેમ્બર્સને તાત્કાલિક તબીબી સંભાળની જરૂર છે.

ઓશનવાઇડ એક્સપિડિશન્સના જણાવ્યા મુજબ જહાજમાં ૧૭૦ મુસાફરો અને એક ડોક્ટર સહિત ૭૧ ક્રૂ મેમ્બર્સ છે. કંપનીના જણાવ્યા મુજબ તે હાલમાં મુસાફરો અને ક્રૂના સ્વાસ્થ્ય અને સલામતી પર ધ્યાન આપી રહ્યા છે. હન્ટાવાયરસને કારણે હન્ટાવાયરસ પલ્મોનરી સિન્ડ્રોમ નામની ગંભીર અને જીવલેણ શ્વસનતંત્ર સંબંધિત બિમારી થઇ શકે છે.

સેન્ટર્સ ઓફ ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન અનુસાર, ઉંદરોના મળ-મૂત્ર અને લાળના સંપર્કમાં આવવાથી માણસને હન્ટાવાયરસનો ચેપ લાગી શકે છે. ■

# એપ્રિલમાં યુપીઆઈ મારફતે ૨૩૩.૫ કરોડ ટ્રાન્ઝેક્શન

નવી દિલ્હીઃ એપ્રિલ મહિનામાં યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ (યુપીઆઈ) મારફતે અંદાજે ૨૩૫.૫ કરોડ ટ્રાન્ઝેક્શન થયા હોવાનું ડિપાર્ટમેન્ટ ઑફ ફાઈનાન્શિયલ સર્વિસે સોમવારે કહ્યું હતું. એપ્રિલ ૨૦૨૫ની સરખામણીએ એપ્રિલ ૨૦૨૬માં સંખ્યાની દૃષ્ટિએ યુપીઆઈ ટ્રાન્ઝેક્શનમાં પચીસ ટકાનો વધારો થયેલો જોવા મળ્યો હતો. એપ્રિલ ૨૦૨૫માં યુપીઆઈ મારફતે ૧૭૮.૮૯ કરોડ ટ્રાન્ઝેક્શન થયા હતા.

ફેબ્રુઆરીમાં યુપીઆઈ મારફતે ૨૦૩.૯ કરોડ ટ્રાન્ઝેક્શન થયા હોવાની સરખામણીએ માર્ચ મહિનામાં યુપીઆઈ ટ્રાન્ઝેક્શનનો આંક વિક્રમજનક ૨૨૬.૪ કરોડ રહ્યો હતો.

આરબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલા ટૂ ફેક્ટર ઑથન્ટિફિકેશન રૂલ બાદ યુપીઆઈનો ઉપયોગ વધુ સરળ અને સુરક્ષિત બન્યો છે. વપરાશકર્તાના મોબાઈલ નંબરને તેનાં બૅન્ક ખાતે સાંકળી લેવો અને યુપીઆઈ પીન જેવી બે બાબતોને કારણે યુપીઆઈનો ઉપયોગ વધુ સરળ અને સુરક્ષિત બન્યો છે.

ભારતમાં થતાં કુલ ડિજિટલ ટ્રાન્જેક્શનમાં યુપીઆઈનો હિસ્સો ૮૫ ટકા જેટલો છે. યુપીઆઈની અસર દેશવિદેશમાં જોવા મળી રહી છે. વૈશ્વિક ડિજિટલ પેમેન્ટમાં યુપીઆઈનો હિસ્સો પચાસ ટકા જેટલો છે. યુએઈ, સિગાપોર, ભુતાન, નેપાળ, શ્રીલંકા, ફ્રાન્સ, મૉરેશિયસ અને કતર સહિતના દેશોમાં યુપીઆઈનો વપરાશ થઈ રહ્યો છે. (એજન્સી)■

# નવો આધાર કાર્ડ આપવાને મામલે વર્તમાન કાયદાકીય માળખામાં સુધારાની જરૂરઃ સુપ્રીમ

નવી દિલ્હીઃ છ વર્ષની ઉંમર સુધીના નાગરિકોને નવો આધાર કાર્ડ આપવાને મામલે કાયદાકીય દખલગીરી અને વર્તમાન કાયદાકીય માળખામાં યોગ્ય સુધારાની જરૂર હોવાનું સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું હતું.

માત્ર છ વર્ષની ઉંમર સુધીના નાગરિકોને જ નવો આધાર કાર્ડ આપવાનો આદેશ આપવાની માગણી કરતી યુનિક આઈડેન્ટિફિકેશન ઑથોરિટી ઑફ ઈન્ડિયા (યુઆઈડીએઆઈ) દ્વારા દાખલ કરવામાં આવેલી જનહિતની અરજીની મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ જોય માલ્યા બાગચીની બનેલી ખંડપીઠ સુનાવણી કરી રહી હતી. ખંડપીઠે કહ્યું હતું કે યોગ્ય પ્રક્રિયા મારફતે આ તમામ મુદ્દા રાજ્ય અને અન્ય સંબંધિત લોકોના ધ્યાન પર લાવવાનું અરજકર્તા માટે વધુ યોગ્ય હશે. અરજી અરજકર્તાનું પ્રતિનિધિત્વ કરી રહી હોવાનું જણાવી ખંડપીઠે તેનો નિકાલ કર્યો હતો.

ઘૂસણખોરોને ભારતનું નાગરિકત્વ મેળવતા અટકાવવા કિશોરો અને પુખ્તવયના લોકોને આધાર કાર્ડ આપવા અંગે કડક માર્ગદર્શિકા તૈયાર કરવાનો આદેશ આપવાની વકીલ અશ્વિન ઉપાધ્યાય દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં માગણી કરવામાં આવી હતી.

આધાર નંબર માત્ર ઓળખનો પુરાવો છે દેશના નાગરિક હોવાનો નહીં અને તમામ સેવા કેન્દ્ર પર એ પ્રકારનું બૉર્ડ મૂકવાનો સંબંધિત સત્તાધિકારીઓને આદેશ આપવાની પણ માગણી કરવામાં આવી હતી. (એજન્સી)■

બારામતી પેટાચૂંટણી

# સુનેત્રા પવારનો રેકોર્ડબ્રેક વિજય, દેશની સૌથી મોટી લીડ

### વિરોધી ઉમેદવારોને ફક્ત ૪,૮૩૭ મત મળ્યા

મુંબઇ : નાયબ મુખ્ય પ્રધાન અને અજિત પવાર જૂથના ઉમેદવાર સુનેત્રા પવારે બારામતી પેટાચૂંટણીમાં એક રેકોર્ડ બનાવ્યો છે. તેમણે ૨,૧૮,૯૩૦ મતોથી જીત મેળવી છે, જે દેશના વિધાનસભા ચૂંટણીના ઇતિહાસમાં સૌથી વધુ મતોના માર્જિનનો રેકોર્ડ છે. તેઓ સૌથી વધુ લીડ સાથે વિજયી બન્યા છે.

આ પહેલા મહારાષ્ટ્રમાં સૌથી વધુ મતોના માર્જિનનો રેકોર્ડ સ્વર્ગસ્થ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના નામે હતો. તેમણે ૨૦૧૯માં ૧,૬૫,૨૬૫ મતોના માર્જિનથી જીત મેળવી હતી. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીના ઇતિહાસમાં આ સૌથી મોટી જીત (જુઓ પાનું ૪) ▶▶

### બાવીસ ઉમેદવારો મુશ્કેલીમાં, નામાંકન ફોર્મમાં ગરબડ

બારામતીઃ રાષ્ટ્રવાદી કોંગ્રેસના ઉમેદવાર સુનેત્રા પવાર સામે ચૂંટણી મેદાનમાં ઉતરેલા અંદાજે બાવીસ ઉમેદવારોની મુશ્કેલીઓ વધી ગઈ છે. પ્રાથમિક તપાસમાં એવી માહિતી સામે આવી રહી છે કે, સંબંધિત ઉમેદવારોએ ચૂંટણી પંચ પાસે રજૂ કરેલા નામાંકન ફોર્મ પર સૂચકો અને અનુમોદકોની સહીઓ બોગસ છે.

ચૂંટણીના નિયમો અનુસાર કોઈપણ ઉમેદવારે (જુઓ પાનું ૪) ▶▶

રાહુરીમાં નવો ચહેરો આવ્યો

# શિવાજી કર્ડીલના અવસાન બાદ પુત્ર અક્ષય કર્ડીલે બાજી મારી

મુંબઈઃ રાહુરી પેટાચૂંટણીમાં નવા ચહેરા અક્ષય કર્ડિલેએ જીત મેળવી છે. ખાસ વાત એ છે કે આ જીત તેમની જન્મદિવસે થઈ હોવાથી મતદારો તરફથી 'રિટર્ન ગિફ્ટ' માનવામાં આવી રહી છે. રાજકીય સમાધાનો, સમીકરણો અને ચર્ચાઓની પૃષ્ઠભૂમિમાં આ પરિણામ વિશેષ મહત્વ ધરાવે છે.

શિવાજી કર્ડીલેના અકાળ અવસાન પછી રાહુરી મતવિસ્તારમાં પેટા ચૂંટણીની જાહેરાત કરવામાં આવી હતી. તેમના પુત્ર અક્ષય કર્ડીલેએ ચૂંટણીમાં ઝંપલાવ્યું. આ ચૂંટણી ભાવનાત્મક સ્વરૂપની હોવા છતાં તેમણે પરંપરાગત રાજકીય પદ્ધતિ કરતાં અલગ શૈલીમાં પ્રચાર કર્યો હતો.

આ જીત મેળવવા પડદા પાછળ એક મજબૂત તંત્ર કામ કરી રહ્યું હતું. રાધાકૃષ્ણ વિખે પાટીલ અને સંગ્રામ જગતાપના સંગઠનાત્મક સમર્થનથી પ્રચારમાં કોઈ કમી રહી નહોતી. ભાજપના સત્તાવાર તંત્ર અને વ્યક્તિગત કાર્યકરોની સેના બંને વચ્ચે સંકલન હતું.

આ ચૂંટણીમાં એનસીપીનાં પ્રાજક્તા તાનપુરે ઝુકાવશે એવી અપેક્ષા હતી. જોકે, ભાજપના વરિષ્ઠ નેતાઓના સૌજન્યને કારણે તેમણે પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી. આનાથી અક્ષય (જુઓ પાનું ૪) ▶▶

ત્રણ રાજ્યમાં ભાજપનો વિજય

# બંગાળમાં ભાજપની જીત દેશને આતંકવાદથી બચાવશેઃ ફડણવીસ

મુંબઈ : મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે કહ્યું કે પશ્ચિમ બંગાળમાં ભાજપનો વિજય દેશને ઘૂસણખોરો અને આતંકવાદી પ્રવૃત્તિઓથી બચાવવામાં મદદ કરશે, ભારપૂર્વક જણાવ્યું કે લોકોએ પાર્ટી અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીમાં મજબૂત વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

બંગાળ, આસામ અને પુડુચેરીમાં ભાજપના પ્રદર્શનનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે દેશનો ૭૮ ટકા ભાગ હવે ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએ શાસિત છે.

બંગાળની ચૂંટણી દરમિયાનના તેમના પ્રચારનો ઉલ્લેખ કરતા ફડણવીસે કહ્યું કે તેમને કહેવામાં આવ્યું હતું કે સ્થાનિક લોકો ભાજપને બહારનો (જુઓ પાનું ૪) ▶▶



ફડણવીસે બંગાળની પ્રસિદ્ધ ઝાલમુડી ખાધા બાદ સૌને અભિનંદન આપ્યા હતા અને આનંદ વ્યક્ત કર્યો હતો. (અમય ખરાડે)

વિરારમાં પ્રવાસીઓ વીફર્યા

# સવારે ૮.૨૮ વાગ્યાની લોકલ એસી કરાતા રેલ રોકો આંદોલન

વસઈ : પશ્ચિમ રેલવેના વિરાર સ્ટેશન પર મુસાફરોની ધીરજ તૂટી ગઈ હતી. છેલ્લા ઘણા વર્ષોથી સામાન્ય માણસની જીવાદોરી સમાન રહેલી વિરાર-ચર્ચગેટ લોકલને અચાનક એર-કન્ડિશન્ડ (એસી) ટ્રેનમાં રૂપાંતરિત કરવાના વિરોધમાં હજારો મુસાફરોએ ટ્રેન રોકી દીધી હતી. રેલ્વે વહીવટીતંત્રના આ અણધાર્યા નિર્ણયને કારણે ગુસ્સે ભરાયેલા મુસાફરોએ સૂત્રોચ્ચાર કરી વિરોધ કરતા સવારના પીક અવર્સ દરમિયાન મોટો અવરોધ સર્જાયો હતો.

રેલવે વહીવટીતંત્રે ૨૯ એપ્રિલે એક જાહેરનામું બહાર પાડીને આ ટ્રેન ૧ મે, ૨૦૨૬ થી એસીમાં રૂપાંતરિત થવાની જાહેરાત કરી હતી. જોકે આ નિર્ણયથી દૈનિક મુસાફરોનું રૂટિન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. સવારે ૮:૨૮ વાગ્યાની ટ્રેન નોકરિયાતો અને વિદ્યાર્થીઓ માટે ખૂબ જ અનુકૂળ હતી. હવે તે ટ્રેન બદલવાથી, અન્ય ટ્રેનો પર ભારણ વધી ગયું છે.

ઉલ્લેખનીય છે કે, સવારે ૮:૩૩ વાગ્યે એરકન્ડિશન્ડ લોકલ પહેલેથી જ ઉપલબ્ધ છે. બે એસી ટ્રેનો માત્ર પાંચ મિનિટના અંતરાલે રવાના થતાં સામાન્ય મુસાફરો માટે ઉપલબ્ધ વિકલ્પોમાં ઘટાડો થયો છે. એસી લોકલ ટ્રેનોના ટિકિટના ભાવ સામાન્ય માણસને પોસાય તેવા નથી. (જુઓ પાનું ૪) ▶▶

પુણેમાં પાપ

૧૯૯૮ના કેસના સાક્ષીદારનો ખુલાસો

# કાંબળેએ કોયતાની ધાકે વૃદ્ધા સાથે પણ દુષ્કર્મ આચર્યું હતું

પુણેઃ પુણેના ભોર તાલુકાના નસરાપુરમાં ચાર વર્ષની બાળકી સાથે દુષ્કર્મ બાદ તેની હત્યાના કેસમાં ધરપકડ કરાયેલા ભીમરાવ કાંબળે વિરુદ્ધ ૧૯૯૮માં પહેલો કેસ નોંધાયો હતો. જોકે પુરાવાના અભાવે કાંબળેનો આ કેસમાં છુટકારો થયો હતો. એ કેસમાં કાંબળે વિરુદ્ધ કોર્ટમાં જુબાની આપનારા સાક્ષીદારે હાલમાં કરેલા ખુલાસો કર્યો હતો કે કાંબળેએ એ સમયે કોયદાની ધાક દાખવી વૃદ્ધા સાથે દુષ્કર્મ આચર્યું હતું.

તેણે જણાવ્યું હતું કે ભીમરાવ કાંબળે વિરુદ્ધના પહેલા કેસમાં હું (જુઓ પાનું ૪) ▶▶

### આખા ગામમાં વીજળી જતી રહી હતી, પણ એક કેમેરાને કારણે કેસ ઉકેલાયો

પુણેઃ ઘટનાને દિવસે કાંબળેએ ગુનો આચર્યો ત્યારે આખા ગામમાં વીજપુરવઠો ખંડિત થયો હતો, જેને કારણે ગામમાં લાગેલા મોટા ભાગના સીસીટીવી કેમેરા બંધ હતા. જોકે એક સીસીટીવી કેમેરાને કારણે કેસ ઉકેલાયો હતો. બેટરી પર ચાલનારા સીસીટીવી કેમેરાએ આ મામલામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આરોપી કાંબળે બાળકીને ઘટનાસ્થળે લઇ ગયો હતો ત્યારે ગામમાં વીજળી નહોતી, પણ મંદિર સામે એક ઘર નજીક લાગેલા સીસીટીવી કેમેરાને બેટરીનું બૅકઅપ હતું. આથી વીજળી ગઇ હોવા છતાં તે બેટરી પર ચાલું રહ્યો અને પોલીસે એ કેમેરાના ફૂટેજ તપાસ્યા ત્યારે આરોપી તેમાં બાળકીને લઇ જતો નજરે પડ્યો હતો. ■

### 'એસઆઈટી'ની રચના તો થાય છે, પણ તપાસ વર્ષો સુધી ચાલ્યા કરે છે

મુંબઈઃ રાજ્ય સરકારે પુણે જિલ્લાના ભોર તાલુકાના નસરાપુરમાં એક સગીર છોકરી પર બળાત્કાર અને હત્યાના મામલામાં સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) તપાસની જાહેરાત કરી છે. છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં વિવિધ ઘટનાઓમાં એસઆઈટી તપાસની ગતિ જોતા એવું લાગે છે કે રાજ્ય સરકાર ગંભીર અને રાજકીય રીતે સંવેદનશીલ કેસોમાં એસઆઈટી બેસાડી સમય પસાર કરી રહી છે. રાજ્યમાં સમયાંતરે વિવિધ ગંભીર કેસોની તપાસ માટે ખાસ તપાસ ટીમ (એસઆઈટી)ની રચના (જુઓ પાનું ૪) ▶▶

# દેવી કામાખ્યા અને મહાકાલીના આશીર્વાદ : એકનાથ શિંદે

### સુનેત્રા પવારને પણ આપ્યા અભિનંદન

પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામો સોમવારે જાહેર થયા. ભાજપે ત્રણ રાજ્યો - પશ્ચિમ બંગાળ, આસામ અને પુડુચેરીમાં સફળતા મેળવી છે. આસામમાં ભાજપે હેટ્રિક કરી છે. ભાજપે ત્રણ રાજ્યોમાં પ્રચંડ જીત મેળવી છે ત્યારે નાયબ મુખ્ય પ્રધાન અને શિવસેના શિંદે પક્ષના વડા એકનાથ શિંદેએ ભાજપની આ જીત (જુઓ પાનું ૪) ▶▶

# વડાલાના સલૂનમાં આગઃ એક દાઝ્યો

મુંબઈઃ વડાલાના સલૂનામાં લાગેલી આગે બાજુના કાપડના કારખાનાને પણ ચપેટ લીધી હતી. આગમાં સિનિયર સિટીઝન દાઝતાં તેને હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. વડાલાના સંગમ નગર ખાતેના સોલ્ટ પાન રોડ પર આવેલા મકાનના ગ્રાઉન્ડ ફ્લોર પરના સલૂનમાં રવિવારની મધરાતે ૧.૩૪ વાગ્યે આગ લાગી હતી. સલૂનમાંના સાધનો અને ઈલેક્ટ્રિકની વસ્તુઓમાં લાગેલી આગ બાજુના કાપડના કારખાના સુધી ફેલાઈ હતી. ■

ટીસીએસ કેસમાં નિદા ખાનને આગોતરા જામીનની ના પાડતાં કોર્ટે કહ્યું કે...

# પીડિતાનું બ્રેનવૉશ કરવાનું કાવતરું

મુંબઈઃ જાતીય સતામણી અને બળજબરીથી ધર્માંતર સંબંધી કેસમાં ટીસીએસની કર્મચારી નિદા ખાનને આગોતરા જામીન નકારતાં નાશિકની સેશન્સ કોર્ટે નોંધ્યું હતું કે 'આયોજનબદ્ધ પ્રયાસો' સાથે પીડિતાનું બ્રેનવૉશ કરવાનું આ 'કાવતરું' હોવાનું જણાય છે.

આ ગુનાનું પ્રમાણ ખરેખર બહુપરિમાણીય અને બહુસ્તરીય છે. તેથી કેસના મૂળમાં જવા માટે કસ્ટડીમાં પૂછપરછની જરૂર હોવાનું કોર્ટે નિદાની અરજી ફગાવતાં જણાવ્યું હતું.

નાશિક રોડના એડિશનલ સેશન્સ જજ કે. જી. જોશીએ સોમવારે ઉપલબ્ધ થયેલા આદેશમાં નોંધ્યું હતું કે રેકોર્ડ પરની સામગ્રી દર્શાવે છે કે પીડિતાનું નામ બદલ્યા પછી આરોપી તેને મલયેશિયા મોકલવા માગી હતી. એફઆઈઆર મુજબ નિદાએ મહિલા કર્મચારીઓને ઈસ્લામિક પરંપરા અનુસાર પહેરવેશ પહેરવા અને તેવું વર્તન કરવાની સલાહ આપી હતી.

નિદાએ ગર્ભાવસ્થાનું કારણ આપીને ધરપકડ (જુઓ પાનું ૪) ▶▶

# મીરા-ભાયંદરમાં કર વધારાના વિરોધમાં કેસ દાખલ

ભાયંદરઃ મીરા-ભાયંદર નગરપાલિકા દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરીને ગેરકાયદેસર ઠરાવ પસાર કરીને નાગરિકો પર કર વધારો લાદવામાં આવ્યો હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ સંદર્ભમાં કોર્ટમાં કેસ પણ દાખલ કરવામાં આવ્યો હોવાથી આ નિર્ણય મુશ્કેલીમાં મુકાય તેવી શક્યતા વધી ગઈ છે.

મીરા-ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી પછી યોજાયેલી પહેલી સામાન્ય સભામાં શહેરમાં જૂના મિલકત માલિકોને બાકાત રાખી નવા નોંધાયેલા મિલકત માલિકો પર નવી રીતે દર વસૂલ કરીને આવક વધારવાનો ઠરાવ પસાર (જુઓ પાનું ૪) ▶▶

# ૨૬/૧૧ માં નિર્દોષ જાહેર કરાયેલી વ્યક્તિને રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખી પોલીસ મંજૂરી નકારી : હાઇ કોર્ટ

### રિક્ષા ચલાવવા પોલીસે ક્લિયરન્સ સર્ટિફિકેટ આપવાની ના પાડતા અરજદારે કોર્ટના દ્વાર ખખડાવ્યા

મુંબઈઃ પોલીસે ૨૬/૧૧ના આતંકવાદી હુમલાના કેસમાં નિર્દોષ છૂટેલા ફહીમ અંસારીને આજીવિકા માટે ઓટો રિક્ષા ચલાવવા માટે ક્લિયરન્સ સર્ટિફિકેટ આપવાનો ઇન્કાર કરતી વખતે પોલીસે જાહેર સલામતી અને રાષ્ટ્રીય સુરક્ષાના વ્યાપક હિતને ધ્યાનમાં રાખ્યું હોવાનું બોમ્બે હાઈ કોર્ટે કહ્યું છે. બુધવારે ન્યાયમૂર્તિ એ. એસ. ગડકરી અને ન્યાયમૂર્તિ આર. આર. ભોસલેની ખંડપીઠે ચુકાદામાં જણાવ્યું હતું કે કોર્ટે પોલીસ દ્વારા રજૂ કરાયેલા ગુપ્ત ગુપ્તચર અહેવાલને ધ્યાનમાં રાખ્યો છે. આ અહેવાલ પ્રથમ દૃષ્ટિએ સૂચવે છે કે અન્સારી આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ હોવાની શક્યતા નકારી શકાય નહીં. હાઈ કોર્ટના આદેશમાં જણાવવામાં આવ્યું છે કે 'અમને સરકારી અધિકારીઓના મંતવ્ય સાથે અસંમત થવાનું કોઈ કારણ દેખાતું નથી અને તેમાં કોઈ ખામી પણ નજરે નથી પડતી. આદેશની નકલ ગુરુવારે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. અન્સારીને સર્ટિફિકેટ આપવાનો ઇનકાર તેના ગુનાહિત ભૂતકાળની પૃષ્ઠભૂમિમાં વાજબી રીતે અને જાહેર સલામતી અને રાષ્ટ્રીય સુરક્ષાના વ્યાપક હિતમાં કરવામાં આવ્યો હોવાનું અદાલતે જણાવ્યું છે. અન્સારીએ ગયા વર્ષે જાન્યુઆરીમાં અરજી દાખલ કરી પબ્લિક સર્વિસનું વાહન ચલાવવા બેજ મેળવવા માટે પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટની માગ કરવામાં આવી હતી. કમાણીના હેતુ માટે ઓટો રિક્ષા ચલાવવા માટે સર્ટિફિકેટ મેળવવું જરૂરી છે.

સરકારે આ અરજીનો વિરોધ કરી દાવો કર્યો હતો કે પોલીસ દ્વારા ચારિત્ર્ય ચકાસણીને સંચાલિત કરતી નીતિ માર્ગદર્શિકા સ્પષ્ટપણે આદેશ આપે છે કે ગંભીર ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતી અને અગાઉ દોષિત ઠરેલી વ્યક્તિ પર પ્રતિકૂળ ટિપ્પણી કરવી જોઈએ. અન્સારી વિરુદ્ધ કેટલીક સંવેદનશીલ માહિતી/સત્તાવાર ગુપ્તચર સંદેશાવ્યવહાર ધરાવતી એક ગુપ્ત નોંધ પણ રજૂ કરવામાં આવી હતી અને એના આધારે સર્ટિફિકેટ આપવાનો ઇનકાર કરવામાં આવ્યો હતો. (પીટીઆઈ)

મીરા રોડમાં પહલગામ સ્ટાઈલ અટૅક

# અન્સારીના 'સ્ટુડન્ટ્સ'ની માહિતી મેળવવાનો એટીએસનો પ્રયાસ

### અન્સારીની કસ્ટડી ૧૧ મે સુધી લંબાવાઈઃ તબીબી તપાસની વકીલની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ મીરા રોડમાં ધર્મ પૂછીને અને કલમા પઢવાનું કહીને નિર્માણાધીન ઈમારતના બે વૉચમેન પર પહલગામ સ્ટાઈલમાં અટૅક કરવાના કેસમાં ધરપકડ કરાયેલા આરોપી અન્સારીના 'સ્ટુડન્ટ્સ'ની માહિતી એટીએસ મેળવી રહી છે. કોર્ટે અન્સારીની પોલીસ કસ્ટડીમાં વધારો કર્યો હોવાથી વકીલે તેની તબીબી તપાસ કરાવવાની માગણી કરી હતી.

મીરા રોડમાં વૉચમેન પર ચાકુથી હુમલો કરનારા ઝૈબ ઝુબેર અન્સારી (૩૧)ની પોલીસ કસ્ટડી પૂરી થતી હોવાથી તેને સોમવારે થાણેની વિશેષ અદાલત સમક્ષ હાજર કરવામાં આવ્યો હતો. વિશેષ જજ એસ. એસ. શિંદેએ સૌપ્રથમ પોલીસ દ્વારા કોઈ તકલીફ આપવામાં આવી છે કે એવો પ્રશ્ન અન્સારીને કરાયો હતો, જેના ઉત્તરમાં અન્સારીએ ના પાડી હતી.

આ કેસની તપાસ મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્ક્વોડ (એટીએસ) કરી રહી છે.

સાયન્સ ગ્રેજ્યુએટ અન્સારીએ દાવો કર્યો હતો કે તે વિદેશમાં રહેતા વિદ્યાર્થીઓને કેમિસ્ટ્રી અને ફિઝિક્સનું ઑનલાઈન ટ્યૂશન આપતો હતો. અન્સારીના વિદ્યાર્થીઓ કોણ હતા તેની વિગતો એટીએસ મેળવી રહી છે. વિદ્યાર્થીઓને અન્સારી કયા પ્રકારનું ટ્યૂશન આપતો હતો તે એટીએસ જાણવા માગે છે. અન્સારીની (જુઓ પાનું ૪) ▶▶

# રાજ્ય મહિલા પંચના અધ્યક્ષ તરીકે મીરા બોરવણકરનું નામ ચર્ચામાં

મુંબઈઃ ભૂતપૂર્વ આઇપીએસ અધિકારી મીરા બોરવણકરની રાજ્ય મહિલા પંચના અધ્યક્ષા તરીકે પસંદગી થવાની શક્યતા છે.

પોલીસ દળમાં તેમના લાંબા અનુભવનો લાભ હવે રાજ્યની મહિલાઓની સમસ્યાઓ ઉકેલવા માટે લેવામાં આવશે.

નાસિકના અશોક ખરાત સાથેની નિકટતાને કારણે મહિલા આયોગના અધ્યક્ષ પદેથી રાજીનામું આપનાર રૂપાલી ચકણકર પછી આ પદ ભૂતપૂર્વ આઇપીએસ અધિકારી મીરા બોરવણકરને મળે તેવી શક્યતા છે.

મીરા બોરવણકર ભારતીય પોલીસ સેવાના અત્યંત વરિષ્ઠ અને અનુભવી અધિકારી છે.

તેમનું નામ મહારાષ્ટ્રના શ્રેષ્ઠ આઇપીએસ અધિકારીઓમાં તો લેવામાં આવે જ છે. તેમને 'લેડી સિંઘમ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

મુંબઈમાં માફિયા રાજ ખતમ કરવામાં મીરા બોરવણકરે મહત્વની ભૂમિકા ભજવી હતી. ■

૮૨૧૨ હાઉસિંગ પ્રોજેક્ટ્સ સામે મહારેરાની લાલ આંખ

# ૬૦ દિવસનો સમય, નહીં તો પ્રોજેક્ટ્સ રદ કરાશે

### ડેવલપર્સ ત્રિમાસિક પ્રગતિ અહેવાલો અપડેટ નથી કરતા. આ બાબતની ગંભીર નોંધ ભલઈ મહારેરાએ આવા ૮૨૧૨ આવાસ પ્રોજેક્ટ્સને કારણદર્શક નોટિસ ફટકારી છે

મુંબઈઃ રાજ્યમાં મહારેરામાં રજીસ્ટર થયેલા આવાસ પ્રોજેક્ટ્સની માહિતી દર ત્રણ મહિને ડેવલપર્સ માટે અપડેટ કરવી ફરજિયાત છે. જોકે, મોટી સંખ્યામાં ડેવલપર્સ ત્રિમાસિક પ્રગતિ અહેવાલો અપડેટ નથી કરતા. આ બાબતની ગંભીર નોંધ લઈ મહારેરાએ આવા ૮૨૧૨ આવાસ પ્રોજેક્ટ્સને કારણદર્શક નોટિસ ફટકારી છે.

આ નોટિસ અનુસાર જો સંબંધિત ડેવલપર્સ ૬૦ દિવસમાં અપેક્ષિત જવાબ નહીં આપે તો તેમની સામે મહારેરા રજીસ્ટ્રેશન રદ કરવા અથવા સ્થગિત કરવા માટે કાર્યવાહી કરવામાં આવશે.

નિર્માણાધીન ૩૩ હજાર પ્રોજેક્ટ્સના ડેવલપર્સ ગ્રાહકો સાથે કોઈપણ પ્રકારની છેતરપિંડી ન કરે તે માટે 'રેરા' કાયદા હેઠળ ઘણી જોગવાઈઓ કરવામાં આવી છે. ડેવલપર્સ માટે આ જોગવાઈઓનું પાલન કરવું ફરજિયાત છે. આ જોગવાઈઓમાંથી એક એ છે કે 'મહારેરા'માં રજિસ્ટર થયેલા પ્રોજેક્ટ્સ અંગે દર ત્રણ મહિને પ્રોજેક્ટ વિશેની માહિતી અપડેટ કરવાની રહેશે. આમાં ઘણા પ્રકારની માહિતી શામેલ છે જેમ કે કેટલા ફ્લેટ રજીસ્ટર થયા છે, તેમાંથી કેટલા પૈસા મળ્યા છે, કેટલા ખર્ચ થયા છે, બિલ્ડિંગ પ્લાનમાં કોઈ ફેરફાર થયો છે કે નહીં.

મહારેરા વેબસાઇટ પર ફોર્મ ૧, ૨ અને ૩ હેઠળ સંબંધિત માહિતી અપડેટ કરવી જરૂરી છે. હાલમાં રાજ્યમાં ૩૩ હજાર ૨૯ પ્રોજેક્ટ્સ બાંધકામ હેઠળ છે.

આ પ્રોજેક્ટ્સના ડેવલપર્સે ૨૦ એપ્રિલ સુધીમાં જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ એમ ત્રણ મહિનાનો પ્રગતિ અહેવાલ અપડેટ કરવાનો હતો. આવી સ્થિતિમાં મોટી સંખ્યામાં હાઉસિંગ પ્રોજેક્ટ્સની માહિતી અપડેટ કરવામાં આવી ન હોવાનું પ્રકાશમાં આવ્યું છે. ચેરમેને કડક કાર્યવાહીની ચેતવણી આપી છે કારણ કે રાજ્યના ૩૩ હજાર ૨૯ પ્રોજેક્ટ્સમાંથી ૮૨૧૨ પ્રોજેક્ટ્સે તેમની માહિતી અપડેટ ન કરી હોવાથી મહારેરાએ તાત્કાલિક આ પ્રોજેક્ટ્સને કારણદર્શક નોટિસ ફટકારી છે.

આ નોટિસ અનુસાર જો આવા પ્રોજેક્ટ્સ ૬૦ દિવસની અંદર આ નોટિસનો જવાબ નહીં આપે તો તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ અથવા નોંધણી રદ અથવા સસ્પેન્ડ પણ થઈ શકે છે. ■

# થાણે કોર્ટે અપહરણ અને બળાત્કારના કેસમાં યુવકને નિર્દોષ જાહેર કર્યો

થાણેઃ થાણે કોર્ટે અપહરણ અને બળાત્કારના કેસમાં ૨૭ વર્ષના યુવકને નિર્દોષ જાહેર કર્યો હતો. કોર્ટે નોંધ્યું હતું કે પીડિતા પુખ્ત વયની હતી અને તે સ્વેચ્છાએ યુવક સાથે ગઇ હતી.

પીડિતા પુખ્થ વયની હોવાથી તે પોતાના નિર્ણયો લેવા માટે સક્ષમ હતી, એમ વિશેષ પોક્સો કોર્ટનાં જજ રૂબી યુ. માણવનકરે ૨૪ એપ્રિલે આપેલા આદેશમાં જણાવ્યું હતું.

પીડિતાના પિતાએ નોંધાવેલી ફરિયાદને આધારે કલવા વિસ્તારના રહેવાસી શશિકપૂર શ્યામલાલ ગુપ્તા વિરુદ્ધ ૨૫ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ ગુનો દાખલ કરાયો હતો. ફરિયાદીએ આક્ષેપ કર્યો હતો કે તેની ૧૬ વર્ષની પુત્રી તેના ઘરેથી અપહરણ કરવામાં આવ્યું હતું.

દરમિયાન પોલીસે પીડિતા અને આરોપીને ઉત્તર પ્રદેશના આઝમગઢથી શોધી કાઢ્યાં હતાં, જ્યાં બંનેએ દાવો કર્યો હતો કે ગુજરાતના સુરત જતા પહેલા તેમણે લગ્ન કરી લીધા હતાં.

આરોપી વિરુદ્ધ ભારતીય દંડસંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો નોંધાયો હતો. ટ્રાયલ દરમિયાન તપાસકર્તા પક્ષે પીડિતા, તેના પિતા અને અન્ય એક સાક્ષીદારને ચકાસ્યા હતા. 'એવું લાગે છે કે એ સમયે પીડિતા પુખ્ત વયની હતી. ૧૮થી ૧૯ વર્ષની હતી અને તેથી તે પોતાના નિર્ણયો લેવા સક્ષમ હતી, એમ જજે નોંધ્યું હતું.પીડિતાએ પોતાની જુબાનીમાં જણાવ્યું હતું કે તેણે પોતાની મરજીથી ઘર છોડ્યું હતું અને પોતાની સહમતી આપી હતી. સંબંધની સ્વૈચ્છિક પ્રકૃતિ અને પીડિતાની સગીર સ્થિતિ પુરવાર કરતા પુરાવાના અભાવ પર ભાર મૂકતાં કોર્ટ જણાવ્યું હતું કે જાતીય સંભોગ આઇપીસી અથવા પોક્સો એક્ટ હેઠળ ગુનો નથી. (પીટીઆઇ) ■

# મિસિંગ લિંકનો ખર્ચમાં ૪૮૫ કરોડનો વધારો

### ખર્ચ ૬૬૯૫ કરોડથી ૭૧૮૦ કરોડ થયો

મુંબઈઃ મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર ખોપોલી અને કુસગાંવ વચ્ચેનો 'મિસિંગ લિંક' હવે વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ ૨૦૨૧-૨૨માં પૂર્ણ થવાનો હતો, પરંતુ કોરોના મહામારી અને ટેકનિકલ અવરોધોને કારણે તેમાં ૪ વર્ષનો વિલંબ થયો, જેના કારણે પ્રોજેક્ટના ખર્ચમાં સાત ટકાનો વધારો થયો છે. પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૬,૬૯૫ કરોડ રૂપિયાથી વધીને હવે ૭,૧૮૦ કરોડ રૂપિયા થયો છે. મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં ૨૦૧૮માં આ પ્રોજેક્ટના રૂ. ૬,૬૯૫.૩૬ કરોડના ખર્ચને મંજૂરી મળી હતી.

પ્રોજેક્ટનો ખર્ચ કાઢવા માટે ટોલ વસૂલવાનો સમયગાળો ૧૫ વર્ષ વધારીને ૨૦૩૦થી ૨૦૪૫ કરવામાં આવ્યો છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ક્રૂડ ઓઈલના ઉછાળાને કારણે સેન્સેક્સ ૧૨૩૭ પોઈન્ટ સુધી નીચે જઈ અંતે ૫૮૩ પોઈન્ટના ઘટાડે સ્થિર થયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ક્રૂડ ઓઇલના ભાવ ઉછાળા, વિશ્વબજારની નબળાઇ અને એફઆઇઆઇની એકધારી વેચવાલીને કારણે ખરડાયેલા માનસ વચ્ચે સેન્સેક્સ સત્ર દરમિયાન ૧૨૩૭.૫૦ પોઇન્ટની નીચી સપાટીએ પટકાઇને અંતે ૫૮૨.૮૬ પોઇન્ટના ઘટાડા સાથે ૭૬,૯૧૩.૫૦ની સપાટીએ સ્થિર થયો હતો. નિફ્ટી ૧૮૦.૧૦ પોઇન્ટના ઘટાડા સાથે ૨૩,૯૯૭.૫૫ની સપાટીએ સ્થિર થયો છે. બ્રેન્ટ ક્રૂડ ૧૨૫ ડોલર સુધી ઊંચે જઇને પાછળથી ૧૧૬ ડોલર સુધી નીચે આવ્યું હતું.

ઇટર્નલ, હિંદુસ્તાન યુનિલીવર, ટાટા સ્ટીલ, લાર્સન એન્ડ ટૂબ્રો, અલ્ટ્રાટેક સિમેન્ટ અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ટોચના સૌથી વધુ ઘટનારા શેરોની યાદીમાં હતા. જ્યારે સન ફાર્મા, ઇન્ફોસિસ, બજાજ ફાનિાન્સ અને અદાણી પોર્ટ ટોપ ગેઇનર રહ્યા હતા. એચયુએલના શેરમાં ૨.૬૧ ટકાનો ઘટાડો નોંધાયો હતો. હિંદુસ્તાન યુનિલીવરે ચોથા ક્વાર્ટરમાં ૨૧ ટકાના વધારા સાથે રૂ.૨,૯૯૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

વારી એનર્જીનો ચોથા ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૭૫ ટકાના વધારા સાથે રૂ. ૧૧૨૬ કરોડ નોંધાયો છે. બજાજ ફાઇનાન્સના પરિણામની જાહેરાત બાદ તેના શેરમાં પાંચ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. કંપનીએ માર્ચ ક્વાર્ટરમાં ૨૨ ટકાના વધારા સાથે રૂ. ૫,૫૫૩ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

જાહેર ક્ષેત્રની કંપની નાલ્કોએ માર્ચના ત્રિમાસિક ગાળા માટે સંયુક્ત ચોખ્ખા નફો ૧૬.૬ ટકાના ઘટાડા સાથે રૂ. ૧,૭૨૨.૪૪ કરોડ થયો હતો.

બ્લેકસ્ટોન સમર્થિત બેગમાને પ્રાઇમ ઓફિસ રેઇટ (રિઅલ ઇસ્ટેટ ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ)નું રૂ. ૩૪૦૫ કરોડનું જાહેર ભરણું સબ્સક્રિપ્શન માટે પાંચમી મેના રોજ ખૂલશે અને સાતમી મેના રોજ બંધ થશે. પ્રાઇસ બેન્ડ યુનિટદીઠ રૂ. ૯૫થી રૂ. ૧૦૦ નક્કી કરવામાં આવી છે. ફાળવણી ૧૨મી મેએ અને રિફંડ તથા ડિમેટ ખાતામાં ૧૩મી મેના રોજ જમા થશે. બીએસઇ અને એનએસઇ પર લિસ્ટિંગ ૧૫મી મેના રોજ થશે.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં સન ફાર્મા ૧.૬૪ ટકા, ઈન્ફોસિસ ૧.૨૦ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૯૮ ટકા, ટેક મહિન્દ્ર ૦.૯૫ ટકા, બજાજ ફાઇનાન્સ ૦.૭૨ ટકા, કોટક બેન્ક ૦.૫૨ ટકા, મારુતિ ૦.૪૦ ટકા રિલાયન્સ ૦.૩૩ ટકા અને ટીસીએસ ૦.૦૧ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે ઈટર્નલ ૨.૮૫ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૨.૭૦ ટકા, ટાટા સ્ટીલ ૨.૧૩ ટકા, લાર્સન ૨.૦૩ ટકા, ટ્રેન્ટ ૧.૯ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૯૨ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૧.૮૩ ટકા,, સ્ટેટ બેન્ક ૧.૬૯ ટકા, એક્સિસ બેન્ક ૧.૬૦ ટકા, બીઈએલ ૧.૩૯ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૦૯ ટકા અને ટાઈટન ૧.૦૬ ટકા ઘટ્યા હતા.




માર્કેટ રેગ્યુલેટર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)ના નવા રજૂ કરાયેલા એસઆઇએફ ફ્રેમવર્કમાં પ્રવેશ કરતા, યુનિયન મ્યુચ્યુઅલ ફંડ ૩૦ એપ્રિલના રોજ તેના અર્થ્યા સ્પેશિયલાઇઝ્ડ ઇન્વેસ્ટમેન્ટ ફંડ (એસઆઇએફ) હેઠળ રોકાણ વ્યૂહરચના શરૂ કરવાની જાહેરાત કરી છે. આ પ્લેટફોર્મ હેઠળની પ્રથમ ઓફર, અર્થ્યા ઇક્વિટી લોંગ શોર્ટ ફંડ, લોંગ-શોર્ટ ઇક્વિટી અભિગમને અનુસરશે, જે ડેરિવેટિવ્ઝ દ્વારા પસંદગીની શોર્ટ પોઝિશન સાથે ઇક્વિટીમાં લોંગ પોઝિશનને જોડે છે.

યુએસ-ઈરાન તણાવ વધતાં અને મુખ્ય દરિયાઈ શિપિંગ માર્ગો પર સતત વિક્ષેપ લાંબા સમય સુધી રહેવાની ધારણાં વચ્ચે બ્રેન્ટ ક્રૂડ ચાર વર્ષમાં પહેલી વાર પ્રતિ બેરલ ૧૨૦ની સપાટી વટાવી ૧૨૫ ડોલર બોલાયુ હોવાથી ફુગાવાની ચિંતાઓ વધુ તીવ્ર બની અને શેરબજારમાં વેચવાલીનું દબાણ આવી ગયું હતું. ક્રૂડના ભાવ ઉછાળા સાથે રૂપિયા પર દબાણ આવ્યું અને મૂડીના આઉટફ્લો તથા વધતી ખાધ અંગે ચિંતાઓ ફરી સપાટી પહર આવી હતી.

ફેડરલે દરમાં કોઈ ફેરફાર કર્યો નથી, પરંતુ મજબૂત નીતિ વલણ જાળવી રાખ્યું હોવાથી ડોલરને ટેકો મળ્યો. સ્થાનિક સ્તરે, ઓટો, બેંકો, મેટલ અને રિયલ એસ્ટેટમાં ઘટાડો જોવા મળ્યો, જ્યારે આઇટી અને ફાર્મામાં પસંદગીયુક્ત રક્ષણાત્મક ખરીદી જોવા મળી. સત્રના અંતના તબક્કામાં હળવી રિકવરીથી મર્યાદિત રાહત મળી,જોકે એકંદર સેન્ટિમેન્ટ સાવચેતીનું રહ્યું, એમ જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સના ચીફ સ્ટ્રેટેજિસ્ટ વિનોદ નાયરે જણાવ્યું.

મારુતી સુઝુકીએ ૧.૨૪ ટકાના વધારા સાથે રૂ. ૧૪,૬૭૯.૫૦ કરોડનો વાર્ષિક કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો. વેદાંતનો ચોથા ક્વાર્ટરનો નફો ૮૯ ટકા વધીને રૂ. ૯,૩૫૨ કરોડ નોંધાયો હતો. અદાણી પાવરનો ચોથા ત્રિમાસિક સમયગાળાનો ચોખ્ખો નફો ૬૪ ટકા વધીને રૂ. ૪,૨૭૧ કરોડના સ્તરે પહોંચ્યો હતો.

કેફિન ટેકનોલોજીનો ચોથા ક્વાર્ટરનો નફો ૪.૬ ટકાના ઘટાડા સાથે રૂ. ૮૧ કરોડ નોંધાયો છે. આઇઆઇએફએલ ફાઇનાન્સનો ચોથા ક્વાર્ટરનો ચોખ્ખો નફો બે ગણો વધીને રૂ. ૬૨૩ કરોડ નોંધાયો હતો. પાવરગ્રીડના બોર્ડે સ્ટેટ બેન્ક પાસેથી રૂ. ૪૦૦૦ કરોડ ઉઘરાવવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. એપ્ટસ ફાર્માએ વાર્ષિક ધોરણે ૮૯.૫૯ ટકાના વધારા સાથે રૂ. ૪૬૭૦.૮૧ લાખની કુલ સ્ટેન્ડઅલોન આવક અને ૫૭.૭૩ ટકાના વધારા સાથે રૂ. ૭૫૦.૩૨ લાખનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. બીએસઇ એસએમઇ પ્લેટફોર્મ પર લિસ્ટેડ આ કંપનીએ મલ્ટી વર્ટિકલ વિસ્તરણ હેઠળ ૨૫૦થી વધુ પ્રોડક્ટસનો પોર્ટફોલિયો બનાવવા સાથે ૨૫,૦૦૦થી વધુ રિટેલ આઉટલેટ્સને આવરી લીધાં છે, જે ૨૦૦થી વધુ વિતરક અને પેટાવિતરક દ્વારા સમર્થિત છે.

એનએસઇએ લગભગ એક ટકા જેટલો હિસ્સો ઇન્ડિયન ગેસ એક્સચેન્જને વેચ્યો છે. કોલ ઇન્ડિયાએ ચોથા ક્વાર્ટરમાં ચોખ્ખા નફામાં ૧૧ ટકાનો વધારો નોંધાવ્યો હતો. મારુતિ સુઝુકીનો ચોથા ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૬.૪૫ ટકા ઘટીને રૂ. ૩,૬૫૯ કરોડ નોંધાયો છે. ધૂત ટ્રાન્સમિશને બેંગ્લુરુની મલ્ટિલિન્ક હસ્તગત કરી છે. ઇટર્નલના ચોથા ક્વાર્ટરના નફામાં વાર્ષિક ધોરણે ૩૪૬ ટકાનો ઉછાળો નોંધાયો છે. મેકમાય ટ્રીપ અને અદાણી એરપોર્ટ હોલ્ડિંગે ભાગીદારી જાહેર કરી છે.

# ડૉલર સામે રૂપિયામાં ચાર પૈસાનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં વધ્યા મથાળેથી જોવા મળેલી પીછેહઠ તેમ જ ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેવાની સાથે અમુક અંશે રિઝર્વ બૅન્કનો હાજર બજારમાં હસ્તક્ષેપ રહ્યો હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો સાધારણ ચાર પૈસાના સુધારા સાથે ૯૪.૮૪ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી અને સ્થાનિક આયાતકારોની ડૉલરમાં લેવાલી રહેતાં રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ ઉમેર્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૪.૮૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૫.૦૧ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઐતિહાસિક નીચી ૯૫.૩૪ના તળિયે સ્પર્શીને ઉપરમાં ૯૪.૮૩ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના બંધ સામે સાધારણ ચાર પૈસાના સુધારા સાથે ૯૪.૮૪ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૨૦ પૈસા ગબડ્યો હતો. તેમ જ આ પૂર્વે સત્ર દરમિયાન ડૉલર સામે રૂપિયાએ ૩૦મી માર્ચના રોજ સત્ર દરમિયાન ૯૫.૨૨ની નીચી સપાટી દાખવી હતી.

એકંદરે વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ વધીને બેરલદીઠ ૧૨૩ની ઊંચી સપાટી સુધી પહોંચ્યા હોવાથી ભારતની વેપાર ખાધ અને ચાલુ ખાતાની ખાધ વધવાની શક્યતા, બીજું વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલી અને ત્રીજું અમેરિકામાં ફુગાવો વધતાં ૧૦ વર્ષીય બૉન્ડની ઊપજ ૪.૪ ટકાની ઊંચી સપાટીએ પહોંચતા વધેલો મૂડીગત્ બાહ્ય પ્રવાહ રૂપિયાને દબાણ હેઠળ લાવનારાં મુખ્ય ત્રણ કારણો હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.ના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી કે વિજયકુમારે જણાવ્યું હતું. હાલના પશ્ચિમ એશિયાના ભૂરાજકીય તણાવ અને ક્રૂડતેલના ભાવ ઊંચી સપાટીએ રહ્યા હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૯૪.૮૦થી ૯૫.૬૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે રિઝર્વ બૅન્કનો હાજર બજારમાં હસ્તક્ષેપ અમુક અંશે રૂપિયાને ટેકો આપી શકે છે. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૩૬ ટકા ઘટીને ૯૮.૪૭ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૧.૬૫ ટકાના ઘટાડા સાથે બેરલદીઠ ૧૧૬.૦૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

### ડૉલરની પીછેહઠ સાથે વૈશ્વિક સોનું એક મહિનાના તળિયેથી પાછું ફર્યું

# સ્થાનિક સોનામાં ₹ ૨૨૯૦નો અને ચાંદીમાં ₹ ૪૦૩૧નો ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં આજે ક્રૂડતેલના ભાવમાં તેમ જ ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળવાની સાથે સાથે અમેરિકા-ઈરાન વચ્ચેના ભૂરાજકીય તણાવમાં વધારો થવાની ભીતિને ધ્યાનમાં લેતા સોના અને ચાંદીમાં સલામતી માટેની માગનો ટેકો મળ્યો હતો, જેમાં સોનાના ભાવ એક મહિનાના તળિયેથી પાછાં ફર્યા હતા અને ચાંદીના ભાવમાં પણ ત્રણ ટકા આસપાસનો ઉછાળો આવ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ આજે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૮૧થી ૨૨૯૦નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૪૦૩૧નો ચમકારો આવ્યો હતો.




બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૪૦૩૧ના ઉછાળા સાથે રૂ. ૨,૪૦,૩૩૧ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૨૨૮૧ વધીને રૂ. ૧,૪૯,૬૬૧ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૨૯૦ વધીને રૂ. ૧,૫૦,૨૬૩ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી, પરંતુ રોકાણકારોની છૂટીછવાઈ રોકાણલક્ષી માગનો ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ગઈકાલે સોનાના ભાવ ગત ૩૧મી માર્ચ પછીની નીચી સપાટી સુધી ગબડી ગયા બાદ આજે ક્રૂડતેલ અને ડૉલરમાં વધ્યા મથાળેથી નરમાઈનું વલણ રહેતાં લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં ભાવ ૧.૯ ટકા વધીને ઔંસદીઠ ૪૬૨૯.૮૩ ડૉલર અને જૂન ડિલિવરી વાયદામાં ભાવ ૧.૮ ટકા વધીને ૪૬૪૨.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૨.૯ ટકાના ઉછાળા સાથે ઔંસદીઠ ૭૩.૫૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

જાપાનીઝ યૅનને ડૉલર સામે તૂટતો અટકાવવા માટે બજારમાં હસ્તક્ષેપ કરવામાં આવશે, એવાં બૅન્ક ઑફ જાપાનના અધિકારીએ સ્પષ્ટ સંકેતો આપ્યા હોવાથી આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ જોવા મળ્યું હતું તેમ જ ક્રૂડતેલના ભાવમાં પણ વધ્યા મથાળેથી ઘટાડો જોવા મળ્યો હતો. વધુમાં મધ્ય પૂર્વમાં ભૂરાજકીય તણાવની સ્થિતિ જળવાઈ રહી હોવાથી સોના અને ચાંદીમાં સલામતી માટેની માગનો પણ ટેકો મળ્યો હોવાથી આજે ભાવમાં બાઉન્સબૅક જોવા મળ્યું હોવાનું વિશ્લેષક રોસ નોર્મને જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગત ૨૮મી ફેબ્રુઆરીથી અથવા તો અમેરિકા-ઈઝરાયલે સંયુક્તપણે ઈરાન પર હુમલા કર્યા ત્યારથી અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૧૨ ટકા જેટલો ઘટાડો નોંધાઈ ગયો છે. વધુમાં ગઈકાલે અમેરિકી ફેડરલ રિઝર્વે બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે બજારની અપેક્ષાનુસાર વ્યાજદર યથાવત્ રાખ્યા હતા. જોકે, હવે બજાર વર્તુળોની નજર આજે મોડી સાંજે જાહેર થનારા ગત માર્ચ મહિનાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર ડેટા પર સ્થિર થઈ છે.

# વપરાશકારોની માગ અનુસાર ધાતુમાં મિશ્ર વલણ



મુંબઈઃ ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન ખાતે ઔદ્યોગિક ઉત્પાદનમાં વૃદ્ધિ થયાના નિર્દેશો સાથે આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે કોપરના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું, જ્યારે અન્ય ધાતુઓમાં મિશ્ર વલણ રહ્યાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં એકંદરે પાંખાં કામકાજો વચ્ચે સ્ટોકિસ્ટો, ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જેમાં ખાસ કરીને ટીન, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૯, રૂ. ૧૭ અને રૂ. સાત વધી આવ્યા હતા. આ સિવાય એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ અને રૂ. બે વધી આવ્યા હતા. જોકે, આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગ રહેતાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, કોપર સ્ક્રેપ હેવી, કોપર કેબલ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો ઘટાડો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં મુખ્યત્વે નિકલ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી છૂટીછવાઈ માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૯ વધીને રૂ. ૧૮૪૭, રૂ. ૧૭ વધીને રૂ. ૭૮૦ અને રૂ. સાત વધીને રૂ. ૪૮૬૩ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર વાયરબારના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૩૦૮ અને રૂ. બે વધીને રૂ. ૧૩૨૪ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી નિરસ રહેતાં બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૮૪૨ અને રૂ. ૩૭૧, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૧૨૦૯ અને કોપર કેબલ ક્રેપ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૧૨૨૨ અને રૂ. ૩૪૪ના મથાળે રહ્યા હતા.

આ સિવાય આજે કોપર આર્મિચર, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં સાર્વત્રિક સ્તરેથી છૂટીછવાઈ માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૧૮૯, રૂ. ૧૧૧૫ અને રૂ. ૨૦૩ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં સાધારણ સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૩૦થી ૩૭૬૦માં ટકેલા ધોરણે થયાના ઓવરનાઈટ અહેવાલ હતા. જોકે, સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સાધારણ ગુણવત્તાલક્ષી સુધારો આવ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી છૂટીછવાઈ રહી હતી અને રિટેલ સ્તરની માગ એકંદરે જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૭૨થી ૩૯૪૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના સાધારણ ગુણવત્તાલક્ષી સુધારા સાથે રૂ. ૩૯૮૨થી ૪૦૬૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૧૫થી ૩૮૫૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૫થી ૩૯૬૫માં ટકેલા ધોરણે થયા હતા.



### આયાતી તેલમાં ઘટ્યા મથાળેથી બાઉન્સબૅક

# એપ્રિલમાં મલયેશિયાની પામતેલની નિકાસમાં ૧૪.૩૧ ટકાનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં સાધારણ પાંચ રિંગિટનો ઘટાડો આવ્યો હતો, જ્યારે ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૧૯૩ સેન્ટનો ઉછાળો આવ્યો હતો. આમ આજે વૈશ્વિક મિશ્ર અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે છૂટાછવાયાં કામકાજ રહેતાં આયાતી તેલના ભાવમાં બાઉન્સબૅન્ક જોવ મળ્યું હતું, જેમાં ૧૦ કિલોદીઠ સોયા રિફાઈન્ડમાં રૂ. ૨૦ અને આરબીડી પામોલિન તથા સન રિફાઈન્ડમાં રૂ. ૧૦ વધી આવ્યા હતા. આ સિવાય મથકો પરનાં પ્રોત્સાહક અહેવાલે દેશી તેલમાં કપાસિયા રિફાઈન્ડ અને સરસવના ભાવમાં અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ અને રૂ. પાંચ વધી આવ્યા હતા, જ્યારે સિંગતેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

દરમિયાન કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી પ્રાથમિક આંકડાકીય માહિતી અનુસાર ગત એપ્રિલ મહિનામાં મલયેશિયાની પામતેલની નિકાસ આગલા માર્ચ મહિનાના ૧૬,૫૮,૦૨૧ ટન સામે ૧૪.૩૧ ટકા ઘટીને ૧૪,૨૦,૮૧૮ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.

વધુમાં આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ બુંગેના આરબીડી પામોલિનના રૂ. ૧૪૩૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૫, એડબ્લ્યુએલનાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૦૦, ગોકુલ એગ્રોના સન રિફાઈન્ડના રૂ. ૧૬૩૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૭૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૭૦ અને એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૭ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયા હતા. આ સિવાય આજે ગોકુલ એગ્રોની એપ્રિલ કોન્ટ્રાક્ટમાં આરબીડી પામોલિનમાં રૂ. ૧૪૧૫ના ભાવે બાયબેકમાં લેવાલી નીકળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૪૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૪૮૦માં અને રાજકોટ મથકે ૨૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૩૦૦થી ૧૪૭૫માં થયા હતા. તેમ જ આજે ગોંડલ મથકે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૭૫માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૨૫થી ૧૪૩૦માં અને કૉટન રિફાઈન્ડના વેપાર રૂ. ૧૪૭૫થી ૧૪૮૦માં થયા હતા. આ સિવાય આજે રાજકોટ મથકે સ્થાનિક તેમ જ દેશાવરોની માગની માગ અનુસાર મિશ્ર વલણ રહેતાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. પાંચના ઘટાડા સાથે રૂ. ૨૫૦૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ના સુધારા સાથે ૧૫૭૫માં થયા હતા. તેમ જ આજે મધ્ય પ્રદેશનાં મથકો પર ૫૦,૦૦૦ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૯૫૦થી ૬૧૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૬૧૫૦થી ૬૨૭૫માં થયાના અહેવાલ હતા.

આજે હાજરમાં પાંખાં કામકાજો વચ્ચે દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૧૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦, સિંગતેલના રૂ. ૧૬૧૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦ અને સરસવના રૂ. ૧૪૭૫ના મથાળે રહ્યા હતા.

# ભાવનગરમાં ધોરણ-૧૨નાં પરિણામોનો દબદબોઃ સામાન્ય પ્રવાહમાં ૯૫.૯૦% અને વિજ્ઞાન પ્રવાહમાં ૯૨.૬૫% સાથે 'ફીલગુડ' માહોલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૬માં લેવાયેલી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું છે. ભાવનગર જિલ્લાએ બંને પ્રવાહમાં રાજ્યની સરેરાશ કરતા વધુ પરિણામ મેળવીને મેદાન માર્યું છે. વહેલી સવારથી જ ઓનલાઈન પરિણામ જાહેર થતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો, જ્યારે શાળાઓમાં વિજેતા વિદ્યાર્થીઓના મોં મીઠા કરાવી ઉત્સવ જેવો માહોલ સર્જાયો હતો.

સામાન્ય પ્રવાહની વિગતો મુજબ, ભાવનગર જિલ્લાનું કુલ પરિણામ ૯૫.૯૦% જાહેર થયું છે, જે રાજ્યના ૯૨.૯૧% પરિણામ કરતા ઘણું ઊંચું છે. જિલ્લામાં નોંધાયેલા ૧૬,૧૭૧ વિદ્યાર્થીઓ પૈકી ૧૬,૧૨૨ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં ૪૩૪ વિદ્યાર્થીઓએ અ-૧ ગ્રેડ અને ૨૨૫૦ વિદ્યાર્થીઓએ અ-૨ ગ્રેડ મેળવી ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. આ ઉપરાંત ઇ-૧ ગ્રેડમાં ૩૨૭૯ અને ઇ-૨ ગ્રેડમાં ૩૨૫૮ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે.

બીજી તરફ, વિજ્ઞાન પ્રવાહમાં પણ ભાવનગરનું પ્રદર્શન પ્રશંસનીય રહ્યું છે. રાજ્યના ૮૨.૩૩% પરિણામ સામે ભાવનગરનું પરિણામ ૯૨.૬૫% નોંધાયું છે. વિજ્ઞાન પ્રવાહમાં કુલ ૬૦૧૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૬૪ વિદ્યાર્થીઓએ અ-૧ ગ્રેડ અને ૭૯૮ વિદ્યાર્થીઓએ અ-૨ ગ્રેડ હાંસલ કર્યો છે. પરિણામ જાહેર થતા જ શહેરની વિવિધ શાળાઓમાં વિદ્યાર્થીઓ ઉમટી પડ્યા હતા અને શિક્ષકો સાથે આ જીતની ઉજવણી કરી હતી.

શિક્ષણ બોર્ડ દ્વારા પરિણામ વેબસાઈટ પર મૂકવાની સાથે જ વિદ્યાર્થીઓએ મોબાઈલ અને કોમ્પ્યુટર મારફતે રિઝલ્ટ જોઈ લીધું હતું. શાળાઓ દ્વારા પણ પરિણામ ડાઉનલોડ કરી જોવાની વ્યવસ્થાઓ કરવામાં આવી હતી. શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાતોના મતે, વિદ્યાર્થીઓની મહેનત અને શાળાઓના માર્ગદર્શનને કારણે આ વર્ષે 'ફીલગુડ' પરિણામ જોવા મળ્યું છે. સફળ થયેલા તમામ વિદ્યાર્થીઓને શાળા સંચાલકો અને શિક્ષકોએ ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. ■




દેશના ત્રણ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય થતા રાજકોટ શહેરમાં પાર્ટીના કાર્યકરો દ્વારા કિસાન પરા ચોકમાં ફટાકડા ફોડી જીતની ઉજવણી કરી હતી... (તસ્વીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# કચ્છ યુનિવર્સિટી દ્વારા અંતરિયાળ વિસ્તારોમાં વધુ ચાર નવા એક્સટેન્શન સેન્ટર શરૂ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છ જિલ્લાના છેવાડાના વિસ્તારો સુધી ઉચ્ચ શિક્ષણનો વ્યાપ વધારવાના ઉમદા ઉદ્દેશ્ય સાથે કચ્છ યુનિવર્સિટી દ્વારા આગામી શૈક્ષણિક સત્રથી ચાર નવા એક્સટેન્શન સેન્ટરો સ્થાપવાની મહત્ત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરાંત, દીનદયાળ પોર્ટ ઑથોરિટીના સહયોગથી યુનિવર્સિટી કેમ્પસમાં દેશનું અનોખું 'સાયન્સ ઇન્ક્યુબેશન સેન્ટર' પણ કાર્યરત કરવામાં આવશે.

રાજ્યના શિક્ષણપ્રધાન ત્રિકમભાઇ છાંગા અને સ્થાનિક ધારાસભ્યોના માર્ગદર્શન હેઠળ ધોરડો, કોટડા-ચકાર, લુણી અને લોડાઇ ખાતે આ સેન્ટરો શરૂ કરવામાં આવશે. અહીં ખાસ કરીને કૌશલ્ય આધારિત અને વોકેશનલ અભ્યાસક્રમો પર ભાર મૂકવામાં આવશે. દીનદયાળ પોર્ટ ઓથોરિટીએ આ કેન્દ્રો માટે જરૂરી અનુદાન આપવાની ખાતરી આપી છે, જે માટે ટૂંક સમયમાં જ એમઓયુ સાઇન કરવામાં આવશે.

કચ્છ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. મોહનભાઇ પટેલે જણાવ્યું હતું કે, ભૌગોલિક પડકારોને કારણે અંતરિયાળ વિસ્તારના અનેક તેજસ્વી છાત્રોને ઉચ્ચ અભ્યાસ છોડી દેવા મજબૂર બનવું પડતું હતું. આ કેન્દ્રો શરૂ થવાથી જિલ્લાનો ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો સુધરશે. અગાઉ પાનધ્રો, ગઢશીશા, આડેસર, ખાવડા અને ધોળાવીરામાં શરૂ કરાયેલા ૫ સેન્ટરોમાં હાલ ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, જેમાં ૭૦ ટકાથી વધુ દીકરીઓ છે.

એક્સટેન્શન સેન્ટરોના સફળ મૉડેલને પગલે સરકાર દ્વારા રૂ. ૯૪ લાખનું વિશેષ અનુદાન ફાળવવામાં આવ્યું છે. શિક્ષણપ્રધાન અને ધારાસભ્ય અનિરુદ્ધભાઇ દવેના પ્રયાસોથી ગઢશીશા સેન્ટર ખાતે નવી સરકારી આર્ટસ અને કોમર્સ કૉલેજને મંજૂરી મળી છે.આ પ્રકલ્પમાં અદાણી ફાઉન્ડેશન, એગ્રોસેલ, સુમિટોમો કેમિકલ અને પીજીવીસીએલ જેવી સંસ્થાઓ આર્થિક અને માળખાગત સુવિધાઓમાં સહયોગ આપી રહી છે.

અત્રે એ નોંધનીય છે કે, આ શૈક્ષણિક મોડેલને કારણે જ કચ્છ યુનિવર્સિટીને ૨૧ વર્ષ બાદ નેક માન્યતા મેળવવામાં મોટી સફળતા સાંપડી છે. ■

# ભાવનગરના બુઢણા ગામે જુગારધામ પર પોલીસ ત્રાટકી, ₹ ૨.૨૭ લાખની મતા સાથે છ શખ્સોને ઝડપ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના બુઢણા એલસીબી પોલીસની ટીમે બાતમીના આધારે જુગારધામ પર રેઇડ કરી છ જુગારીઓને ઝડપી પાડ્યા હતા, જ્યારે અન્ય સાત શખ્સો પોલીસને જોઈ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

મળતી વિગત મુજબ ભાવનગર પોલીસની ટીમે સિહોર પંથકમાં પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન બાતમી મળી હતી કે, બુઢણા ગામની ખરાબાની 'નવાણ' તરીકે ઓળખાતી જગ્યાએ પતરાના ઢાળિયામાં લાઈટની સુવિધા કરી કેટલાક શખ્સો હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. પોલીસે આ સ્થળે ઓચિંતો દરોડો પાડતા જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી.



(તસ્વીર- વિપુલ હિરાણી, ભાવનગર)

પોલીસે ઘટનાસ્થળેથી મોહિત ઘનશ્યામભાઇ કાંજાની, અજય ગંગારામ રૂપેજા, પંકજ ઉદાભાઇ પરમાર, યુનુસ ઉર્ફે મુંગો મુસાભાઇ લાખાણી, પ્રકાશ કાનજીભાઇ ખેરાળા અને સતાર કાસમભાઇ મહેતર (તમામ રહે. પાલિતાણા) ને ગંજીપત્તા રમતા ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રૂ. ૨૭,૨૦૦/- ની રોકડ અને ચાર મોટર સાઇકલ (કિંમત રૂ. ૧,૦૦,૦૦૦/-) મળી કુલ રૂ. ૧,૨૭,૨૦૦/- નો મુદ્દામાલ કબજે કર્યો છે.

રેઇડ દરમિયાન અંધારાનો લાભ લઈ તુષાર માળી, બાવલો કોળી, હનીફ લાખાણી, પ્રકાશ ઉર્ફે જીવલી મકવાણા, હારૂન સોલંકી, કનુભાઇ કોળી અને અનવરખાન બલોચ ફરાર થઈ ગયા હતા. પોલીસે તમામ ૧૩ આરોપીઓ વિરુદ્ધ સિહોર પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા હેઠળ ગુનો નોંધી ફરાર શખ્સોને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. ■

# ભાવનગરમાં વરલી મટકાનો જુગાર રમતા પાંચ શખસ ₹ ૧૭૧૯૦ની રોકડ સાથે ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના કુંભારવાડા વિસ્તારમાં જાહેર શૌચાલય પાછળ ધમધમતા વરલી-મટકાના જુગારધામ પર લોકલ ક્રાઇમ બ્રાન્ચે ત્રાટકી પાંચ ઈસમોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી, આ દરમિયાન બાતમી મળી હતી કે કુંભારવાડા, પીપર ચોક પાસે આવેલા રિક્ષા સ્ટેન્ડના જાહેર શૌચાલય પાછળ અમુક શખ્સો વરલી-મટકાના આંકડા લખી પૈસાની હાર-જીતનો જુગાર રમી રહ્યા છે.

પોલીસ ટીમે બાતમીવાળા સ્થળે ઓચિંતો દરોડો પાડતા જુગાર રમતા પાંચ શખ્સો - ઇમ્તિયાજ યુનુસભાઇ ગોરી, મહેબુબ ઉર્ફે કાળુ કુરેશી, જાફર ઇબ્રાહીમભાઇ મલેક, ઇકબાલ રહિમભાઇ કુરેશી અને જાહિદ જમાલભાઇ મકવાણાની અટકાયત કરી હતી. ઝડપાયેલા આરોપીઓ પાસેથી રૂ. ૧૭,૧૯૦/- ની રોકડ તેમજ વરલી-મટકાના આંકડા લખેલી ૯ ચિઠ્ઠીઓ અને બોલપેન મળી કુલ રૂ. ૧૭,૧૯૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.આ દરોડા દરમિયાન સિકંદર અવેશભાઇ કટીયા નામનો શખ્સ પોલીસના હાથે લાગ્યો નહોતો, જેને પકડવા માટે તજવીજ શરૂ કરવામાં આવી છે. તમામ આરોપીઓ વિરુદ્ધ બોરતળાવ પોલીસ સ્ટેશનમાં જુગાર પ્રતિબંધક ધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. ■

# જૂનાગઢ જિલ્લાના આણંદપુર ડેમમાં ન્હાવા પડેલો યુવક ડૂબ્યો, મોતની આશંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લાના આણંદપુર ડેમમાં યુવકનું અચાનક પગ લપસી જતાં ઊંડા પાણીમાં ડૂબી ગયા હતા. આ હૃદયદ્રાવક ઘટનાથી સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગયો હતો.

મળતી વિગત મુજબ, ડુંગરપુર ગામનો એક પરિવાર પોતાની કાર લઈને ડેમ પર ફરવા અને કપડાં ધોવા માટે ગયો હતો. પરિવારની મહિલાઓ જ્યારે કાંઠે કપડાં ધોઈ રહી હતી, ત્યારે પુરુષ સભ્યો નહાવા માટે પાણીમાં ઊતર્યા હતા. આ દરમિયાન ૪૨ વર્ષીય મહેશભાઈ ધોરીયાનો અચાનક પગ લપસી જતાં તેઓ ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. પરિવારની નજર સામે જ મહેશભાઈ ગુમ થતાં સ્થળ પર દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ આસપાસના ગ્રામજનો અને સ્થાનિક તરવૈયાઓ મદદે દોડી આવ્યા હતા. તાત્કાલિક ફાયર વિભાગ અને સરકારી તંત્રને જાણ કરવામાં આવતા જૂનાગઢ ફાયર વિભાગની ટીમ અત્યાધુનિક સાધનો સાથે ઘટનાસ્થળે પહોંચી હતી. હાલ ફાયર બ્રિગેડ દ્વારા મહેશભાઈને શોધવા માટે ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે. તલાટી અને ગ્રામ પંચાયત દ્વારા આ અંગેનો પ્રાથમિક અહેવાલ મામલતદાર અને તાલુકા વિકાસ અધિકારીને સોંપવામાં આવ્યો છે. ■

# કચ્છમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના હોદ્દેદારો માટે આજથી 'સેન્સ' પ્રક્રિયાનો પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગુજરાત રાજ્ય સહિત કચ્છ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સંપન્ન થયા બાદ હવે વિવિધ સંસ્થાઓમાં નવા હોદ્દેદારોની વરણી માટેની રાજકીય કવાયત તેજ બની છે. કચ્છમાં મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતો અને નગરપાલિકાઓમાં ભારતીય જનતા પાર્ટીએ ભવ્ય વિજય મેળવી સત્તા હાંસલ કરી છે, ત્યારે હવે મેયર, પ્રમુખ અને અન્ય મહત્ત્વના પદો પર કોને બેસાડવા તે માટે ભાજપ દ્વારા મનોમંથન શરૂ કરવામાં આવ્યું હતું.

આ પ્રક્રિયાના ભાગરૂપે આજે સોમવારે ભુજ સ્થિત ભાજપ કાર્યાલય 'કચ્છ કમલમ' ખાતે પ્રદેશ કક્ષાના નિરીક્ષકોની વિશેષ ઉપસ્થિતિમાં 'સેન્સ' લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. સવારે ૯ વાગ્યાથી શરૂ થનારી આ પ્રક્રિયા સાંજ સુધી ચાલશે, જેમાં પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, દંડક અને શાસક પક્ષના નેતા જેવા પદો માટે ઈચ્છુક ઉમેદવારો નિરીક્ષકો સમક્ષ પોતાનો દાવો રજૂ કરશે.

પક્ષના સૂત્રોના જણાવ્યા અનુસાર, સેન્સ પ્રક્રિયાનો પ્રારંભ સૌપ્રથમ તાલુકા પંચાયતોથી કરવામાં આવશે. ત્યારબાદ ક્રમશઃ નગરપાલિકા, મહાનગરપાલિકા અને અંતે જિલ્લા પંચાયતના હોદ્દેદારો માટેના મંતવ્યો લેવામાં આવશે. પ્રદેશ નિરીક્ષકો તમામ દાવેદારોને વ્યક્તિગત રીતે સાંભળ્યા બાદ જિલ્લાના વરિષ્ઠ આગેવાનો, સાંસદ અને ધારાસભ્યો સાથે પરામર્શ કરશે. આ ચર્ચાના અંતે દરેક પદ માટે ત્રણ નામોની પેનલ તૈયાર કરવામાં આવશે, જે આખરી નિર્ણય માટે પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ સમક્ષ મોકલવામાં આવશે.

સરકાર દ્વારા અગાઉ જ પ્રમુખ પદ માટેના જ્ઞાતિવાર અને અનામતના રોટેશન જારી કરી દેવામાં આવ્યા છે. આ રોટેશન મુજબ લાયક ઉમેદવારો અત્યારથી જ પોતપોતાની ગોઠવણ અને લોબિંગમાં વ્યસ્ત જોવા મળી રહ્યા છે. આ બેઠક દરમિયાન સાંસદ, ધારાસભ્યો, સંગઠનના હોદ્દેદારો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ પણ ખાસ ઉપસ્થિત રહેશે.

લાંબા સમય બાદ ફરી એકવાર જિલ્લાના રાજકીય માહોલમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. નવા હોદ્દેદારોની વરણીને લઈને કાર્યકરો અને દાવેદારોમાં ભારે ઉત્સુકતા પ્રવર્તી રહી છે, ત્યારે કોના શિરે સત્તાનું સિંહાસન આવશે તે જોવું રસપ્રદ રહેશે. ■

# ભુજમાં સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ આચરનાર શખસ સહિત માતા-પિતા વિરુદ્ધ ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શહેરમાં એક ૧૪ વર્ષીય સગીરા પર દુષ્કર્મ ગુજારવાની ઘટના બહાર આવી હતી, જેમાં પોલીસે મુખ્ય આરોપી અને તેને દુષ્કૃત્યમાં સાથ આપનાર તેના માતા-પિતા સહિત કુલ ત્રણ વ્યક્તિઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ મથકે નોંધાયેલી વિગતો અનુસાર, મુંદરામાં રહેતા મુખ્ય આરોપી કિશન કેશાએ ભુજની ૧૪ વર્ષીય સગીરાને લગ્નની લાલચ આપી ફોસલાવી હતી. આરોપી ગત રોજ સગીરાને તેના વાલીપણામાંથી અપહરણ કરી મોટરસાયકલ પર બેસાડી પોતાના ઘરે લઈ ગયો હતો. જ્યાં તેણે સગીરાની મરજી વિરુદ્ધ બે વખત બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધી દુષ્કર્મ ગુજાર્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

આ ગુનામાં ચોંકાવનારી બાબત એ છે કે, આરોપી કિશનના માતા અને પિતા પણ પોતાના પુત્રના આ કૃત્યમાં મદદગારી કરી તેને સાથ આપ્યો હતો. એટલું જ નહીં, આરોપીઓએ આ ઘટના અંગે કોઈને જાણ ન કરવા માટે સગીરા અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.સમગ્ર મામલે ભુજ એ-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીઓ વિરુદ્ધ અપહરણ, દુષ્કર્મ, ધાક-ધમકી તેમજ પોક્સો એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો હતો. પોલીસે આ ઘટનાને ગંભીરતાથી લઈ આરોપીઓની અટકાયત કરવા અને આગળની તપાસ માટે ચક્રો ગતિમાન કર્યા છે. ■

# ભુજમાં ખાનગી એજન્સીના સંચાલકના ઘરે ડુપ્લિકેટ ચાવીથી ₹ ૯ લાખની ચોરી, એકાઉન્ટન્ટ સામે ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ શહેરના કોડકી રોડ પર આવેલી ઓધવરામ સોસાયટીમાં રહેતા અને સિક્યુરિટી એજન્સી ચલાવતા સંચાલકના વિશ્વાસુ એકાઉન્ટન્ટે જ ઘર અને લોકરની ડુપ્કિટ ચાવી બનાવી નવ લાખ રૂપિયાની રોકડ રકમની તફડંચી કરી હોવાની ફરિયાદ ભુજ એ-ડિવિઝન પોલીસમથકે નોંધાઈ હતી.

ફરિયાદી બબલુકુમાર કિશનપ્રસાદ શાહ 'શ્રી નરનારાયણ સિક્યોરિટી એજન્સી' ચલાવે છે, જેમાં ૩૫ જેટલા સુરક્ષાકર્મીઓ કાર્યરત છે. તેમની ઓફિસમાં એકાઉન્ટન્ટ તરીકે બિહારનો દીપકકુમાર અશોકકુમાર યાદવ કામ કરતો હતો. એકાઉન્ટન્ટ હોવાને નાતે દીપક વારંવાર બબલુકુમારના ઘરે આવ-જા કરતો હતો, જેનો ગેરલાભ ઉઠાવી તેણે ઘર અને તિજોરીના લોકરની ડુપ્લિકેટ ચાવીઓ બનાવી લીધી હતી.ગત તારીખ ૧૦/૧૨/૨૦૨૫ના રોજ સિક્યુરિટી ગાર્ડ્સને પગાર ચૂકવવાનો હોવાથી, ફરિયાદીએ ૯મી. ડિસેમ્બરના રોજ પોતાની તિજોરી તપાસી હતી. લોકર ખોલતા જ અંદર રાખેલા રૂ. ૯,૦૦,૦૦૦ ગુમ હોવાનું જણાતા તેઓ ચોંકી ઊઠ્યા હતા. બીજી તરફ, આરોપી દીપકે અગાઉથી ૯મી તારીખની ટ્રેન ટિકિટ બૂક કરાવી હોવા છતાં, તે ટિકિટ રદ કરાવી વહેલો જ વતન બિહાર નાસી છૂટ્યો હતો.

તપાસ દરમિયાન ફરિયાદીને તેમના એક મિત્ર પાસેથી જાણવા મળ્યું હતું કે, દીપકે એક 'સરદારજી' પાસે તેમના ઘર અને ઑફિસની ડુપ્લિકેટ ચાવીઓ બનાવડાવી હતી. વતન જતી વખતે દીપક પાસે લાખોની રોકડ રકમ પણ જોવામાં આવી હતી.

ફરિયાદીએ આરોપીના પિતાનો સંપર્ક કરતા તેઓએ નાણાં પરત કરી દેવાની ખાતરી આપી હતી. જોકે, લાંબા સમય સુધી નાણાં પરત ન મળતા અને કોઈ હકારાત્મક પ્રતિસાદ ન જણાતા, આખરે આજે એ-ડિવિઝન પોલીસ મથકે વિધિવત્ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. પોલીસે આ મામલે ચોરીનો ગુનો નોંધી આરોપીની અટકાયત કરવા ચક્રો ગતિમાન કર્યા છે. ■

# મોરબીના લાલપર પાસે મરઘા ભરેલા વાહન અને કાર વચ્ચે ભીષણ અકસ્માતઃ અનેક મરઘાનાં મોત

અમદાવાદઃ મોરબીના લાલપર પાસે મરઘા ભરેલા વાહન અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જો કે આ ટક્કરથી કોઈ મોટી જાનહાનિ સર્જાઈ ન હતી, પરંતુ વાહનમાં લઈ જવામાં આવેલા અનેક મરઘાનાં મોત થયા હતા. લાલપર નજીક હાઇવે ઉપર રવિવારે રાત્રીના કાર અને મરઘા ભરેલી મીની ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં એક વ્યક્તિને ઈજા પહોંચી હતી, જ્યારે અકસ્માતને કારણે વાહનમાં રહેલા અનેક મરઘાના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જેથી મરઘા માલિકને મોટું આર્થિક નુકસાન થયું હતું. ■

# અબડાસાના મોટી સિંધોડીની યુવતીનું ઝેરી દવા પી લેતા મોત; નારાણપર પાસે અકસ્માતમાં આધેડનો જીવનદીપ બુઝાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના અબડાસા તાલુકાના મોટી સિંધોડી ગામે રહેતી ૧૭ વર્ષીય યુવતી હંસા ઉર્ફે હાસબાઈ વિરમભાઈ કોળીએ કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા તેનું કરુણ મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ, હંસાના માતા-પિતાનું વર્ષો પૂર્વે અવસાન થયું હોવાથી તે દાદા-દાદી સાથે રહેતી હતી. ગત તા. ૩૦/૪ના રોજ તેણે પોતાના ઘરે ઝેર ગટગટાવ્યું હતું. પ્રથમ નલિયા અને ત્યારબાદ ભુજની જી.કે. જનરલ હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલી આ યુવતીએ આજે સવારે સારવાર દરમિયાન હૉસ્પિટલના બિછાને અંતિમ શ્વાસ લીધા હતા. જખૌ મરિન પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

બીજી તરફ, ભુજ તાલુકાના નારાણપર ગામે રહેતા ૪૯ વર્ષીય તરુણકુમાર કાશીરામ સેવકનું માર્ગ અકસ્માતમાં મોત નીપજતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. સવારે ૧૧ વાગ્યાના અરસામાં તરુણકુમાર પોતાની એક્ટિવા પર સવાર થઈ મંદિરેથી પરત ઘરે જઈ રહ્યા હતા, ત્યારે નારાણપર-કેરા વચ્ચેના માર્ગ પર સામેથી ચડી આવેલા ટ્રેઇલરના ચાલકે ઓવરટેક કરવા જતાં એક્ટિવાને સાઈડમાંથી ટક્કર મારી હતી જેના પગલે તરુણકુમાર રોડ પર ફંગોળાયા હતા અને તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તાત્કાલિક સારવાર અર્થે ભુજ ખસેડવામાં આવતા ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતકના બહેન કલ્પનાબેન આચાર્યે આ અંગે પોલીસમાં વિગતો નોંધાવી હતી, જેના આધારે માનકૂવા પોલીસે વધુ તપાસ આરંભી છે. ■

# નાના રતાડિયાઃ બકરીનો શિકાર કરવા જતાં દીપડો પાંજરે પુરાયો, ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના નાના રતાડિયા સ્થિત પ્રાચીન અને પ્રસિદ્ધ યાત્રાધામ શ્રીપીઠ આશાપુરા માતાજી મંદિર વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ફેલાયેલા દીપડાના ભયનો આખરે અંત આવ્યો છે. સેવકગણોની અનોખી કોઠાસૂઝને કારણે હિંસક દીપડો શનિવારની રાત્રે પાંજરે પુરાયો હતો. મંદિરની આસપાસના વિસ્તારમાં દીપડાનો ભારે ત્રાસ હતો અને તે અનેક નાના-મોટા પશુઓનું મારણ કરી ચૂક્યો હતો, જેના કારણે દર્શનાર્થીઓ અને સ્થાનિકોમાં ભય ફેલાયો હતો.

હિંસક દીપડાને પકડવા માટે મંદિરના સેવકોએ વન વિભાગના સહયોગથી પાંજરું ગોઠવ્યું હતું. દીપડાને લલચાવવા માટે પાંજરામાં બકરી રાખવામાં આવી હતી. જોકે, સેવકોએ એવી તકનિકી ગોઠવણ કરી હતી કે દીપડો પાંજરામાં જેવો પ્રવેશે કે તરત જ દરવાજો બંધ થઈ જાય અને બકરીને કોઈ ઈજા ન પહોંચે. શનિવારે મોડી રાત્રે બકરીના શિકારની લાલચમાં દીપડો પાંજરામાં પ્રવેશતા જ કેદ થઈ ગયો હતો. આ યુક્તિ એટલી સફળ રહી હતી કે હિંસક દીપડો પકડાઈ ગયો અને મારણ તરીકે રાખેલી બકરીનો પણ આબાદ બચાવ થયો હતો. રવિવારે સવારે આ અંગે માંડવી વન વિભાગને જાણ કરવામાં આવતા વનકર્મીઓએ સ્થળ પર પહોંચી દીપડાનો કબજો મેળવ્યો હતો અને તેને સુરક્ષિત રીતે જંગલ વિસ્તારમાં ખસેડવાની તજવીજ હાથ ધરી હતી.

આ સફળ કામગીરી મેઘરાજભાઇ સંગાર, ઓમદેવસિંહ જાડેજા અને અન્ય સેવકો દ્વારા સુપેરે પાર પાડવામાં આવી હતી. મંદિરના વર્તમાન મહંત મહામંડલેશ્વર કલ્યાણનંદગિરિજી મહારાજે સેવકોની આ કોઠાસૂઝ અને હિંમતભરી કામગીરીને આશીર્વાદ પાઠવી બિરદાવી હતી. દીપડો પકડાતા આ શ્રદ્ધાધામના દર્શનાર્થીઓ અને આસપાસના રહીશો ભયમુક્ત બન્યા છે. ■